મુંબઈની શેઠાણી



ફિરોઝ ગાંધી

મુંબાઇની શેઠાણી

યાને

સુધરેલી સુંદરી

અથવા

બૈરી કે બલા.

ભાગ ૧ થી [illegible] સંપૂર્ણ વાર્તા

લેખક:—શ્રીયુત [illegible] તારામ ભગવાનદાસ

પાસેથી સર્વ હક ખરીદ કરી

છપાવી પ્રસીદ્ધ કરનાર

બુકસેલર જદુલાલ નારણદાસ

ઠે. સ્વામીનારાયણના મંદીર પાસે—નડીઆદ.

આવૃત્તિ ૬ પ્રત ૨૦૦૦ સંવત ૧૯૮૭

કીંમત દસ આના.

"વાસુદેવ" પ્રીન્ટીંગ પ્રેસમાં ઇશ્વરલાલ મોતીલાલે

છાપી, પાનકોરના નાકે—અમદાવાદ.

ગુજરાતી કૉપીરાઈટ સંગ્રહ
વશીકરણના ખજાના—

રાગ—(નહી ચીજ કોઇ ગળી ગરજ સમ નહી ચીજ કોઇ ગળી)

વશીકરણ રહ્યું છે વશી વનીતામાં વશીકરણ રહ્યું છે વસી
તનુજા મહીં બ્રહ્મા પણ ભુલ્યા ગૌતમ પત્નિમાં ઇંદ્ર
મછગંધાને મોહ્યા પરાશર જાત જોઇ ના કસી—વનીતામાં.
ભાનુની પાસે નીજ માન મુકીને બળીઆ પણ પડતા ઢળી
વિશ્વામીત્ર જપ તપ મુકીને રહ્યા મેનકામાં ફસી—વનીતામાં.
પ્રેમ પીંજરે પુરૂષ પુરાયે મુગ્ધા મોહની ખાણ
કૌરવ કીચક રાવણ પેઠા મૃત્યુ મુખમાં ધસી—વનીતામાં.
ભસ્મ કરવાને ભસ્માસુર મોહીની બન્યા ભગવાન
ઇતિહાસ જુઓ પુરાણ જુઓ પણ નારી થકી ઘમસાણ
શંભુ સરીખા પણ તપ ચુકયા નારી જાળમાં ફસી—વનીતામાં.

સોમલને સાકર જુઓ બેઉ શ્વેત જણાય
એકથી પ્રાણજ નીકળે બીજે ઠંડક થાય
રૂપ અને ગુણ બે મળે સાકર સરખો સ્વાદ
ગુણ વગરનું રૂપ તે સોમલ સમ બરબાદ

પરણેલાની પીડા

યાને

શેઠ નથુશાની કર્મકથા

રાગ—(ઝેર ગયાંને વેર ગયાં વળી કાળા કેર ગયા કરનાર)

નથુશા—હતો કુંવારો આજ લગી હું પરણ્યાનું દીલ થાતું તું
પરણેલાને નજરે જોતાં હઈડું તો હરખાતુ તું
ઘર દુકાનો વેચી દઈને રૂપીઆ સૌ ભેળા કીધા
લાડીજીને હોંશે મળવા થોડા કંઇ કરજે લીધા
દલાલ ડાહ્યો બોલાવીને શીખામણ તેને આપી
પાંચ સુધી પરવા નવ કરશો પારખજો ભાઈ ચીત રાખી
ગમાર ગામડીઅણ ના જોશો સુધરેલી શહેરી જોજો
બને નહી તો સાત ખરચજો ભલે પડે મમ શીર બોજો
સારૂં કહી સીધાવ્યા બ્રોકર બે મહીને પાછા આવ્યા
આશન આપી ઝટ પુછયું કહોજી શું છો કરી આવ્યા
બડાઇ બહોળી કરતા બોલ્યા શેઠ પુછો છો શું એમાં
ડાહ્યાભાઈ જે કામ લીયે છે પડે નહિ પાછો તેમાં

હજાર સાડા છ આપીને સાટું સૌ નક્કી કીધું
સસરાજીએ સ્નેહ થકી ભાઈ લગ્ન સાતમનું કીધું
કન્યા પુતળી કાચ તણી છે રૂપ મનોહર છે એનું
મેટ્રીકમાં પણ પાસ થઈ છે કાન્તા નામ ધર્યું તેનું
કદર કરજો કામ તણી ને મહેનતનો બદલો દેજો
કહું છું તેમાં કસુર પડે તો પાઈ દલાલી ના દેજો
વધામણીમાં વીંટી આપી થેંક્યું કહી ભથ્થુ આપ્યું
ભલું થજો ભાઈ આપતણું જે આજે મારૂં દુઃખ કાપ્યું
જમવા વેળા હવે થઈ છે ભલે પધારો સ્વસ્થાને
આમંત્રણ આપું છું ભાઇ પધારજો મારી જાને

(લગ્ન પછી)

બઈરી પરણ્યા શુભ લગનથી કોડ કર્યા સર્વે પુરા
સુખ સઘળું હોળીમાં હોમ્યું ઇજ્જતના કીધા ચુરા
પ્રથમ આણે શાણી રાણી લાજ મહી લચકાતાંતાં
સાથે ફરવાનું હું કહેતો ઈજ્જતમાં અચકાતાંતાં
વચનો વદતાં ધીરે ધીરે બોલી લાગે બહુ સારી
મેં જાણ્યું જે કામ થયું છે સદગુણી પામ્યો નારી

પછી પધાર્યાં બીજે આણે ફ્લોટ સહુ બદલાયો છે
બકરી જેને હું ગણુતો તે વાઘ થઇને આવ્યાં છે

બે ત્રણુ દીવસ થયા એટલે મકાનમાં ખામી કાઢી
આ ઘરમાં હું નહિ રહેવાની કહીને રીસાયાં લાડી

હુકમને મેં માનજ આપ્યું ઘર બીજું ભાડે લીધું
દાગીના માટે વહાલીએ આમંત્રણુ બીજું દીધું

નોટીસ મળતાં હું ગભરાયો તોપણુ હીંમત મેં રાખી
શું શું જોઇએ શ્યાણી શ્યામા મુખેથી દયોને ભાખી

ઝાંઝર જોડી મારે જોઇએ એરીંગની જોડી લાવો
લોકેટ ગીનીના સોનાનું લઇ વા'લા વેલા આવો

બંગડીઓની જોડી લાવો સાચા મોતીની સ્વામી
સાડી કસબી લાવો જેવી પહેરે છે મારી મામી

તુર્ત તડાકો મેં તો કીધો પાઇ નથી પાસે મારી
સઘળું વેચ્યું દેવું કીધું ત્યારે પરણ્યો છું નારી

સુણુતાં વાલી વીલાં પડીયાં તરત તડુકો તો કીધો
પરણી તમને તેમાં કહોને મેં શું કાંઈ ગુન્હો કીધો

મેં માગ્યું તે મારે જોઇએ તેમાં કંઇએ નહિ ચાલે
થઈ ભીખારી કેરી નારી તે તો આ હઇડે સાલે

ઘાટી વીણુ ઘડીએ નહિ ચાલે મનમાં લેજો વિચારી
રસોઇ હાથે રાંધુ છું તે માટે સમજો છું સારી
સૃષ્ટી આખી સુધરી તોયે આપ રહ્યા હમ્બગ જેવા
હાળ થઈ માટે સીધાવો આદુ ને મરચાં લેવા
ઘાટી માફક ગણુવા લાગી ઓડરથી અકળાવે છે
નવા નવા ખુટા ઉઠાવી આંતરડી કકળાવે છે
તુર્ત રોકડો જવાબ દે છે કદી જરા હું ગુસ્સે થાઉં
વેરીસોરી ઓ માય હસ્બંડ આઇએમ ગોઇંગડિયરનાઉ
ગયો જમાનો જુનો ચાલી ફેશનમાં વ્હાલા મહાલો
દાગીના જુના વેચી દઈ નાટક જોવાને ચાલો
ટેલીફોનથી ટીકીટ કરાવો ફર્સ્ટક્લાસ રીઝવર્ડ વ્હાલા
અપટુડેટ બનીને ચાલો વીચાર શા કરવા ઠાલા

શેઠનો પશ્ચાતાપ

રાગ–ગઝલ.

સુધારાની મઝા ન્યારો જમાનો જાય છે સારો
જુઓને આ દશા યારો અમારી આમ બાબત છે
જુઓ મુંબઈ તણી નારી બતાવે ડોળ તે ભારી
ફરે થઇ રાયની રાણી અમારી આમ બાબત છે

હવી અમ દેશની અંદર મહારી પ્રેમદા પ્યારી
અમે અમ પાસ બોલાવી અમારી આમ બાબત છે
કરૂ કોઈ જાતનો ઓડર નથી તે ધ્યાનમાં લેતી
ફરે તે થઈને મદમાતી અમારી આમ બાબત છે
બધાંએ ઘરતણાં કામો અમો અમ હસ્તથી કરતા
દુઃખી છે જીંદગી મારી અમારી આમ બાબત છે
ભરૂ મમ હસ્તથી પાણી પછીથી ઉઠતી રાણી
ચલાવે હુકમો શાણી અમારી આમ બાબત છે
કરી દાતણ પછી ઘરમાં પદમણી પાટલે બેસે
પછીથી ચાહ તે માગે અમારી આમ બાબત છે
ઘરે વાસણ બધાં માંજુ રસોઈ હાથથી રાંધુ
કરે ભોજન પછી પત્ની અમારી આમ બાબત છે
કરી પત્ની તણી સેવા હશે તો નોકરી જાઉ
પુરા પરતંત્ર ત્યાં થાવું અમારી આમ બાબત છે
બધા આ કષ્ટને લીધે દુઃખી આ જીંદગી થાતી
ભલે મરવું અરે એથી અમારી આમ બાબત છે
મઝા મુંબઈ તણી જોતાં મુરખ ફેશન મહી ફસતા
પછી પસ્તાઇને રડતા અમારી આમ બાબત છે
પગાર પચીસ તો આવે પ્રિયા પાંત્રીસ ખરચાવે
દયા દીલમાં નહિ લાવે અમારી આમ બાબત છે

બતાવે ક્રમ ઘણો નારી ચલાવે હુકમો ભારી
ફરે નીત બાગમાં રાણી અમારી આમ બાબત છે
ઘરેણાં અવનવાં માગે વખત પર હાહકાં ભાગે
કહે શું કામ પરણ્યાતા અમારી આમ બાબત છે
દરદ નીત્યે નવું થાયે રહું હું ઘેર જ્યાં સુધી
કરે ઠણુકા ખરા ખોટા અમારી આમ બાબત છે
પથારીમાં પડી રહેતી મીઠાઇ મોજથી ખાતી
દુઃખી મમ જીંદગી થાતી અમારી આમ બાબત છે
ભરૂ નીત્ય બીલ વઇદોનાં છતાં સાજી નથી થાતી
ચલાવે ઢોંગ બહુ ખોટા અમારી આમ બાબત છે
ખરીદી હાથથી કરતી લખાવી નામ પર મારા
કહો બીલ ક્યાં થકી ભરવું અમારી આમ બાબત છે
મંગાવે અવનવી ચીજો અમારે લાવવી ક્યાંથી
નથી પેદાશ કંઈ જોતી અમારી આમ બાબત છે
પથારી પ્રેમથી કરવી પ્રીયાની હાજરી ભરવી
નથી નવરાશ પણ પળની અમારી આમ બાબત છે
ગુમાવી દેશની મુડી અહીં પરદેશમાં આવી
છતાં ખુશ ના થઇ નારી અમારી આમ બાબત છે
હતી અમ દેશની અંદર બધાંએ કામ ત્યાં કરતી
નથી અહીં કોઈથી ડરતી અમારી આમ બાબત છે

કદી મમ સાથ જો આવે બજારે માલ લેવાને
ગણે નોકર અગર ઘાટી ઇજ્જતની આમ હાલત છે
વખત વીચારીને રંડા કરે દર્શનનું બાનું
સીધાવે યારના ઘરમાં અમારી આમ બાબત છે
યારોથી તે લઈ નાણું લુંટાવે માલ યૌવનનો
ભરે પાછાં ઘરે પગલાં અમારી આમ બાબત છે
હમેશાં આટલી મોડી કહે તું ક્યાંથી આવે છે
ગયા છે બાર જો વાગી અમારી આમ બાબત છે
થયાં દર્શન બહુ મોડાં ભર્યાંતાં ફુલ હિંડોળે
જામીતી મેદની ઝાઝી અમારી આમ બાબત છે
સખી એક મંદીરે આવી મને ગઈ સંગ બોલાવી
તજો કચકચ તમે ખાલી અમારી આમ બાબત છે
મટી જંગલી બનો શહેરી મવાલી ક્યાં સુધી રહેશો
પથારી કેમ નથી કીધી અમારી આમ બાબત છે
સુતાં જઇ ભોંય શેઠાણી જણાવી રીસ ઉપરથી
પતીને રોફમાં દાબી અમારી આમ બાબત છે
કહે માધવ મળી જેને હશે જ્યાં કર્કશા નારી
વૃથા ગઇ જીંદગી તેની ગયો આ ભવ બધો હારી

તા. કઃ—આ પુસ્તકનાં કાવ્યો પૃષ્ઠ ૩ થી ૯ અમારા સ્નેહી માધવલાલ છગનલાલ પેથાપુરવાળા (હાલ મુ. હરસોલ) એ ખાસ મહેરબાની દાખલ બનાવી આપેલાં હે.વાથી અંતઃકરણથી તેઓનો ખાસ આભાર માનીએ છીએ. (લી. પ્રકાશક)

— સુધરેલાનો સંતાપ —

(રાગ—ગઝલ)

સુણો સાથી સુધારાના ! અરે ! સૌ આંહી આવોને;
તમારા ભાષણે ભુલ્યો હવે રસ્તો બતાવોને ! સુણો,
તમારા રાહ પર ચાલી સુધારો ઘર વિષે ઘાલી:
પીધી મ્હે ઝેરની પ્યાલી તમે તેથી બચાવોને ! સુણો.
પ્રિયાનાં પોલકાં લાવી નવીન પોશાક પહેરાવી;
ગરીબી ઘર વીષે આવી હવે તેને હઠાવોને ! સુણો.
પ્રિયા ઘર કાજને છોડી ચઢાવી બુટની જોડી;
હવા ખાવા જતી દોડી કહે "નોકર વસાવોને" ! સુણો.
નથી હું કંઇ ભઠીયારી નથી કંઇ કામ કરનારી;
હવે હકદાર હું નારી નીયમસરનું બજાવોને ! સુણો.
સુધારો આપણે સાથે નહિ ખાવા કરૂં હાથે;
પીયુજી રાંધવા માટે રસોયો એક લાવોને ! સુણો.
સુશોભિત ડ્રેસ લાવોને સરસ ચસ્માં અપાવોને;
હુકમ મારો બજાવોને મડમ મુજને બનાવોને ! સુણો.
જવું ફરવા પગે ચાલી સુધારાની નહિ વ્હાલી;
દીયો એ આપદા ટાળી સરસ સાઇકલ અપાવોને! સુણો.
બનું હું રાયની રાણી જવું નાટક વીષે જાની;
ટીકીટ લાવો તમાસાની સુધારાને વધાવોને ! સુણો.

 ૧૫૬૧૮

ઘણું છે કામ તમ સાથે તમે ના આવશો સાથે;
કુલાજી ફ્રેન્ડને માટે ટીકીટ બીજી મંગાવોને ! સુણો.
અદેખા શું બનો એમાં કુલાજી સાથ છે તેમાં;
સુધારો છે રહ્યો જેમાં જરા વિશ્વાસ લાવોને ! સુણો.
સુધારાના થયા સાથી પછી ખટપટ કરો આશી;
કરે અજ્ઞાનીઓ હાંસી કુધારાને હરાવોને ! સુણો.
સુધારો આ જુઓ યારો ! તમોને જે અતિ પ્યારો,
હવે લાગે મને ખારો ભલે ભપકો બતાવોને ! સુણો.
ખરચ પોષાય ક્યાં આવું મુસારો સાઠનો લાવું;
પ્રિયાને કેમ સમજાવું જરા યુક્તિ જણાવોને ! સુણો.
રસોયો ક્યાં થકી રાખું હૃદયનું દુઃખ ક્યાં દાખું;
નિસાસા હાય હું નાખું દયા દિલમાં ધરાવોને ! સુણો.
છકેલી કંઇ થઇ નારી જરાએ લાજ ના ધારી;
પતિ તો શાક તરકારી પતિવ્રત તો પળાવોને ! સુણો.
લજાવ્યા તાતને ! કેંએ બનાવ્યા ભ્રાતને કેંએ;
ડુબાવ્યું કુળ હા ! કેંએ ભલે દિલને મનાવોને ! સુણો.
સુધારો એ તમારો તો ભલે તમને મુબારક હો;
અરે પસ્તાઉં છું પુરો પ્રભુ તેથી બચાવોને ! સુણો.

× × × ×

સુણી શંકર કહે શાણા ભવાડા આ સુધારાના;
સુણી ના કોપશો પ્યારા અરજ દીલમાં ઠસાવોને ! સુણો.

લેખકઃ—"મણીકાન્ત" (તે શંકરલાલ મગનલાલ પંડયા.)

—(કોનો વાંક)—

રાગ—(એર ગયાં ને વેર ગયાં વળી કાળા કેર ગયા કરનાર)

સુધરેલી પત્નિ—પીયરથી હું જ્યારે આવી દેખી મુજને શરમાતા
ગમાર ગામડીયણ કહી મુજને હાંસી મારી કરતાતા
મેરેજ કરવા આવ્યા ત્યારે આંખો શું ફુટી ગઈતી
ડા'પણ શું દરીયામાં ગયું હતું હવે કરો છો શોક અતી
એમ્બે આવ્યા પહેલાં જ્યારે સુધરેલામાં ખપવાને
પીયુ પરાણે તેડી જાતા હેંગીંગ ગાર્ડન ફરવાને
મીસ બીજલી ને ચપલાનાં મુજને નૃત્ય બતાવ્યાં આપ
તેવી સુધરેલી થાવાને નીત નીત મુજને કહેતા નાથ
દેશી કાપડ લાવો સ્વામી અંગ દિસે ઉંઘાડું નહિ.
જંગલી જડસા જેવી કહીને ફેન્સી વસ્ત્રો આવ્યા લઈ
ઉંચી એડીના બુટ અપાવી સુધરેલી મુજને કીધી
રીસ્ટ વૉચ મુજને પહેરાવી ફેશનના ફંદે નાખી
મર્કટને નીસરણી આપી બળતામાં હોંસાયું ઘી
ગજ ગાડાને દારૂ પાયો કહો મણા રહી તેમાં શી
પ્રથમ ચડાવી હવે અડાવી સ્વાદ થહી શું લ્યો મ્હોનો
હવે બળાપો આમ કરો છો વાંક કહો એમાં કોનો ?

શેઠ—વાંક નથી એમાં કંઈ તારો ભાગ્ય તણી એ મોટી ભુલ
ફેશન અંતે કરે ફજેતી પ્રિયા હું તે કરૂં કબુલ

શેઠ-શેઠાણીનો સંવાદ.

(રાગ—ગઝલ.)

શેઠાણી—અરે સ્વામી તમે મારા ઘડાવો બંગડી પ્યારા
વળી હીરા તણી ચુની કહો તમ લાવશો ક્યારે
શેઠ—અરે પ્યારી હવે મારી :સુણાવું વાત હું સારી
નથી પૈસા કને મારી કહે હું શું કરૂં પ્યારી
શેઠાણી—ભગત કે હિનને આપો છતાં અહિં આમ શું ભાખો
ગમે તે આજથી કરિને મને તો સર્વ આણી દો
શેઠ—ભગત કે દીનને હું તો જમાડું અન્ન ને પાણી
પણ નહિ પાસ છે મારી રૂપીઆ નોટ કંઈ નારી
શેઠાણી—રૂપીઆ સાઠ લાવો છો વળી બીજું કમાવો છો
છતાં માથું હલાવો છો કહો શું રીત એ સારી
શેઠ—ખરચ મુંબઈ તણાં ભારી વળી જો થઇએ આજારી
કહો શું હું કરૂં પ્યારી નથી કંઇ પાસ દ્રવ્ય મારી
શેઠાણી—નહિ લાવો તમે વ્હાલા જરૂર હું જઈશ પીયર મારા
પછીથી ચાહ્ય તે કરજો વળી તેથીજ મારે શું
શેઠ—અરે રંડા કહુ તુજને બતાવે બીક શું મુજને
ભલે જાને પીયર તારા થશે કંઇ હાલ મમ સારા
શેઠાણી—પીયર શું કામ હું જાઉં ઝડપથી ઝેર હું ખાઉં
પછી વૈકુંઠમાં જાઉં તહાં જઈ નામ દીપાવું
શેઠ—ન પૈસો ઝેરનો ખરચો તમે જઈ કુપમાં મરજો

સુખે જઇ નર્કમાં ઠરજો નહિ ફીકર તમે કરજો
શેઠાણી—નહિ કંઇ નર્કમાં જાઉં ઝડપથી ભુત હું થાઉં
ચુસી તમ માતને ખાઉં ન સમજો જંપવા દેઉં
શેઠ—વદો છો શું અરે સાચું ભુવાને હું જઈ યાચું
ભરૂ મરચાંથી તુજ ડાચુ ન ખાઉં તુજ વીણ હું કાચું
લેખક—સુણીને એવું શેઠાણી હ્રદયમાં ખુબ અકળાણી
પતિને હાથમાં લેવા કરે છે ઢોંગ એ કેવા
શીશો ઘાસતેલનો લાવી અતુલ્ય સાડી ભીંજાવી
પછીથી કાંઠી સળગાવી—
શેઠાણી— કહે હું ઝટ બળી જાઉં,
ન જીવું હું મરી જાઉં સ્ત્રી હત્યા આળ આપીને
ચડાવે ફાંસીએ સરકાર ન દેશો દોષ કંઈ મુંજને
લેખક—ઠગાવો સ્ત્રી ચરીત્રોથી પતિ ન મર્મ કંઇ સમજ્યો
શેઠ—કહે હાર્યો હવે વ્હાલી મને તું માફ કર શાણી
નીસાશો શું અરે નાખે મુકું ગરબાર ગીરો જઇ
સોમાજી શેઠ ધીરે છે રૂપઇએ એક આનો લઇ
કરૂં ઈચ્છા પુરી તારી વસાવું બંગડી સારી
હીરાનો હાર જે સુંદર સવારે લાવુ હું સત્વર
લેખક—લખાણુ આનું રહ્યું બાકી લખું છું ભાગ બીજામાં
આંખો ઝટ મુજ ખુલી ગઇ સ્વપ્નની વાત પુરી થઈ

—: (શેઠનું સ્વપ્નું) :—

(રાગ—આંખ વીના અંધારૂં રે.)

નારી વીના ઘેર તાળું રે, સહાય મારે નારી વીના ઘેર તાળું;
એતો દીપક છતાં અંધારૂં રે— સહાય મ્હારે. ૧
જઇ પનઘટ પર હું બેસું રસીક રૂપાળી રામા દેખું,
રડું અંતર નારી સારૂં સારૂં રે— સહાય મ્હારે. ૨
સવારમાં જાગું છું જ્યારે દળવું પડે હાથે મ્હારે;
માંજુ વાસણ વાસીદું વાળુ વાળુ રે— સહાય મ્હારે. ૩
પાણી લાવું છું માથે નહિ કોઇ આવે સાથે;
જગમાં જીવતર મારૂં ખારૂં ખારૂં રે— સહાય મ્હારે. ૪
સત્ નારાયણ તમે કૃપાળુ વાંઢા મેણું જો ભાગો મ્હારૂ;
શીરો ધરાવા ધારૂં ધારૂં રે— સહાય મ્હારે. ૫
એવી ઝંખના કરતો કરતો જઈને કુવા પર સુતો,
આવી નિંદ્રા સ્વપ્નું ભાળું ભાળું રે— સહાય મ્હારે. ૬
જ્ઞાતિ બંધુ પંદર આવ્યા પરણાવા બૈરી લાવ્યા;
શ્રીફળ ગોરે મને આલ્યુ આલ્યું રે— સહાય મ્હારે. ૭
મામા માસા કાકા કહે છે આ કન્યા અતિ સુંદર છે;
થઈ ખુશી ખુશી નિહાળું રે— સહાય મ્હારે. ૮
જ્ઞાતિલાને ભોજન દીધાં દુધપાક પુરી ભજીઆં કીધાં;
વરઘોડે ફરવા ધારૂં ધારૂં રે— સહાય મ્હારે. ૯

નટપુરથી આણ્યાં તાસાં રજાકનાં સુરત વાજાં
ઘોડો સુંદર શણગારૂ શણગારૂ રે— સહાય મ્હારે ૧૦
બની ઠણી સુંદર અલબેલો વરઘોડો ફરવા નીકળેલો;
અંતર મનસુબા ધારૂં ધારૂ રે— સહાય મ્હારે. ૧૧
બઇરીને બાળક અવતરીયુ નામ રૂડો રતનો પડીયું,
કીસ્મત ફળીયુ સારૂં સારૂં રે— સહાય મ્હારે. ૧૨
પાંચ વરસનો રતનો થાતાં મહીસાગર નાહવા જાતાં
દુઃખનું આવ્યું વાદળ કાળુ કાળું રે— સહાય મ્હારે. ૧૩
ગાડી સામ સામી અથડાઈ અમ ટ્રેન ગઇ તેથી ઉથલાઈ;
પડયો કુવામાં પાણી ભાળુ ભાળુ રે— સહાય મ્હારે ૧૪
પાંચ શેર જ્યાં પાણી પીધું વહુ બાળક કયાંથી દેખુ;
દુઃખ શું હું ઉચ્ચારૂ ઉચ્ચારૂ રે— સહાય મ્હારે ૧૫
મુસાફર એક દયા લાવ્યો, બહાર કુવામાંથી કાઢયો;
નારીનો મોહ વિદારૂં વિદારૂં રે— સહાય મ્હારે ૧૬

મુંબઈની શેઠાણી ભાગ ૨

સુધરેલી—

હું અલબેલી ફેશન ઘેલી, નાજુક નવેલી નાર.
કેવી રૂમઝુમ રૂમઝુમ ચાલુ, કર અંબેલા હું ઝાલું.
વળી આંખે ચસ્મા ઘાલુ, જોઇએ મ્હા કોફીનું પ્યાલું—
બીસ્કીટ હું મ્હાનાર—હું અલબેલી૦

પોલકું પ્હેરૂ પચરંગી, ખીલી વેલી નવરંગી,
જોબનીયું છે અનંગી અંતરમાં ઉમંગી—
શોભાવું શણગાર—હું અલબેલી૦

હું નાજુક નાર છું નાની, બની મુંબઇની શેઠાણી,
જાઉં સીનેમા સહેલાણી, કરતા ગુસ્સો દીલજાની—
પણ કોન કરે દરકાર—હું અલબેલી૦

પણ પાજી પતિ છે મ્હારો, નહિ ફેશનનો ચાહનારો,
પૈસાને સાચવનારો, નહિ મોજ શોખ કરનારો—
હું ગણુતી એને ગમાર—હું અલબેલી૦

જાતી ચોપાટી રસ્તે, હું મદ જોબનમાં મસ્તે,
જુવાની જબર જસ્તે, મુખ મલક મલકતી હસ્તે—
કરતી સ્હેલ અપાર—હું અલબેલી૦

(રાગ ગઝલ.)

શેઠાણી—

પથારી નાથ ત્યાગોને, થયું પ્રભાત જાગોને;
ઝવેરી ઘેર જાઓને, હીરાનો હાર લાવોને,
વહેલા ઘેર આવોને, બંગડી બે અપાવોને,
પીઓ પછી ચાહ આવીને, મ્હારૂં મન મનાવીને.

શેઠ—

ધરોને ધૈર્ય ઓ નારી, બન્યો હું આજ આજારી,
થયો ઠાંસો મને ભારી, સળેખમ તાવની વારી.
બોલાવા વૈદને જાવો, દવા સારી તમે લાવો,
થયો છે ચુંકને ઝાડો, ચુંથાયો જીવ આ મારો

શેઠાણી—

ઠગારા ઓ પતિ મ્હારા, તજો આ ઢોંગ ધુતારા,
રસોઈ હું કરૂં ક્યારે, મુને દો દાગીના ત્યારે.

લેખક—

સુતાં રીબાઈને શાણી, કર્યું ના કાંઇ રે ખાવા
ગયો ભુખ્યો અરે હારી, બિચારો નોકરી કરવા.
ઘીમાં પુરી તળી છાની, જમીને ઝટ શેઠાણી,
ગયાં ચૌટા મહીં ફરવા, ખરીદી કંઈ નવી કરવા.
આવી છે ભોઈવાડામાં, રહેતા બંગડીવાળા,
દીપાવે બેશ દુકાનો, સાડીને પોલકાંવાળા.

બંગડીનો વહેપારી—

પધારો બાઇ પધારોને દુકાનો આ તમારી છે,
જુવો આ ફેનસી ચુડી, શશી સમ શોભતી રૂડી.
આજે ચીન દેશથી આવી, દેશે તમ હસ્ત દીપાવી,
દીસો પણ કેમ ઉદાસી, વસી શું પીડ અંતરમાં.

શેઠાણી—

ન છાની વાત હું કે'તી, મુંઝાઈ મનમાં રે'તી,
મને લોભી મળ્યો સ્વામી; પડી મમ જોડમાં ખામી
પતિ મારો ઘણો મુંજી, ધરાવે લાખની પુંજી,
પરંતુ લોભીને પાજી, સુધારે નહિ જરા રાજી.
નથી પૈસા કંઈ લાવી, ઉતાવળમાં અહીં આવી,
ઉધારે બંગડી લેવી, કહો શું આપવી કે ના.

બંગડીનો વહેપારી—

નથી પઇસા તણી ફીકર તજો ફીયર તમે ડીયર,
ગમે તો આપજો પઇસા તમારા કયાં જવાના છે.
કહોને આપું હું કેવી—

શેઠાણી— ચળકતી ચાંદની જેવી,
ન દીઠી કોઇએ તેવી, વખાણે સાહેલી એવી.

બંગડીનો વહેપારી—

પધારો પ્રેમી રૂપાળાં ધરો કર સ્નેહી મરમાળાં,
શરમ છોડો તમે શાણાં, વીંધે મમ ગાત્ર અણુસારા

શેઠાણી—

પહેરાવો બંગડી એવી, જરી ના હાથ છોલાયે,
દરદ જો હાથમાં થાયે, મુખેથી ગાળ બોલાયે

બંગડીનો વહેપારી—

ન ગભરાઓ તમે ગોરી, રસીલી આંહી આવોને

શેઠાણી—

નહી મુજ હાથને મરડો, થયો જો લાલ ઉઝરડો
ચઢાવોને ધીમા ધીમા, સુંવાળા હાથ કરો ઘીમા

બંગડીનો વહેપારી—

ન મઝાશો તમે મનમાં, પહેરાવી દઉ હવે ક્ષણમાં
મુગાં બેસી તમે રે'જો પડે દુઃખ તો મુને કે'જો.

શેઠાણી—

ગયા મુજ હાથ આ સુજી, પ્રભાતે પહેરીશું બીજી.

બંગડીનો વહેપારી—

મધુરાં બોલી મનહારી, ચતુરા ચિત્ત હરનારી
બજાવી જાદુની બંસી, લગાવી મોહની ફાંસી;
ફસાવ્યો મોહ પાસેથી, વીંધાયો નેત્ર બાણોથી.

શેઠાણી—

અહા ! દિલહર ચુડીવાળા, દીસો છો નાર ઠગનારા
વળી મમ આંખના તારા, ઠગો છો હાર હૈયાના.

બંગડીનો વહેપારી—

તમારૂ નામ બતલાવો, બતાવો ઠામ પણ રૂડું;
અમે ત્યાં આવશું નિત્યે, યુવાનિ લુંટીશું પ્રીતે.

શેઠાણી—

રહેતા ગામડે પિતા, પીયરમાં વીજળી કહેતા,
અહીં મુંબાઇ વિષે આવી, દીધું મુજ નામ દીપાવી
બની ગઇ રાયની રાણી ધરાવું નામ શેઠાણી.

બંગડીનો વહેપારી—

જણુકે વીજળી જેવી, દીસો સૌન્દર્યની દેવી,
ભમાશો ના સતાવો ના, કહો વીચાર અંતરના;
કટોરી પ્રેમની ભરીશું, સુખેથી સેલમાં રહીશું,
ઉભયનો સ્નેહ સંધાયો, રસીલી દાસ કહેવાયો.

શેઠાણી—

તમે કરી જાદુનું જંતર કરી વશ મોહની મંતર
અરે પ્યારા, અહો પ્યારા તમે મમ આંખના તારા;
વિનંતી હું કરૂં છાની પધારો સાંજના આજે,
રમીશું પ્રેમથી રંગે રહીશું રાતના સંગે

બંગડીનો વહેપારી—

પતિ તારો હશે ઘરમાં વિચારો કાંઇ અંતરમાં

શેઠાણી—

જમીને સાત વાગે એ, સુવા દુકાન પર જાયે
ચરિત્રો જોઈ નારીનાં અરે દુનિયા બધી હારી;

સતી થાતી પતિ પાસે રમે સૌથી ભલે જારી,
જમીશું ભોજનો સંગે રમીશું રાતના રંગે

બંગડીનો વહેપારી—

ગલીનું નામ બતલાવો સે'લો ઉપાય સમજાવો.

શેઠાણી—

ચતુરાની કહે ચાલી સીનેમા પાસ એ આવી,
પછાડી એક છે બારી પીયુ ત્યાં આવજો સાતે.

લેખક—

કહી શેઠાણી સીધાવી બનાવી બત્રીસી વાની,
શીરો પુરી અને ભજીઆં મધુરાં રાયતાં કરીયાં.
કચોરી કાચલી ભાજી વધારી મોગરી તાજી
કઢી દહીં ભાગીને કીધી છુપાવી ત્યાં પછી દીધી.
સમી સાંજે પતિ આવ્યો જમણમાં રોટલો આલ્યો
થયો જ્યાં વાયદો પુરો આવ્યો છે ઇશ્કી શુરો,
જમીને શેઠજી આવ્યા કર્યો વિચાર જાવાનો,
છુપાતો તો ચુડી વાળો જોયો મોટી મુછોવાળો.

શેઠ—

અલ્યા ક્યાંથી અહીં આવ્યો કહે શું ચોરવા ફાવ્યો

બંગડીનો વહેપારી—

કહું છું હું કહું ભઇસાબ નથી ગુનો કરોને માફ,
જવું તું મિત્ર ઘર મારે ભુલી આવ્યો છું આ બારે.

શેઠ—

વદે નહિ તુ કદી સાચુ સીપાઇને જઇ સોંપુ.

બંગડીનો વહેપારી—

અહીં ઉઘરાણી હું આવ્યો ચુડી આ સાથમાં લાવ્યો.

શેઠ—

અરે નારી અહીં આવો ચુડીનો ભેદ સમજાવો.

લેખક—

સુણી શેઠાણી ગભરાયાં ચુડી શીડીને પછડાયાં.
ગઇ છે બંગડી દુટી મુડી તો એટલી ખુટી;
કરીને ગુપ્ત ઇશારો સમજાવ્યો ચુડીવાળો.

શેઠાણી—

નથી એ બંગડી મારી દીસે જે સામી છે બારી,
રહે છે સાહેલી મારી ચુડી મંગાવવા વાળી.

લેખક—

ગયો આવ્યો હતો તેવો બન્યો બેહાલ એ કેવો
છુપાતી કુતરી આવી કરડવાને પગે ફાવી.
ચુડીવાળો તો ગભરાયો મુકી જ્યાં દોટ પછડાયો,
સીપાઇએ ચોર સમજીને લગાવ્યો દંડુકો જઇને,
કરી પરહેજ જંજીરે પુર્યો જઈ કેદખાનામાં,
કરી પરનારીથી યારી ગુમાવી આબરૂ સારી.

કર્યો ઇન્સાફ કીરતારે કીધો છે કેદ સરકારે
રૂપીયા દંડમાં લીધા ખુશ બહુ હાલ તો કીધા
પુના જેલે ચુડીવાળો ગયો છે ટીપવા ચુનો
પર નારી તણો પ્રેમી વિના અગ્નિ અરે બળતો
દીસે છે શ્વાનના જેવો સુખે કોદી નહિ ઠરતો
સતી નારી સીતા જેવી તમે જો અંતરે ઇચ્છો
બનીને રામના જેવા સદા સદગુણને ચાહો
વિષયના વિષના કીડા ભલે ! દીસે કદી રૂડા
તમારૂં હિત હરનારા ગણો ભોરીંગથી ભુંડા
વીતેલી વાત રહી બાકી જુઓ એ ભાગ ત્રીજામાં
વિનંતી આટલી માનો અરે ઓ ભાઇને બહેનો
મણિમય સુખ ઇચ્છો તો ફસાસો ના કુસંગે કો

શેઠનો સંતાપ—

(રાગ–રાજીઆનો)

હાય; હાયરે હાર્યો હું શંખણી નારથી.

કહું આને હું નાગણુ કે નારી,
બની ફેશનમાં મસ્ત રે' નારી,
સુધરેલી મીટીંગે જનારી રે—હાય ! હાયરે૦

કદી નામ પ્રભુનુ ના લેતી,
માત મ્હારીને ગાળો એ દેતી;
કરે મારી એ નિત ફજેતી રે—હાય ! હાયરે૦

નવી નવી સાડીઓ નિત માગે,
કામ કરતાં હાથમાં લાળ લાગે,
મળે કુંભારજા પાપ જાગે રે—હાય ! હાયરે૦

કહે મોટર એક લઈ આવો,
સીનેમાની ટીકીટ લેવા જાવો,
હુકમ મારો આ જલ્દી બજાવો રે—હાય ! હાયરે૦

નહિ દાસી હું કાંઇ તમારી,
ઘર કામ તણી કરનારી,
જુઓ ઉરમાં જરા વિચારી રે—હાય ! હાયરે૦

ચહા ઇરાની હોટલને પીતી,

નહિ ન્યાત કે ધર્મથી બીતી;
મન મુર્ખ ગામડીઓ કે'તિ રે;—હાય ! હાયરે૦

નથી નયણે શરમનો છાંટો,
રાખે મડમ જેવો બહુ ફાંકો;
કહો દિવસ કેટલો વાંકો રે,—હાય ! હાયરે૦

દઉ શિખ સારી કોઇ વેળા,
પાડી ઘાંટા કરે લોક ભેળા;
રડી લડી કરે ઓશીયાળા રે;—હાય ! હાયરે૦

થાયે નાટક જોવાને બહુ ઘેલી,
જઈ બેશે ત્યાં સૌની પે'લી,
કહું સુધરી કે છટકેલી રે,—હાય ! હાયરે૦

નહિ સમજાવી સમજે સાને,
નહિ વાત ધરે કોઇ કાને,
માત મ્હારીનું કહ્યું ન માને રે;—હાય ! હાયરે૦

ઘર મ્હારૂં સુધારામાં ઘાલ્યું,
તીજોરીનું તળીયું જણાયું,
આવી ફેશનને દેવાળું આવ્યું રે;—હાય ! હાયરે૦

કરે ભાષણ મીટીંગમાં મોટાં,
કહે ભારત ભાગવત ખોટાં,
એતો બાંનાં બધાં સૌ જુઠાં રે;—હાય ! હાયરે૦

દંત-મંજન વતી સાફ થાયે,
બુટ પે'રીને ટેબલ પર ખાયે,
વર્ણાવર્ણના ભેદ ભુલી જાયે રે;—હાય ! હાયરે૦
કહું મારા દુઃખની શી કહાણી,
લેજો હુંકે માંહે સૌ જાણી,
ફરી ઇજ્જત સૌ ધુળધાણી રે,—હાય ! હાયરે૦
જગતપતિને પાય હું લાગું,
જોડી હાથ એ આશિષ માગું,
દીયો સુમતિ નાથ એ યાચું રે,—.... ....
આજ કુધારા હિંદના કાપજો.

શેઠાણીની કથની—

(રાગ—ગઝલ)

મને મુરખો મળ્યો સ્વામી પડી છે સુખમાં ખામી;
અરે હું આ પતિ પામી કહું શું આપદા બ્હેની. ૧

કરે નહી ચાકરી ધંધો મુરખ થઇને ફરે અંધો,
કરે છે અવનવા ફંદા કહું શું આપદા બેની. ૨

પુરૂષો અન્ય જ્યાં રમતા અરે મુજ સ્વામી અથડાતા
બળે છે ચિત્તમાં ભડકા કહું શું આપદા બેની. ૩

કમાવા રીત ના જાણે કહી મુજ વાત ના માને,
ફરતુ નામ પરે પાણી કહું શું આપદા બેની. ૪

પિતાના દામ સૌ ખાધા કમાવા પર લીધી બાધા,
કરજના હા ! કીધાં કયાં કહું શું આપદા બેની. ૫

ઉધારે અન્ન એ લાવે સૌ દામ તો આવે,
નહિ દે દામ તે વારે કહું શું આપદા બેની. ૬

કરી તકરાર વદે ભુંડુ પડે પરવારમાં કુડુ
જુવે ના આંખથી રૂડું કહું શું આપદા બેની. ૭

અરે અંતર પીડા રહેતુ ઉધારે કો’ નથી દેતું;
આવે જામીન સૌ લેતું કહું શું આપદા બેની. ૮

રૂપાળી આબરૂ દેખી અરે અકકલ હીણો પેખી,
દુખે હુ તન રહી શેકી કહુ શુ આપદા એની. ૯

સજ્જન તહેવારના ટાણે જમી આનંદ સૌ માણે,
સુખે એકાદશી જાણે કહુ શું આપદા એની. ૧૦

સ્નેહીઓ શોધતા આવે પતિને તે નહિ ભાવે,
દિવસ દુખ માંહી વિલાપે કહુ શુ આપદા એની. ૧૧

પિતા માતા ચહે મળવા તો સ્વામી લાગે બડબડવા.
લાગે હા હિત વચન કડવાં કહું શું આપદા એની. ૧૨

પીયરનાં લુગડાં લાવું કરી જમવા સજી જાઉં,
તરત મેણાં અરે ખાઉં કહુ શું આપદા એની. ૧૩

બધાં મુંબઈની શેઠાણી વદે નિષ્ઠુર એ વાણી,
કહુ કયાં માહરી કહાણી કહુ શું આપદા એની. ૧૪

ગુજારી જીંદગી મારી બળાપો હુ કરૂ ભારી,
દીયો કંઇ દાદ નર નારી કહુ શું આપદા એની. ૧૫

સદા ચિંતા તણા તાપે અરે યૌવન દુભાયે છે,
અરે આવો પતિ દેખી હૃદય આ મમ ચિરાયે છે. ૧૬

(સ્નેહમંજરીમાંથી થોડા ફેરફાર સાથે)

ફેશનની ફજેતી—

(રાગ—સવઇયા)

અલબેલી મુંબઈ નગરીમાં શોખીન પુરૂષો બહુજ વસે;
ગાલ તમાચો મારી રાખતા લાલ થઇનેજ ફસે.

પગાર મળતો પચીસનો ને સુધરેલામાં પંકાવું,
દોસ્તદારની સાથે ફરતાં પૈસા ખરચી વખણાવું.

દેશ વિષે કંગાલ સ્થિતી રે ઉદર તણા ફાંફાં પડતાં,
કમાઈ કરવા કારણ દીકરો માત પિતા અહીં મોકલતા.

ભણ્યા ગણ્યા કંઇ ઝાઝું નહિ તે ટુંક પગાર પ્રસન્ન થયા,
મુંબઇ નગરે મઝા માણવા તરંગ દીલમાં બહુ કર્યા.

દસ મળતા દસમાં નિભાવ્યું પંદરમાં પંદર પુરા,
પચીસ મળતાં પાઈ બચે નહિ તોએ સોખ રહે અધુરા.

બે રૂપીઆનું કપડુ લીધુ સીવડાવતાં મનમાં બીધા.
અપ-ટુ—ડેટ શીવવાનું ખાતું અઢી રૂપીઆ ત્યાં લીધા.

એ અનુસારે કપડાં કરતાં પઇસાની ખ્વારી કીધી,
ત્યાર પછી ધોબીની એણે મુલાકાત જલદી લીધી,

એક આનામાં સાદુ ધોશે મુજને તે તો નહિ ફાવે,
વોશીંગ કંપની ગ્લેઝ કરે છે ચકચકાટ અતિશે આવે.

હજામતની વધી કમાણી નવીન તરેહના કેશ કટે,
તેલ લગાવી ચોળ અલ્યા મુજ માથા કેરૂં દર્દ મટે.
માત પિતાને વધાર કાજે તેલ જરાએ ના મળતુ,
બેટો બાલમાં ઓઇલ નાખે શીર તેલ થાતું ગળતું.
મુઆચા ત્યારે મુંબઈ આવ્યા મુંબઇમાં નહી રે લેણું,
કમાણી તો ઉંગી ગઇ પણ સ્હામુ થયું છે બહુ દેણું.
પગાર કરતાં ખર્ચ વધ્યો ને કરજ વિષે પછી સપડાયો,
તેમાંથી બચવાને આખર ચોરી કરવા વીચાર કર્યો.
શેઠ તણી ઉઘરાણી કરતાં ભાગી જવાનું નકકી થયું,
એક દીવસ બહુ રૂપીઆ આવ્યા લઈ જવા દીલ લલચાયું.
નોટ ભરી ખીસ્સામાં એણે સ્ટેશન પર સીધોજ ગયો,
દુર દેશની ટીકીટ કઢાવી પોલીસને સંદેહ થયો.
સરમામાન કંઈ પાસ નહી રે કયાંથી નાસી આવ્યો છે,
બતાવ તારા શેઠને જલ્દી રૂપીઆ કયાંથી લાવ્યો છે.
પકડાતાં ચોરીનો મુદો માજીસ્ટ્રેટે સજા કરી,
પંદર ફટકા બાંધી માર્યા, છોડી મુકયો દયા ધરી.
મુંબઈ નગરે મઝા માણતાં ઇજ્જત વિનાનો થઈ બેઠો,
પુનઃ દેશને માર્ગ ગયો તે ગોપાળે નજરે દીઠો.

(લેખક ગોપાળજી હરીભાઇ દેસાઇ)

મુંબઈની શેઠાણી ભાગ ૩

જમાનાનું જોડલું—(રાગ–હરિગીત.)

ભાઇ પધારે પાલવે અલબેલી રમણી ભાળવા;
પર પુરૂષ કેરા પ્યારમાં લે બાઇ પણુ તાજી હવા.
ઉંચે ઉડે વિચારમાં રાજા થવાની હવાઇ છે!
એકે ન ન્યુનાધિક જેવા ભાઈ તેવાં બાઇ છે! ૧

જ્યારે સલુણો ગ્રાન્ટરોડે જાય છે બસ સ્નેહથી!
ત્યારે તરૂણી તરૂણુ રટતી જાય ભુલેશ્વર ભણી!
છળ કપટની નીતિ સ્વીકારી પ્રેમની વિહાઇ છે!
એકે ન ન્યુનાધિક જેવા ભાઇ તેવાં બાઇ છે! ૨

કોલર અને નેકટાઇનો ભપકો ગમે ભરથારને!
એ રીત ફેન્સી પોલકાનો મોહ લાગ્યો નારને!
સ્વામી લગાવે સેન્ટને બાઈ લવંડર ચાહ્ય છે!
એકે ન ન્યુનાધિક જેવા ભાઇ તેવાં બાઈ છે! ૩

નિત્યે સીનેમા નીરખવાનો શોખ લાગ્યો સ્વામીને;
નાટક નિહાળી નારી આવે ઘેર આનંદ પામીને.

ડોલર બની ડોલે પતિ પત્નિ પ્રફુલ્લિત થાય છે!
એકે ન ન્યુનાધિક જેવા ભાઈ તેવાં બાઈ છે! ૪

સોડા અને જીંજર લઈને કંથ ચાલે મલકતા!
ખોટી રીતે ખર્ચાય પૈસા હૃદય નથી ખટકતા!
કરી પાન રોઝબરી તણું પ્રેમદા મુખે હરખાઈ છે!
એકે ન ન્યુનાધીક જેવા ભાઈ તેવાં બાઈ છે! ૫

શરાબ શરબતને સીગારેટ ભાવતાં બહુ ભાઈને!
બીસ્કીટ અને ચાહ કડક પીવા બહુ ગમે બાઈને!
ગુસ્સો પતિના મગજમાં તો રમણિને શીરે રાઈ છે!
એકે ન ન્યુનાધિક જેવા ભાઈ તેવા બાઈ છે! ૬

પ્હેરે પતિ સ્ટોકીંગ બુટ સ્લીપર ચડાવે સુંદરી.
લે સ્ટીક પતિ કર રાખતાં રમણી રૂમાલ કરે ધરી,
વલ્લભ વગાડે વાજું ગઝલો ગોરીએ ઝટ ગાઈ છે!
એકે ન ન્યુનાધિક જેવા ભાઈ તેવા બાઈ છે! ૭

ચળકાટ કરતાં હોય છે ચસ્મા ઉભયના નેત્ર જ્યાં!
રીષ્ટ વોચ ઉભયકરે શોભે અહોનીશ હોય ત્યાં!
આ જીંદગીની પાયમાલી વેષધારી ભવાઈ છે?
એકે ન ન્યુનાધિક જેવા ભાઈ તેવાં બાઈ છે! ૮

(લેખક શ્રીયુત **માતરીયા**)

વાર્તાનું અનુસંધાન પૃષ્ટ ૨૪ થી

(રાગ–ગઝલ)

શેઠાણી—

જુવાની જાય છે મારી. થશે બરબાદ શું મારી ૧
સદા નભશે અમો યારી રહી હુ તો હતી ધારી
અરે આ સ્નેહનો રસ્તો, હતો ધાર્યો ઘણો સસ્તો
હતો અવરોધ ના વસ્તો, છતાં વિકટ થયો રસ્તો ૨
હતી ઉમેદ તો ભારી, કરીશુ એશ આરામી
ઉડાવી ને પુંજી સારી, રમીશું જાર સહ જારી ૩
ગઈ આશા ઉડી : એવી નિરાશા આ થઈ કેવી
કમળદળ દેહ છે જેવી મધુકર ના શકયો સેવી ૪
હતો મુજ યાર મન માન્યો ઘણો દીલથી હતો ભાવ્યો
કરીને પ્યારથી આવ્યો, છતાં વઈભવ નહિ છાજ્યો ૫
ચુડીવાળા તણી યારી, વિચારી તે ઘણી સારી
પતિ પરણેતને ત્યાગી, થઈ હું તેહની નારી ૬
ખરો જ્યાં સ્નેહ જાગે છે પુરો જયાં રંગ જામે છે
ચુડીવાળો ગયો કેદ; મુને એ દુઃખ સાલે છે. ૭
હવે ના યાર એ મળશે, વીરહ આ શે હવે ટળશે
ચુડીવાળો ઝુરી મરશે; મુને તે કયાં હવે મળશે ૮
પ્રભુતા શી પ્રભુ ધારી, અદેખાઈ કીધી મારી
કરી તેં શી કૃતી ભારી, મુને વિરહા નળે બાળી ૯

ગુલાબે કંટકો ધારી, નીધી ખારૂં કીધું વારી;
અફળ છે શેરડી સારી, કૃતી એ છે વીભુ તારી ૧૦

ન ખુશબો હીમમાં ધારી મીઠી કોયલ કરી કાળી.
કર્યું છે સ્વાદ વીણુ વારી કૃતી એ છે વીભુ તારી ૧૧

અદેખા ઓ વીભુ તારી નહિ એ નેમ સરનારી,
ચરિત્રોમાં પુરી નારી ટકાવું યાર શું યારી ૧૨

નથી ભુલી શકી હું તો, નથી ચુકી શકી હું તો,
પ્રીતમના પ્યારની માળા પ્રતીદીન ફેરવું હું તો. ૧૩

નથી પરવા મને કોની કરી કુરબાની હુ સહુની
પ્રીતમની પાસ હું જાઉં તજી દરકાર લોકોની. ૧૪

ગમે તે યુકિતને યોજુ, બનીને મોહનુ મોજુ,
કિનારે યારના કંઠે, જઇને સ્નેહથી વળગુ. ૧૫

હશે જો કામની પાસે, કદી કીરતાર જો પોતે,
કહાપી શીવજી સરખા, થશે દોડી તણા પોતે. ૧૬

ભ્રગુટી ભુરકી નાખી, કરૂ આલમ બધી ઝાખી,
છોડાવી યારને લાવું, કહું ભાવી ખરૂં ભાખી. ૧૭

લેખક— (સુધરેલી સુંદરી)

વિચારો વાંચકો પ્યારા, છકી આવી સુણી હારા,
સુણી મુંબઈ વિષે ઘણીએ, નિહાળી ઉપજે વ્હાળા. ૧૮

પતિ પત્થર તું લે ગણીને, અવર નર દેવ માનીને,
રમે તે સાથ જઇ નારી, ફરે છે મોજ માનીને. ૧૯

મદન મદમાં બની પ્યાસી, લઈ નીજ યારને ખાસી;
જતી ચોપાટીએ નાસી, બનીને આપ વેશ્યાસી. ૨૦

પહેરે જર્જરી વસ્ત્રો, ઉઘાડુ અંગ દેખાયે;
ઈરાદાથી કરે એવું, નરો કામીજ લોભાયે. ૨૧

ઘણી છે આવી લલનાઓ, કદી મુંબઇ વિષે જાઓ;
નજરથી નીરખી આવો, અહીં સંદેહ ના લાવો. ૨૨

લખી છે વાત જેની આ, ખરી મુંબઈની શેઠાણી,
પરાક્રમ તેહના જાણો, ખરા દીલથી કહું વાણી. ૨૩

વિરહની દાઝ તે લાવી, અતિ આવેશમાં આવી;
ચઢી ક્રોધે એ શેઠાણી, હવે હું થાય છે ભાવી. ૨૪

ભગીરથ કર્મ એ કરતી, તહાં વાંચક તમે ચાલો;
ગણ્યાએ જાતની અબળા, કરે શું કર્મ તે ન્યાળો. ૨૫

લેખક (અબળાને શું અશક્ય ?)

પતિના દાગીના જુના, બધા ભેગા કરી લીધા;
બજારે તે જઈ વેચ્યા, વસુ રોકડ કરી લીધા. ૨૬

અકારી નોકરી કરતા, બીચારા શેઠ તો દુઃખે;
મોહા દુઃખે કર્યું ભેગુ, ઉડાવે આજ તે સુખે. ૨૭

સડે છે શેઠ મીલોમાં ફરે શેઠાણી સ્હેલોમાં;
બનીને નાયકા વેશે ધસે છે પર મહેલોમાં. ૨૮
ચતુરા ચાલતી ચેને કરે ઘાયલ નરો તેને;
કરે છે પ્યાર નારી એ, ફસાતા નર ખરે નેને; ૨૯
સજીને સ્વાંગ ફેશનનો ગયાં વિદેશી દુકાને;
મડમનાં વસ્ત્ર તો વ્હોર્યાં ઘણાં મોંઘા દઇ દામે, ૩૦
દીધાં મોં માગતા પૈસા લટકતી બેગ લઇ હાથે;
બની અલબેલી ઘર આવી, લઇ તે વસ્ત્રને સાથે. ૩૧
અરે બસ આ જમાનો છે, દિવાનો ચાર સૌ માનો;
છકીને આર્ય અબળાઓ, કુડાં કૃત્યો કરે જુઓ. ૩૨
હતું પ્રાચીન સુધારાએ ઝળકતું હિંદનું ભાવી;
ભુંડા પાશ્ચિત સુધારાએ, દશા આ હિંદની આવી. ૩૩
પ્રણયના દંપતિ પ્રેમે હવે તો હિંદમાં આજે;
કલહમાં આર્ય સંસારો હલે છે હિંદમાં આજે. ૩૪
હૃદય નિજ નાથને જોઈ નહિ સ્ત્રીનું હવે સ્ફુરે;
અવર આશક વિના આજે, કંઇ કુલટા સ્ત્રીઓ ઝુરે. ૩૫
સુણો ઓ દેશબંધુઓ સુધારાની સફાઇ એ.
પતિ અપમાનમાં દારા ગણે ના દોષ કાંઈ એ. ૩૬
સદા સૌભાગ્યમાં રહેતી હજારો રે પતિ કરતી;
કંઈ માંડે કંઈ કાંડે, જુલ્મની હદ અરે કરતી. ૩૭

હતી આ એક એમાંની અરે મુંબઈની શેઠાણી;
કરે શા કૃત્ય તે ભુંડા સુણો ભાઈ ઉલટ આણી. ૩૮

નથી સંતાપની આશા છતાં એ શેઠ સોસાયે,
વળી શેઠાણીની કાજે દુઃખી તે શેઠ તો થાયે. ૩૯

ભરીને નોકરી સાંજે ગૃહે એ શેઠ તો આવ્યા,
જઇ શેઠાણી તો સામાં વધાં મનરંજની વાચા. ૪૦

શેઠાણી— **(સ્રી ચરીત્ર)**

પ્રીતમ તમ કામના બોજે અશક્તિ અંગમાં આવી;
બળી એ નોકરી કરવી થશે જેવું લખ્યું ભાવી, ૪૧
ઘણો પઇસો રળ્યા પોતે નહિ તે સાથ તો આવે.
ગૃહે બેસી રહો પ્રભુને મરણ સારૂ હવે આવે. ૪૨

બળ્યો આ દેહ મારો જે તમોને રાત દી તપતો;
જરા એ સુખ ના મળતું તમોને વેષ આ દમતો. ૪૩
કરૂં હું આપની સેવા મળે જેથી મીઠાં મેવા;
તમો વિણ જગતમાં મારે ન લેવા સાથ કો દેવા. ૪૪

પતિ પ્યારા તમો પાછળ; સુકોમળ દેહ આ અર્પું;
મરીને સ્વર્ગમાં આવી તમારી સેવથી હરખુ. ૪૫

લેખક— **(રામા કે રાક્ષસી)**

સુણી પ્રીયા તણાં મીઠાં મધુરા વેહ અણમુલાં;
સુણીને શેઠજી હરખ્યા પ્રીયાનાં વેંણ અણમુલાં. ૪૬

ન બોલી તે શક્યા મુખથી, અતી આવેશથી હર્ષે;
પ્રીયાના પ્રેમમાં ન્હાતાં, અતિ હર્ષાશ્રુઓ વર્ષે. ૪૭

શેઠાણી આવી આનંદે, પતિને પ્રેમથી વળગી;
પધારો નાથ ભોજનની, કહે વેળા વીતી જાતી. ૪૮

સુખે ત્યાં શેઠ ઉઠ્યા છે, રસોડામાં ગયા પોતે;
પીરસતાં મીષ્ટ ભોજનીયાં ઉડાવ્યાં શેઠીએ પોતે. ૪૯

કરી ભોજન રહ્યા જ્યાંરે ભમ્યું માથું અરે ત્યારે,
ઉદરમાં ચુંક ત્યાં ચાલી, ગયું છે ભાન પણ ત્યારે. ૫૦
મુખે ફીણના વળ્યા ગોટા નશો ખેંચાઇ જાએ છે;
થયું ઘડી બે ઘડી એવું મુઝાઇ જીવ જાએ છે. ૫૧

અધુરા વેણથી બોલ્યા દગો દીધો તમે દારા;
મુને આ ઝેર આપીને, લીધા છે પ્રાણ આ મારાં. ૫૨

વદીને શેઠજી સુતા, હળાહળ ઝેરના ભોગે;
શઠજી શેઠાણી ત્યાં આવી, પ્રથમ તો શેઠને લુંટે. ૫૩

લીધાં વસ્ત્રો બધાં ખેંચી, મુકી ત્યાં શેઠને ચાલી;
ભરીને ટંકની પેટી લુટી ઘર તો કીધું ખાલી, ૫૪
સજીને વેશ મડમનો પહેરી ફેન્સી વસ્રો,
ચમકતી ચાલેથી ચાલે મજુર માથે લીધો બીસ્ત્રો. ૫૫

હતી જે ટંકની પેટી મજુર માથે ઉપડાવી;
ગયાં સ્ટેશન પરે વહેલાં, અતિ ચિંતા ઉરે લાવી. ૫૬

પતિની બીકને ત્યાગી લગન તો ચારશું લાગી;
પછી પુને જતી ટ્રેને ચઢી શેઠાણી તો બેઠી. ૫૭

પુરાણા નામને ત્યાગી ધરાવ્યું નામ " મીસ લીલી"
થઈ યુરોપીઅન લેડી, બધી મર્યાદ છે મેલી. ૫૮

જવાદો એકલી લીલી પહેલા આપણે ચાલો;
લીલી જ્યાં જાય છે પુને તહાં વાંચક તમે ચાલો; ૫૯

લેખક— (મીસ લીલી પુનામાં)

પુના છે શહેર શોભીતું, છટા સૌન્દર્યની શોભે;
રૂડું રળીઆમણું પુના, રહ્યું મહારાષ્ટ્રના મોભે. ૬૦

હતા ત્યાં શેઠ પંકાતા, ફ્રામજી ,પારસી ન્યાતે,
હતા પૈસે ટ– સુખી, હતા સુખી બધી વાતે. ૬૧

હતો એક નામે રૂસ્તમજી, પનોતો પુત્ર તો તેને;
થઈરે ફાંકડો ફરતો. શ્રીમંતાઈ તણા ઘેને. ૬૨

સદી વિસમી તણા ઇસ્કી તરીકે ખુબ પંકાતો;
વિલાસી પ્રેમની પ્યાસી હતી રૂસ્તમ તણી વાતો. ૬૩

નદી તીરે હવેલી છે, તહાં છે વાસ છે રૂસ્તમનો;
મહા ત્યાં મોજ માણે છે, અતી છે તોર રૂસ્તમનો ૬૪

પુનાની જેલનો જેલર વળી છે એજ રૂસ્તમતો
પડયો મોભો બધે તેથી ખરેખર એજ રૂસ્તમનો. ૬૫

હવે મીસ લીલી ત્યાં આવી હવેલી જ્યાં છે રૂસ્તમની
હતો ગાર્ડન વિષે રૂસ્તમ ફુલોની બ્હાર લુંટે છે. ૬૬
ધરીને વેશ લેડીનો લીલી મળવા ગઈ રૂસ્તમ
મળ્યાં નયનો હૃદય હરખ્યાં મળ્યો સંયોગ ત્યાં ઉત્તમ ૬૭

લીલી–વદી લીલી અહો રૂસ્તમ સુણી તમ નામ હું આવી
તમો સાહેબ હું લેડી મળ્યો છે યોગ આવી ૬૮

રૂસ્તમ–સુણી રૂસ્તમ ઘણુ હરખ્યો ઉઠી કંઠે લીલી વળગ્યો
રહોને પ્રેમથી પ્યારી ન થાઉં તુજથી અળગો. ૬૯

લેખક–રહ્યાં લીલી અને રૂસ્તમ અતિશે પ્રેમથી વળગી
હવે લીલી નથી થાતી કદી રૂસ્તમ થકી અળગી. ૭૦
હતો જે યાર લીલીનો ચુડીવાળો જે મુંબઇનો
પુનાનિ જેલમાં એ છે જહાં અધિકાર રૂસ્તમનો ૭૧
સવારે રોજ તે જાતિ લીલી તો જેલ જોવાને,
રહે રૂસ્તમ તણી સાથે, નિરખવા જેલને બહાને ૭૨
હતો નીજ યાર જે જુનો ચુડીવાળો અરે કેદી
નીરખવા આવતી તેને હવે તે ઓળખ્યો કેદી. ૭૩

લીલી—ચુડીવાળા તણી કીધિ ભલામણુ આજ જેલરને
સુકોમળ અંગ કેદીનું ન દો એ દુખ તો એને ૭૪

લેખક—સુણી લીલી તણી વાણી કર્યો દુખ મુકત કેદીને
ચુડીવાળો ન તો સમજે પીછાણે તે ન લીલીને ૭૫

લીલીએ યોજના યોજી ચેતાવા યારને બાજી
કીઅથીં ગીતને ગાવા તણી તો યોજના યોજી ૭૬

હવે આવી લીલી જેલે હમેશાં ગીતને ગાતિ
સુણાવી યારને રોજે ગૃહે રૂસ્તમ તણે જાતી. ૭૭

લીલી- [સાંકેતીક સંજ્ઞામાં લીલીની ઓળખાણ]

"વિહરતા હંસને હંસી ખીલેલા પુષ્પ ઉદ્યાને,
અતી આનંદથી ફરતાં પકડીયો આજ હંસાને. ૭૮

પુરાયો પીંજરે પ્રેમી અરે એ હંસલી જોઇ
છોડાવા હંસને હેતે અરે એ હંસલી ધાઈ ૭૯

પુર્યો છે પીંજરે હંસો અરે જે ક્રૂર માનવીએ
ગઈ ત્યાં હંસલી હેતે ફસાવ્યો નર એ લાલીત્યે" ૮૦

લેખક—ચુડીવાળા કને આવી સુણાવી એટલું જાતી,
કંઇ ઉત્તર મળે તેથી ઘડી ખોટી તહાં થાતી ૮૧

ઘણા દિને પડી ગમ છે ચુડીવાળો હવે સમજ્યો
દઈ ઉત્તર વદ્યો એવું કહ્યુ. તું લીલીએ જેવું ૮૨

ચુડીવાળો–પુરાયો પીંજરે હંસો કરે તદબીર ના વળશે
પુકારી હંસલો કહે છે હવે શું હંસલી કરશે. ૮૩

લેખક —સુણી ઉત્તર એ કેદિનો વદી લીલી ઘણુ હરખી
લીલી—અરે એ ક્રુર માનવીનો કરીને કાળ એ હંસી ૮૪

છોડાવી હંસને લેશે, પ્રીતિનું પાન એ કરશે;
તહાં ના કોઈનુ વળશે નક્કી કો ના થકી ડરશે. ૮૫

લેખક–કહીને એટલું ચાલી લીલી રૂસ્તમ ગૃહે આવી,
ચુડીવાળો ગયો ચેતી, રહ્યો આનંદ વ લાવી. ૮૬

લેખક— (રૂસ્તમની સ્વર્ગે રવાનગી)

અમાવાસ્યા તણી રાત્રી વિષે ચકચુર રૂસ્તમજી;
પીવાડી વીસ્કીનો દારૂ; પીધો લ્હેજત બધી સમજી ૮૭

પડયો બેભાન રૂસ્તમજી લીલી છે ભાનમાં પુરી;
લીલીએ એજ રૂસ્તમને લગાવી કાળજે છુરી. ૮૮

તજી આલમ ગયો ફાની, અરે રૂસ્તમ સદા કાળે;
ન પ્યારી મીસ લીલીનું કદાપી મુખ એ ભાળે. ૮૯

ત્રીજોરી સાફ સહુ કીધી, વળી સહુ ચાવીઓ લીધી;
પહેરી સદ્રે રૂસ્તમનો, બની તે જેલમાં ચાલી. ૯૦

ઉઘાડી જેલને કાડયો ચુડીવાળો હતો જે તે,
મળ્યાં આલીંગનો દઈને, પલાયન લઇ કર્યું તેને. ૯૧

પગે મુસાફરી કીધી, રખે પકડાય ગાડીથી,
વટાવે ટેકરા ખાડા, ભર્યું જંગલ જે ઝાડીથી. ૯૨

ચુડીવાળો બન્યા ત્યાંથી, હવે તો રંક સંન્યાસી:
થઈ સંન્યાસીની લીલી, ગયાં એ વેષમાં નાશી. ૯૩

લેખક— **(મદ્રાસમાં લીલીનું પરાક્રમ)**

હવે લીલી ચુડીવાળો રહ્યાં મદ્રાસમાં આવી;
મીઠી દરીઆવની લહેરો થકી ભુલી ગયાં ભાવી. ૯૪

હતી રૂસ્તમ તણી પુંજી, લીલી તે સાથ લાવી'તી;
પહોંચી ત્યાં લગી ખરચી હવે તંગાસ આવી છે. ૯૫

કરે વ્યભીચારની મસ્તી શરાબે ના જરા કમતી.
કમાણી ના કરે કાંઇ, નથી મહેનત જરા ગમતી. ૯૬

જુગારી સંગ કીધો છે; ચુડીવાળો રમે રોજે,
સહુ લક્ષ્મી ગયો હારી, હવે સાધન વિના સોચે. ૯૭

ચુડીવાળો-જુગારી પુછતા આવે ચુડીવાળો કહે યારો;
કહો શું દાવમાં મુકું, હવે એકે નથી આરો. ૯૮

જુગારીઓ-હતા પાંડવ અતિ શુરા સતીને દાવમાં મુકી;
રમ્યાતા પ્રેમથી પાસા, અરે એ જાવ શું ચુકી. ૯૯

સતી વૈદભીને મુકી, રમીને ધુત નળરાયે,
પુરાતન વાત એ સાચી, સ્રીઓના દાવ મુકાએ. ૧૦૦

લેખક—ચુડીવાળો સુણી વાતો લીલીને દાવમાં મુકી,
છતાં એ પણ ગયો હારી, થઇ આશા બધી ટુંકી. ૧૦૧

કરી એ વાત ઘર આવી, લીલીને રે વદન ઢીલે;
લીલીએ આપીને હીંમત, ચુડીવાળો ચઢયો ચીલે. ૧૦૨

પહેર્યાં વસ્ત્ર લીલીનાં ચુડીવાળે કરી યુક્તિ.
ચુડીવાળાં તણાં વસ્ત્રો લીલીએ ધારીઆં જુક્તિ ૧૦૩

જુગારી આવીઆ ત્યાં તો ચુડીવાળો લીલી સમજી
ઉપાડી તે ગયા ત્યાંથી ખરો એ ભેદ ના સમજી ૧૦૪

ગૃહે જાતાં જણાયું છે, લીલી બદલે ચુડીવાળો.
થયા ક્રોધી અતિશે ત્યાં અરે એ જોઈ ગોટાળો. ૧૦૫

ફરી લીલી ખરી લેવા જુગારી દોડતા આવ્યા.
સમયને ઓળખી પોતે લીલીએ ધાઇ બોલાવ્યા. ૧૦૬

વદી વાણી પછી મીઠી જુગારી આવતા ઠાર્યા,
વદન હસ્તે નજર તીરછી વચન શર મોહના માર્યા. ૧૦૭

લીલી–જરા ખામોશ રાખીને શયનગૃહ આપ વિરાજો,
જુવાની જાય છે મારી જરા લહેજત ઉડાવી લ્યો. ૧૦૮

નથી મમ આંખથી નાચ્યા ન પીધા આ કરે પ્યાલા
શરાબે ઈશ્કની મસ્તી નથી લુંટાઇરે વહાલા. ૧૦૯

સુંની છે સેજ આ પ્યારા બીછાવી આપ માટે છે,
મદનની મોજ માણોને દુઃખોને તેહ દાટે છે. ૧૧૦

પીઓ પ્યાલા ભરી પ્યારા શરાબો આજ સુખકારી,
પછીથી રંગ માણોને તમારી હું હવે નારી, ૧૧૧

લેખક--બનાવી એમ જીભેથી જુગારી વશ કરી લીધા,
શરાબોના ભરી પ્યાલા પીવાડી તર્ત ત્યાં દીધા ૧૧૨

થયા તે ભાન ભુલીને પુરા ચકચુર ગાંડા તે,
ન શુધ્ધિ સાન કંઈ રહી છે બન્યા પુરા બધી વાતે. ૧૧૩
સકંચામાં લઇ ધીમે ચડાવી સાંકળો દ્વારે,
ચોપાસે આગ મુકી છે જુગારી હાય પુકારે. ૧૧૪
કીધું ઘર ખાખ બાળીને જુગારી ખાખ પણ કીધા,
પુરી સેતાન એ નારી હતી લીલીજ પાવરધા. ૧૧૫
છુટી તીર વેગથી નાસી ગઈ નીજ યારને શોધે,
વિચારો તે કરે આગ્રા મુને એ યાર કયાં જડશે, ૧૧૬

ભાગ ત્રીજો સમાપ્ત.

મુંબઈની શેઠાણી ભાગ ૪

ચુડીવાળાનું પુનઃ મીલન.

કરેલાં પાપની પાછળ, સદા ચીંતા ઉભી રહે છે;
ગણુાએ તે ભલે સારૂ. ખરાબી અંત પામે છે.

કરીને ભસ્મ જુગારી, ગઇ તે નાસી શેઠાણી;
ભટકતી જંગલે જાતી, કહું એની સુણો કહાણી.

હતી જાતે ભલે અબળા પરંતુ કામમાં પ્રબળા;
કટાક્ષો નેત્રનાં મારી નચાવે ધીરતો જબરા.

નીશાએ નાસતી જાતી, હતો અંધકાર પણુ એવો;
વિકટ રસ્તો હતો એવો, ડરાવે ધીરને તેવો.

સમે અંધકારમાં એવે, સુણ્યા શેઠાણીએ પગરવ;
અતિ ભયથી બની આભી, જઇ આગળ શકી તે નવ.

ઉભી શેઠાણી ફડફડતી, વળી ધીમા સ્વરે રડતી;
તહાં એક વ્યકિતને દીઠી, ચરણુમાં રે નમી પડતી.

થઇ વિસ્મય તે શેઠાણી, અહા આ શી બીના બનતી,
વળી મહા ભય થકી કષ્ટે; જરાએ કળ નથી વળતી.

શેઠાણી-તમે છો કોણ ને કયાંથી, અહીં આવ્યા શું કરવાને
કહો સાચું ખરેખર હા ? પડો પાચે શું કરવાને,

ચુડીવાળો-ચુડીવાળો તમારોજ, સદાનો દાસ હાજર છે;
તમે જે માટે દુઃખ વેઠયું, હવે તે દાસ હાજર છે.

સ્વીકારો કે હવે મારો, ગુનેગારી અમારી છે,
બચાવ્યો છે મુને આજે, ખબરદારી તમારી છે.

શેઠાણી-તીરસ્કારે વધ્યાં વાણી, કરીને ક્રોધ શેઠાણી,
તુને જોયો હવે નાણી; કપટ બાજી બધી જાણી.

હતે તું દુર થા અહિંથી, ન તારૂ કામ છે મારે;
હું મારે મારગે જાઉં, હવે તું પંથ પળ તારે,

તું કાજે સર્વને ત્યાગી, બની હું તો છું વિરાગી;
તું કાજે સ્નેહીઓ છોડયાં, હવે તું જો જરા જાગી.

તું કાજે પાપને વ્હોર્યાં, અધર્મી માર્ગ ચાલીને;
તું કાજે નાથને માર્યો, નરકનો પંથ ઝાલીને.

હવે વિશ્વાસઘાતીની, ચહુ ના સંગ તારો હું;
દીઠી મર્દાઈ તારી મેં, ખરો ભડવો હવે છે તું.

ચુડીવાળો—અયે દીલજાન દે માફી, હવે હું દાસ તારો છું
હવે આધીન તારો છું. વિચારૂ દોષ મારો હું.
ઉલંઘુ ના હવે આજ્ઞા, કહુ તું તે કરૂં તો હું,
કહેતો ગઢ છુંદી નાખુ, કહે સાગર પુરી નાખું.
કહે આકાશમાં ઉડું, કરૂ પ્રવેશ પાતાળે;
કહે તો કેસરી નાથુ, હુકમ તું ધારીને માથે.
અરે તું મેનકા મારી, દયા દીલજાન તું કરને;
રહમ નીધા કરી વ્હાલી, અરજ આ ઉર તું ધરને.
મને તું માફી દે બક્ષી, ન તો મરવું હવે ધાર્યું,
ચરણ તારે પડી કહું છું, કહી દેજે હવે ધાર્યું.
ચરણ તું શીશ આ મુકયું, થઇને દાસ હું તારો;
ઉઠાડી ભેટ ભાવે તું, નહિ તો ખડગથી મારો.
લેખક—ગણાયે જગતમાં અબળા, ખરેખર એજ કારણ છે;
કરે કુકૃત્ય આ વેશે, છતાં પણ કંઈક વારણ છે.
ચુડીવાળા તણાં વચને, ઉમળકો સ્નેહનો આવ્યો;
ઉઠાડી ભાવથી ભેટી, ઉરેઉર સ્નેહથી દાબ્યો.
હવે એ દંપતી સંપી, વિચારે જાવું કલકત્તા;
અહિં ખાસુ હવે ખતા, પુરી ત્યાં જામશે સત્તા.

બેગમના વેશે લીલીનું કલકત્તા આવવું

લેખક–વિચારી એમ ત્યાંથી એ. બની બેગમ લીલી પોતે;
ચુડીવાળો હતો જે તે થયો છે શાહજાદો એ.
વળી તે આવી કલકત્તે હવેલી ભાડે રાખી છે,
વળી કંઇ નોકરો રાખ્યા અમલદારીજ દાખીને.
હતો એ શહેર વિષે તો જુવારીમલ ઝવેરી તો;
પુરો પંકાય પઇસાથી હતો આદર્શ શહેરી તો.
ગયો છે નોકરો સાથે ચુડીવાળો ઝવેરી જ્યાં,
ખરીદી દાગીના લાવ્યો દઈને રોકડા થોડા.
ગૃહે લાવી વળી વેચ્યા અધુરા દામ તો બીડયા,
વળી લાવે અને આપે ભરૂષે શેઠને પાડયા.
હજારોના કરી પહેલાં કીધાં અધ લાખના સોદા;
હવે બેગમ તણાં મહેલે અરે એ શેઠ પણ પેધા.
હતી શેઠાણી બેગમ જે ઝવેરી પર કીધી પ્રીતિ,
કીધો ઘાયલ કટાક્ષે એ ઝવેરી પર કીધી પ્રીતી
થઈ દીન એક મોહાંધો ઝવેરી જોઇ એકાંતે,
બેગમને કોટે વળગે છે, જીગર વિરહા નળે સળગે.
હતો સંકેત પુરવેનો ઝવેરી આમ કરતો જ્યાં;
છુપાવી રાખેલાં સખ્સો થયા હાજર હજુરે ત્યાં,

ઝવેરીને લીધો જકડી વળી કંઇ માર મારીને;

ચુડીવાળો–કહે બદમાસ બેગમની લીધી તેં લાજ લુંટીને

તું પર ફરીઆદ માંડીને તને તો ઘાલશું કેદે,

કદાપી જીવવું ધારે અમોને પહોંચ આપી દે,

ઝવેરી–વિચારીને ઝવેરીએ, લખી અધ લાખની પહોંચો,

મુને સાહેબ છોડોને સ્વીકારો પહોંચ આ વાંચો.

લેખક-ચુડીવાળે લીધી પહોંચો ઝવેરી મુકત કીધો છે,

સફાચટ થઈ ઝવેરીએ, સ્વગૃહ માર્ગ લીધો છે.

વિલાસ મંદીરની રચના.

લેખક–પવિત્રજ વભવો ત્યાગી તને આ શું કહે સુંજયું.

અરે મુંબઈની શેઠાણી તને આ શું કહે સુજયુ.

હતી કુળવાનની નારી અરે મુંબઈની શેઠાણી,

સતી ધરમે સદા રહેતી પુરા એ ધર્મને જાણી.

પવિત્ર દેહ તેની તો હતી લાવણ્યમાં પુરી.

અધુરી ન કામના એકે પતિના પ્યારમાં પુરી,

હવે તે આજ છે લલના ચઢી ફેસન તણા ફંદે,

કરી રહી આજ ખુવારી લઢી રહી કામના જંગે.

પતિને ભુપિતો કરીને રમે પર નર તણા સંગે,

પ્રતિદીન ભ્રષ્ટ તે થાતિ સહીને દુઃખ તે અંગે

છતાં આનંદ માને છે, હજુએ ભ્રષ્ટ થાવામાં,
વળી આનંદ માને છે, થઇ ગુણકા એ ગાવામાં
હતી જે દેહ શું ચીતે, ગણાયે શ્વાનની ચાટે,
સતી ધરમે જે વખણાતી હવે એ થઇ સહુ માટે.
અરે અધ લાખની પુંજી, થઈ ભેગી હવે તેને,
હવેલી આગવી રાખી, ન પરવા કોઇની તેને.
મહી ફરનીચરો લાવી બનાવ્યો મહેલ વીલાસી,
ગલીચા જાજમો રૂડી, બીછાવી છે વળી ખાસી.
લગાવ્યા હાંડીને તખતા, વળી ઝુમર ઝુકાવ્યા છે,
અરે હા ! સ્વર્ગ ભુવનના, વળી માનો મુકાવ્યા છે.
હવેલી એ હતી તેમાં, છુટા પણ હોલ તો પાડયા,
ઉપર ત્રણ વર્ગનાં લેબલ, ખરી યુક્તિથી લગાડયા
અરે પ્રીય પાઠકો મારા, હવે એ હોલમાં ચાલો,
નિરીક્ષણ ત્યાં જઈ કરીએ, તહાં આનંદથી મ્હાલો.
ત્રીજા જે વર્ગના હોલો, વિલાસી સાધનો ઓછાં,
પથારી પાથરી સાદી દીવાબત્તી હતાં ધીમાં.
હતાં સંગારનાં ચિત્રો, ભીંતોએ ચોદીશે ચોઢયાં,
સુગંધી પણ હતી સાદી, ભીંતોએ ચિત્ર પણ કાઢયાં.
બીજા વર્ગે વિલાયતની, વિવિધ વસ્તુ ભરીપુરી,
પલંગો પાથર્યા તેમાં, ઉપર ગાદીજ મશરૂની.

વિવિધ સેન્ટો તણી સુગંધ મગજ તર તો થઈ જાયે;
અડાવ્યા કોચને સોફા, વળી ટેબલ અને ખુરશી.

શરમને વેગળી મુકી, વિલાસી ચિત્ર ટાંગ્યાં છે;
ઘણી રંભા સમી સ્રીનાં, અધુરાં અંગ ઢાંકયાં છે.

જુવે કે કો અનુભવ લે, નપુષક ભોગને ઇચ્છે,
હતી શોભા તહાં એવી, હવે હોલે પળો પહેલે.

પહેલા વર્ગમાં જાતાં, કમી ના ત્યાં કશી દીઠી,
સુંવાળી સેંજ બીછાવી, ઉપર ચાદર છે ફુલોની.

ફુવારા સેન્ટના વરસે, અખીલ એ હોલ મઘમઘતો.
ગલીચા રેશમી છાયા, હતા હાંડી ઝુમર તકતા.

ભીંતોએ ચિત્ર બેરંગી, થતી રંભા સમી નારી,
ઉઘાડે અંગ સર્વાંગે દીધો ટાંગી ઘણી સારી.

રતીસમ મસ્ત થાવામાં, મદીરા પાન હસ્નીમાં,
શીશા વાઇન અને વીસ્કી, બીલોરી કાચના પ્યાલા,

હતો આ હોલ સવોળે, મહીં વ્યંડળ ધરે વાજી,
નપુસક ભોગવે નારી, હતી એ ગોઠવી બાજી.

હતું એ મહેલની આગળ, વળી "વિલાસ મંદીરનું"
રૂડુ લેખક લગાવ્યું છે, ઘણાનુ એજ મન ગમતું.

ઘણાં નર નારીઓ ઇશ્કી, હવે અહીં આવતાં સ્હેલે;
પુરી મન મોજ માનીને, વળી ખીસ્સાં ખરચ પામે.

હતા બીજા ત્રીજા નામે વળી જે વર્ગ પાડયા'તા,
વિલાશી શહેરની સ્ત્રીઓ તણા પણ વર્ગ પાડયા'તા
તહાં તે આવતા રોજે ઉડાવી લ્હેરને જાતાં;
શેઠાણી ને ચુડીવાળો દલાલી તેહની ખાતાં.
પહેલા વર્ગમાં પોતે રહે મુંબઇની શેઠાણી,
હરાતું ધન ધનીકોનું કરે કોમળ એ શેઠાણી.
થઇ એ રીતથી પોતે હવે મુંબઈની શેઠાણી,
ગુણીકા ગૃહે અધીષ્ટતા, પ્રપંચી નાર પાપીણી.

ગુલજાર ગુણકા.

હવે નીમ નામને બદલી ધર્યું છે નામ "ગુલજારી"
ગુલે ગુલજાર એ ગુણકાજ ગણાઇ છે કલકતે'
તવંગર કે ગરીબો સૌ વકીલો કૈં અમલદારો,
સહુ ગુલજારને ગંખે ગણીને મરબતો સારો
મીટીંગો કે વિવા વખ્તે થતો મેળ.વડો મ્હેફીલ
વળી કો પારટી મધ્ય થતી ગુલજાર ત્યાં સામીલ,
વળી કો નાર પર નર કો કદી આશક થયો હોયે
ઘણાં ફાંફાં ભલે મારી થયો નિરાશ તે પોતે.
ભલે હો દેવની કન્યા ભલે લક્ષાપતિ કો હો
ભલે અધીકારી કોઈ હો બધું ગુલજારને ઓહો
મુદતસર મેળવી આપે કંઇ દુઃખ એમ કાપે છે,
અરે ગુલજારને તેથી. સહુ સન્માન આપે છે.

સતી વિનોદ પર ગુલજારનો પંઝો.

હતાં એ શહેર કલકત્તે, વિનોદા ચંદ્રને નામે;
સુખી એ દંપતી સારાં સદા સ્નેહ અને કામે.

વિનોદા છે સતિ નારી, કરે પતિ ચંદ્રની સેવા,
સતિના માન સાચવતા પતિ પણ હેતના એવા.

હત રૂપ ગુણમાં ચઢતી અરે દેવાંગના કરતાં
વિનોદા નામની વાતો જનો જ્યાં ત્યાં અરે કરતા

અધમ કામી તણો ડોળો અરે ઘણુ ત્યાં જઈ ઠરતો,
નરાધમ કોઈ જન જોઈ પ્રપંચી જાળ પાથરતો.

ફસાઇ જાળમાં પોતે અરે એ દુષ્ટ તો જાતા;
સતીને શ્રી હરી રક્ષે કશા આઘાત ના થાતા

ઘણા કંઇ ગોઠવ્યા ઘાટો વિનોદા પ્યાર કરવાને;
છતાં ઉંધા પડયા પાસા વિનોદા પ્યાર કરવાને.

ઉપાયો સર્વ યોજીને હવે હેઠે પડતા હાથો;
તજી આશા નિરાશામાં અતિ રોષે ફરે રાતો.

પડયું ત્યાં નામ છે કાને અરે ગુલજારનું તેને;
ગયો બિહારી ત્યાં ધાઇ કરી વાતો બધી તેને.

રકમ સારી દીધી તેને, પછી ઇનામ ઉપરનું;
ગુલજાર–બિહારી બે ફીકર રહેજો, વચન ગુલજાર વાણીનું
લેખક—કરીને વાયદો કાઢયો, ગયો છે ઘેર બિહારી;
વિનોદા કેમ સપડાયે, વિચારે એજ ગુલજારી.

વળી એક શેઠને ત્યાં તો હતો સંગીતનો જલસો;
હતી ત્યાં મુખ્ય ગાયીકા, અરે ગુલજારનો જલસો.

વિનોદાને પતિ પ્યારો, હતો જે ચંદ્રના નામે;
થયું જલસે નિમંત્રણ તો, જવાનું ચંદ્રને તેમાં.

રજા માગે વિનોદાની, અરે એ ચંદ્ર જાવાને;
વિનોદા તે નહિ ઇચ્છે, પીયુ વિભકત થાવાને.
મહા કષ્ટે રજા માગી, ગયો છે ચંદ્ર જલસામાં;
પતિ વિરહે ઝુરી પડતી, વિયોગી આજ તેવામાં.

ગયો જ્યાં ચંદ્ર જલસામાં, હતી ગુલજાર ત્યાં ગાતી;
અનેરા ભાવ પ્રગટાવી, હતી ગુલજાર ત્યાં ગાતી.

કટાક્ષે નેનના મારી, જીગર ઇશ્કી કરે જખમી;
બદનમાં ગુલબદન નારી, ચલાવી રહી મદન દોરી.

મદન જ્યાં ચંદ્રને વ્યાપ્યો, દીઠી ગુલજાર નખરાળી;
વિનોદાને ગયો ભુલી, રહયો તીરછી નજર ભાળી.

દીઠીએ ચંદ્રની સ્થીતિ, ગઈ ગુલજાર ચેતી ત્યાં;
ખતમ જલસો કરી સત્વર, જણાવ્યું ચંદ્રને સાને.

ગુલજાર—મહેલે આવજો મારા તહાં આ ભેટશે દારા;
ફુડા ત્યાં રંગ માનીશું, પધારો સાંજરે પ્યારા.

લેખક—ગઇ ગુલજાર એ ત્યાંથી, સીધાવ્યો ચંદ્ર પણ ત્યાંથી
થઇ ગડ ભાંજ ચંદ્રને, રવી નમતો હતો જ્યાંથી.

થઇ વેળા હવે જ્યારે, જવા ગુલજારના મહેલે;
વળી જોયું વિચારીને વિનોદા સ્નેહને તોલે.

ચઢી ગુલજાર નખરાળી, વિનોદા સ્નેહ આગળ તે;
સુતી મુકી વિનોદાને કર્યો વિચાર જાવાને;

દશા પલટાય છે જ્યારે, બધું બદલાઈ જાયે છે,
બધા પ્રતિકુળ સંજોગે, બુરા વિચાર આવે છે,

સગા ને સ્નેહીઓ ભુરાં, શીખામણુ આપતાં જ્યારે;
કુમાર્ગે કો ચડાવે તો અતિ સ્નેહી ગણે ત્યારે.
હતો આ ચંદ્ર તો કેવો, ખરે આદર્શ સંસારી
સતી ધરમે સદા રહેતી, વિનોદા તેહની નારી.

વિનોદા સંગતે રહીને, અમીફળને સદા ખાતો;
હવે વિષ્ટા તણા ભોગે, બની ગંધર્વ અરે થાતો.

મુકી છે ઊંઘતી નારી, નિશાએ ચંદ્ર તો ચાલ્યો
ગયો ગુલજારના મહેલે, અજીઠુ આજ ખાવાને.

તજી રંભા સમી નારી, ગયો ઉતાર આલમનો;
સીરસ્તો કુળનો ત્યાગી, ગ્રહયો છે માર્ગ જાલીમનો.

ફસાવ્યો ચંદ્રને પુરો અરે ગુલજારના પ્રેમે;
વિનોદાને ગયો ભુલી હવે ના છુટતો કેમે.

વિધીએ જે લખ્યું હોશે કશો ના ફેર થાએ છે;
ઘણા તપસી પડયા લપસી ઉતરતું એજ આવે છે.

ખરે મુંબઇની શેઠાણી બની ગુલજાર તું હાવે;
હવે ગુલજાર પાપોથી હજુ તે બાળશે કંઇએ.

શરમ ત્યાગી બની નીર્લજ પછી શું હોય કહેવાનું.
નથી પરવા તને કોની પછી શું હોય કહેવાનું;

હવે ડર દેવનો રાખી કહે તું ચાલશે કયારે;
નથી કંઇ માલ પુછવામાં મઝા માને છે પાપોમાં.

અરે કમબખ્ત નાહાની કરી તેં પાપમાં પડતાં;
જીગર તું કેમ ચાલ્યું છે વિનોદાને જરા નડતાં.
પુરૂષો પાપમાં પડતા સ્રીઓનો દોષ શાનો છે.
ચઢે કુમારગે નારી પછી એ દોષ કોનો છે.

હવે ગુલજાર મન ધારે વિનોદા આવશે તાબે;
બિહારી મન મનાવાને વિનોદાને લઇ તાબે.

હતી શોખીન વિનોદા વળી સંગીતના નાદે;
વિચારી ઘાટ ગુલજારે ગઈ સંગીતના બ્હાને.

હતી સંગીતમાં પુરી અરે ગુલજાર એ ગુણકા;
વિનોદાને શીખાવાને જતી ગુલજાર એ ગુણકા.

થઇ છે ગોઠડી બેને હવે ગુલજાર વિનોદા;
હંમેશાં આવતી હેતે વિનોદા ઘેર ગુલજારી.

શીખીવતી સાથ સંગીતે રતીનું શાસ્ત્ર હુલાસે
રસીક એ શાસ્ત્રને રંગે વિનોદા શીખતી હાંસે.

પુછયું એક દી વિનોદાને વખત જોઇને ગુલજારી,
વદો સાચું વિનોદા આ પતિ તમને ન કયમ ચાહે,
તમારા રૂપને ગુણની કદર તે તો નથી કરતા;
પતિમાં પ્રેમની ખામી પરાઈ નારથી રમતા,

તમો રંભા સમાં ત્યાગી અવરને એ શું ચાહે છે,
છતાં એ તેહની ઇર્ષા નહિ તમને શું આવે છે.

અરે બેની વદે એ શું પતિના દોષ શા જોવા;
ન નિંદા પારકી કરવી નકામા મેલ ન ધોવા.
સતી સ્રીએ કદી નાએ પતિના દોષ જોવાયે;
પતિ આજ્ઞા અનુસરવું સતિનો ધર્મ એ હોયે.

હજુના ભાન દુનીઆનું વિનાદા ના થયું તમને
કથન છે આપનું સાચું છતાં અપવાદ તેમાંયે
સતી જે રાખતી રીતી પતિ પણ એમ જો વર્તે
ન હોયે તોજ કહેવાનું ભલે છો એમ એ વર્તે

પતિ હોયે દુરાચારી જતો વેશ્યા ગૃહે દોડી;
ભલે પતિ દેવ જેવા પણ ગણાયે કીમતી કાંડી.

પ્રભુનો ન્યાય સરખો છે ભલે નર હોય કે નારી,
પુરૂષો મન ગમે મ્હાલે સ્ત્રીઓ શું કેદ રહેનારી.
નથી એ ન્યાયની રીતી સ્ત્રીઓ શાને હશે બીતી,
પુરૂષો જાર રમતા જો સ્ત્રીઓની તજી નીતિ.
યથા રાજા તથા પ્રજા કહે છે શાસ્ત્ર પોકારી,
પતિ જેવા સતી તેવી રહેવા છે અધિકારી.
વીચારી ન્યાયની વાતો, દુઃખી બેની થતી શાને,
પતી તુજ જારને રમતો તું તો એ મારગે જાને.
છબીલો કોઇ ખોળી લે પુરે મન કામના તારી.
પતિની આશને ત્યાગી, શીખામણુ એજ છે મારી.
વિનોદા—સખી આ શું વદો વાણી સુણીને ક્રોધ ઉપજે છે
પતી મારો દુરાચારી, કદી ના હોય શું કહે છે ?
કરે પરનાર થકી યારી સતીનો એ ન મારગ છે,
હવે એ વાત ન ઉચ્ચારો, સતીનો એ ન મારગ છે.
ગુલજાર—તમો બેની નહી માનો પ્રત્યક્ષ આવો દેખાડું,
પતિ બાહેર તમ જાયે તમો તે વખ્ત આવોને.
સીધાં મુજ ઘેર તો આવો પતિ તમ જે રમે જારી,
પ્રત્યક્ષે તે નીહાળોને ભસ્મ તમ ભાગશે ભારી.
લેખક—કહીને એટલું ઉઠી ગઈ ગુલજાર નીજ ધામે
કરે વિચાર વિનોદા ખરૂં તો શું હશે આમાં.

વિનોદા જાણુતી હજુએ, હશે ગુલજાર શેઠાણી;
હશે કુળવાનની કન્યા, વળી કો રાયની રાણી.

વિચાર્યું સાંજરે જાવા, પતિના દોષ જોવાને,
પતિ પાછળ ગઈ રાત્રે, પતિના દોષ જોવાને.

હતું વિલાસ મંદિર જ્યાં, વિનોદા આવી ત્યાં રાત્રે;
મળી ગુલજારને જઈને, ગણી એનેજ સુપાત્રે.

મળ્યા ગુલજાર વિનોદા, કરી કંઇ ગોષ્ટી તો છાની.
વિનોદાને પછી લઈને, ગઈ ગુલજાર તો છાની.

જઈને હોલમાં જોયું, રમે છે ચંદ્ર જ્યાં જારી,
થઈ વિસ્મય વિનોદા ત્યાં પતિ સહ જોઈ પરનારી.

અતિ વ્યાકુળ થયું તન છે, નીહાળીને વળી પાછી,
બીજા હોલે જહાં આવી સુગંધી કાંઇ સુંઘાડી.

થઇ બેભાન તે વેળા, બિહારી આવીયો તેવે,
પથારીમાં પડી છે તે, હતી બેભાન જ્યાં તેવે.

વિનોદા છે સતી તેનું અહીં બેલી નથી કોઈ,
હતી ગુલજાર પણ તે તો દુરેથી છે રહી જોઈ.

હવે આરામ લ્યો વાંચક, અધુરી રહી અહીંથી જે,
કહે કઠલાલકર એવું, પુરી પંચમ થશે ભાગે.

ભાગ ચોથો સમાપ્ત.

મુંબઈની શેઠાણી

યાને

સુધરેલી સુંદરી

ભાગ ૫ મો.

રાગ—ગઝલ

કર્તા–ગઇતિ ઝેર આપીને અરે શેઠાણી એ જ્યારે,
હતું ધાર્યું હવે તેણે સીધાવ્યા શેઠ તો સ્વર્ગે. ૧
ગઇ તે ઝેર આપીને ચુડીવાળા સહે ફરવા,
અધમતા અંગ ધારીને થઇ ગુલજાર તે ગુણકા. ૨
દશા શું શેઠની અહિંઆં થઈ વાંચક વિચારોને.
મુકીને શેઠને સુતા ગમ્યું જાવું એ નારીને. ૩
લઇને સર્વ દાગીના ગઈ દીલદારના સંગે,
સુવાડી શેઠને સ્હેજે ગઇ દિલદારના સંગે. ૪
સવારે સુર્ય તો ઉગ્યો દીધેલાં શેઠનાં દ્વારો,
નિહાળી પોળના લોકો ઘડે છે કાંઇક વિચારો, ૫
ગયા શું શેઠ કો ગામે લઇ શેઠાણીને સાથે,
થયા લોકો ઘણા ભેગા ચઢયા વિધ વિધ તે વાતે. ૬
દીધેલી બહારની સાંકળ છતાં તાળુ નથી વાસ્યું,
અરે તેથી ખરેખર તો ખરૂં કૌતક હવે ભાસ્યું. ૭

ઉઘાડયું દ્વાર લોકોએ પ્રવેશ્યા મહેલની માંહે
જનો ન્યાળી જુવે જ્યાં તો થયા વિસ્મય બધા ત્યાંહે ૮
ઉઘાડી છે ત્રીજોરી તો વળી પેટી પટારાં તો
કરી ખાલી બધાં ખોખાં મુકયાં છે દુર તાળાં તો ૯
વ્યવસ્થા હિન છે ચીજો જનો જોઈ ચમકતા તે
જનો વિચારતા એવું થઇ ચોરી ખરી રીતે ૧૦
ગયા સહુ માળ પર જોવા નવીન પણ ત્યાં નિહાળ્યું છે
સુતા છે શેઠ શય્યામાં નજરથી એહ ભાળ્યુ છે ૧૧
સંબંધી કો જઇ પાસે જગાડે શેઠને બોલી
ગયું છે ઝેર તો વ્યાપી શકે તે શી રીતે બોલી ૧૨
અવાચક શેઠને જોઈ જઈ પાસે વળી જોયું
સીધાવ્યા શેઠ તો સ્વર્ગે જઇ પાસે જહાં જોયું ૧૩
મુખે દઈ હાથ ને જોયું જરા કંઇ શ્વાસ છે ઉનો
ત્વરાથી શેઠને લીધા મુકી આવાસ આ સુનો ૧૪
દવાખાને જઇ વહેલા કીધા ઉપચાર કંઈ સારા
બધાં અહિં શેઠનાં આવ્યાં કરેલા પુન્ય જે સારાં ૧૫
ક્રમેથી ઝેર ઉતરતું થયું ચેતન શરીરે જ્યાં
ઉઘાડી આંખને જોતાં ખરેખર ભાન આવ્યું તો ૧૬
બનેલી પુર્વની બીના બધીએ શેઠ તો ભુલ્યા
હવે શેઠાણી કયાં મારી વિચારે શેઠજી ડુલ્યા ૧૭

ગૃહે જઇને નીહાળ્યું તો બધાં ખોખાં દીઠાં ખાલી
વિચારે શેઠજી મનમાં ગઈ શેઠાણી ક્યાં ચાલી ૧૮

શેઠ—ઉપાડી કો ગયો નકકી અરે શેઠાણીને પઈસો
મુને તો ઝેર આપીને હરી લીધો બધો પઈસો ૧૯

સતી એતો હતી નારી અરે એ સુંદરી મારી
પતિવ્રત પ્રેમથી પાળી રહેતી પાસ તે મારી ૨૦

ઝુરી મુજ માટે એ મરશે કહિ જીવ ઘાત એ કરશે
અરેરે હાય એ નારી મુને ક્યાંથી ફરી મળશે ૨૧

હવે હું શોધમાં જાઉં—જઈ શેઠાણીને લાવું
મળે ના જો કદી કંઇએ ફરી પાછો નહિ આવું ૨૨

કર્ત્તા—વિચારીને દિલે વળતાં બધાં કામો મુકયાં પડતાં
પળ્યો છે શોધવા પંથે વીતી દીનો વરસ ગણતાં ૨૩

ત્વરાથી સ્ટેશને આવ્યો ટીકીટ લઇ ટ્રેનમાં ચાલ્યા
મુખે શેઠાણીને ઝંખે જીગરમાં ક્રોધ છે પેઠો ૨૪

તરંગો અવનવા કરતો હવે એ ટ્રેનમાં ચાલ્યા
ઘડીમાં લાવું શેઠાણી ગણી મનમાં ફુલ્યા ફાલ્યા ૨૫

વળી જે પરભવે પુન્યો અને પાપો કરેલા જે
અરે આ જન્મમાં આગળ ખરે આવી કરેલા તે ૨૬

હતું એ શેઠને માટે અધુરૂં પુર્વનું દેવું
વિધિએ બાકી રાખેલું પડયું તે આ ભવે દેવું ૨૭

નટુશા શેઠની ગાડી વસઇની ખાડીમાં આવી
અભાગી શેઠના કરમે બંધાંતું પણ ફર્યું ભાવી ૨૮

હતી એક ગુડસતો સામી જણાઈ આવતી ચાલી
નિમીષમાં તેજ અથડાણી ન હીકમત કોઇની ચાલી ૨૯

થયાં એન્જીન ભુકો ભાગી ડબા સરવે ગયા ભાગી
ઉતારૂ કંઇ પડયા દરીએ કંઇ કચ્ચર થયા ભાગી ૩૦

કંઈ જઇ સ્વર્ગમાં પહોંચ્યા સ્વજનને દુર મુકીને
પડયા દરીએ ગયા પણ એ જીવ્યાની આશ મુકીને ૩૧

હવે એ વાંચકો મારા ઉતાવળથી જઈ જોઈએ,
નટુશાની ગતી શી છે ખબર તેની જરા લઇએ ૩૨

હતા એન્જીન પાસેના ડબામાં શેઠ બેઠેલા
ખબર તેથી પડી પહેલી ગયા ચેતી અરે વહેલા ૩૩

વણીકની જાત એવી છે સમય વર્તી બધો જાણે
ઘડીમાં શેઠ થઈ બેસે વળી દેવાળું પણ તાણે ૩૪

ફસાયે રાનમાં કોદી થઇને વાણીઆ ભાઇ
જરૂર છુટી જશે એ તો કહીને બાપ કે ભાઇ ૩૫

બજારે વાઘથી ભુંડા ફુંકી ચુસી નસો લેશે
વધુ બોલો વળી મારે હસી સાળાં વળી કહેશે ૩૬

વણીકના વખાણ એ સર્વે નટુશામાં હતા પુરા
અગમ ચેતી હતી બુદ્ધિ બધી વાતે હતા પુરા ૩૭

અહીં જોખમ તણી આવી અણી જાણી નટુશાએ
નજર ખાડી વિષે નાખી દીઠુ છે વહાણુ તો ત્યાંએ ૩૮
કહી 'જયકૃષ્ણ' તો શેઠે મુક્યું ખાડી વિષે પડતું
જીવ્યાની આશ તો છોડી નટુશાએ મુક્યું પડતું ૩૯
પડયા જ્યાં શેઠ પાણીમાં તહીં બાઝી પડયા વહાણે
રહેલા વહાણના લોકે લીધા એ શેઠને તાણી ૪૦
નટુશાને લઇ નૌકા ગઇ દરીઆ વિષે ચાલી
સુતાતા શેઠ બેહોશે ગઇ નૌકા હવે ચાલી ૪૧
ધર્યાતા દાગીના અંગે બધા તે તો હરી લીધા
હવે નાહ્યા અરે ધોયા સમાએ શેઠને કીધા ૪૨
હતા જે પાસમાં પૈસો લીધો તો ખર્ચ માટે જે
લીધો એતો બધો લુંટી ખરો આ ભક્ષ માને તે ૪૩
કંઈ કાળે વળી શાતા થયા છે શેઠ તો બેઠા
નજરથી ન્યાળી સાગરને મહા ઉચાટ તો પેઠા ૪૪
અહાહા શી ગતી મારી થઇ છે આજ દુખકારી
હવે કયાંથી મળે નારી બધી ભીડાઇ છે બારી ૪૫
વણીક ચોધાર ત્યાં રડતો વિવિધ વીલાપ તે કરતો
મને ઉતારશે કયાં તો હશે આરામ શું ત્યાં તો ૪૬
વણીકની આ દશા જોઈ બધાએ પાસ આવીને
રડો શાને તમે ભાઈ દુખે ઉદગાર લાવીને ૪૭
બચાવ્યા જીવતા મરતાં છતાંએ કેમ છો રડતા
અમારી સાથ આવોને રખે અમથી તમે ડરતા ૪૮

રડી આંખો કરી સતી પુછે છે શેઠ ધીરેથી
મુને ક્યાં લઇ જશો ભાઈ ન ઉતર્યું દુખ શીરેથી ૪૯
હતો મુજ પાસ જે પઈસો બધોએ ક્યાં ગયો તેનો
નથી પતો મુને લાગ્યો જરા ઉચાટ છે તેનો ૫૦
વળી ઉચાટ છે બીજો લઈ નારી ગયો કોઈ
જતો હું શોધવા તેને દુખે તેને સહ્યો રોઇ ૫૧
અચાનક આંહી આવ્યો છું ગતી મારી થશે કેવી
કર્યો નિશ્ચય હવે જગ્યા સ્વીકારી સ્વર્ગની લેવી ૫૨
દુખોમાં દીન વીતાવ્યા ઘડી ના સુખની આવી
દગો રાખી અરે મારૂં વિધાતાએ ઘડયું ભાવી ૫૩
તમારા ચર્ણમાં મારૂં હવે માથુ પડયું આવી
પ્રભુ બદલો બધો દેશે ઉગારો રહેમ જો લાવી ૫૪
સુણી આ શેઠની વાણી વસેલા વહાણના લોકો
વદ્યા વાણી વળી એવી સરસ આ જોઇને મોખો ૫૫
ધીરજ તુ ધારજે ભાઇ નથી ધોખો અહી કાંઇ
અચાનક તુજને અર્પ્યો અમારા વહાણની માહી ૫૬
પડયો તું તો પ્રભુ ખોળે હવે તું જાણજે એવું
સુખે તું જીંદગી જાશે દુખોનું નામ ના લેવું ૫૭
વળી કો આવશે બંદર તહાં ઉતારશું તુજને
પછી મન ચાય ત્યાં જાજે બધીએ છુટ છે તુજને ૫૮
વળી શાતા સુણી વાણી અરે એ શેઠને હાવે
મળીને સર્વ રહેતો બધી વાતો કરે ભાવે ૫૯

મહાસાગર વિષે નૌકા મજલ એ કાપતી જાતી
અનેરી શેઠના મનમાં અરે આશાજ ઉભરાતી ૬૦
ઉતરશું બંદરે જઇને પછીથી ચાલતા જઈશું
કમાણી કંઈ કરીશું ને ખરચ એ મેળવી લઇશું ૬૧
પછીથી ગાડીએ બેસી મુસાફરી દેશમાં કરશું
વળી ગૃહદેવીને માટે બધાં તીર્થો ફરી વળશું ૬૨
ત્રીલોકે તે ગઇ હોશે તહાંથી લાવશું તાણી
નરાધમ તેહને મારી ભરાવું હું હવે પાણી ૬૩
લઇ એ સુંદરી સંગે જઈ મુંબઇ તણા મહેલે
રમીશું લહેરમાં રેને ચુમીએ ગુલચમન ગાલે ૬૪
ભુલ્યા છે ભાન એ તનનું સમજતા મહેલમાં બેઠા
અરે આ વહાણ સાગરની બધી બાબત તજી બેઠા ૬૫
કરે શેઠાણીની પાસે અરે વાતો વળી જેવી
હતી કર નેત્રને મુખની થતી ચેષ્ટા બધી તેવી ૬૬
પડયો હંટર તણો ફટકો અરે એ શેઠની પુંઠે
વિચારોનાં વમળ તોડી, પોકારી શેઠ તો ઉઠે ૬૭
નજરથી મહેલ નાઠો છે ગઈ શેઠાણી છે નાસી
જુવે છે શેઠ ન્યાળી તો વિચારે છે દશા આશી ૬૮
લઈ હંટર ઉભો સામો અરે ચમકુત જેવો કો
વદયો વાણી તહાં વળતો સુણો ઓ શેઠીઆ લોકો ૬૯
અમારૂ સ્થાન આ આવ્યું ઉતારો ત્યાં તમારો છે
તમોને ત્યાં લઇ જઈશું ઇરાદો એ અમારો છે ૭૦

ત્વરાથી પાછળે આવો, જરા સંદેશ ન લાવો
તમારો આંહીના ચાલે કદી હા, ના તણો દાવો ૭૧
સીતમ તમપર ગુજારીશું કરીશું દીલ ધારીશું
વધુ ચકચાર જો કરશો, વગર મોતેથી મારીશું ૭૨
અમલ અહીંઆં અમારો છે અમો સરકાર પણ અહીંના
અમારી આણ અહીં ફરતી અમોને કો કહે કંઈ ના ૭૩
એમે તો ચાંચીયા લોકો અમારો એજ છે ધંધો
હું તો સરદાર છું તેનો અમારો એજ છે ધંધો ૭૪
તમારી પાસનો પૈસો બધો લુંટી લીધો પુરો
તમોને વેચશું જ્યારે બધો સોદો થશે પુરો ૭૫
બધુએ શેઠ જ્યાં સમજ્યા થયા બેહોશ જાણીને
તહાં હંટર તણા ફટકા લગાવ્યા પીઠે તાણીને ૭૬
ઝડપથી શેઠ તો ઉઠયા ઉતરીયા વહાણથી નીચે
થયા આગળ પુછયા વિના, દુખેથી દાંત તો ભીંચે ૭૭
જતો પાછળ ધીમે ધીમે અરે સરદાર એ શોખે
જતાં અહિં શેઠજી મનમાં વિચારો ભાવીના ગોખે ૭૮
હતી વસ્તી ઘણી થોડી બધાએ માછી લોકોની
ઉજાળી વર્ણની ત્યાં તો બીજી વસ્તી ન'તી કોની ૭૯
નીકળીઆ બહાર વસ્તીની નટુશાને ઉભા રાખ્યા
અતિશય સ્નેહ રાખીને કસી પાટા વળી બાંધ્યા ૮૦
નટુશાને લીધા દોરી પુંઠે સરદારની જાએ
અરે ક્યાં જાય છે દોરી નટુશાથી ન જોવાએ ૮૧

હતી નિર્જન ભુમિ આતો નટુશા તો અનુમાને
પગે કાંટા અને કંકર ઘણુએ ચાલતાં વાગે ૮૨
પડે ખાડે ચઢે ઢાળે નહિ દીશા કંઈ સુઝે
ઉઝરડા અંગમાં થાએ છતાં કો ના ખબર પુછે ૮૩
નટુશા ધારતા મનમાં કળા કીસ્મત તણી કેવી
કહાં મુંબઈ તણા મહેલો હવા કયાં રાનની લેવી ૮૪
વતન કયાં સાગરે મારૂ કહાં જીવન તણી દોરી
અધુરી આપદા અહીંઆં લીધી હાથે કરી વ્હોરી ૮૫
લઈ એ ચાંચીઆ લોકો અરે એ શેઠને જાતાં
મહા જંગલ તણા રસ્તે ઉમંગેથી અરે જાતાં ૮૬
કરી છે શેઠની આંખો પ્રથમથી બંધ બાંધીને
ન રસ્તે તે જઈ જાણે કદી અનુમાન બાંધીને ૮૭
અરે તે દીનભર ચાલ્યા રવી પણ મેળ બેઠો છે
અહીંઆં શેઠના મનમાં મરણ ભય સ્હેજ પેઠો છે ૮૮
હવે જીવ્યા તણી આશા નટુશાએ વળી છોડી
પ્રભુનું નામ ઉચારે હવે એ હાથને જોડી ૯૦
પુરો અંધકાર જ્યાં જામ્યો નટુશાને ઉભો રાખ્યો
વળી તે આંખનો પાટો પછી છોડી ધીરે નાંખ્યો ૯૧
નિહાળે છે નટુશા તો મહા જંગલ દીઠુ ત્યારે
વળી અંધકાર દેખીને બહુ ગભરાય છે ત્યારે ૯૨
ઉભા છે ચાંચીઆ લોકો દીઠા છે એ નટુશાએ
થયો ભયભીત ભારે એ પ્રભુ આ શું હવે થાએ ૯૩

નદુશાને લઇ સાથે પછી એ ચાંચીઆ ચાલ્યા
જઈ થોડે દુરે ઉભા વળી છે શેઠને ગાલ્યા ૯૪
ઉપાડી એક ત્યાં શીલા ગુફા માંહી સહુ પેઠા
વળી ત્યાં શેઠને પહેલા અરે આગળ કરી દીધા ૯૫
હતું ત્યાં ઘોર અંધારૂ કર્યો પ્રકાશ દીવાનો
ગુફામાં ઉતર્યા સરવે સરળ છે માર્ગ જાવાનો ૯૬
હતી સીડી ચણેલી ત્યાં વળી છોબંધ વાળી તે
નદુશા સાથ એ લોકો બધા સંભાળીને ઉતરે ૯૭
ઉતરતો જેમ ઉંડે તે બધું બિહામણું લાગે
સરસ તો કામ શોભીતું નદુશા જીવતો ભાગે ૯૮
ગયા ઉંડે ગયા ઉતરી તહાં ચોગાન તો આવ્યું
બનાવ્યા હોલ ચોપાસે નજર જન કોઈ પણ નાવ્યું ૯૯
સુશોભીત પુષ્પની વાડી વળી છે હોજ પાણીનો
છતાં ઉચ્ચાર ના થાએ અરે કો પ્રાણી વાણીનો ૧૦૦
શીટી સરદારની વાગી અરે એવે સમે ત્યાં તો
અરે જન એક ત્યાં આવ્યો સુણ્યો એ સાદ જ્યાં તો ૧૦૧
ઉભો કુનીંશ બજાવીને હુકમ સરદારનો સુણવા
વળી સરદારને એતો ગયા કંઇ વાતને કરવા ૧૦૨
કરીને વાત તે આવ્યા ગયો સરદાર એ ત્યાંથી
ઉઘાડી બારણું બીજું ગયો સરદાર એ ત્યાંથી ૧૦૩
બીજા જે ચાંચીઆ લોકો નીમેષે તેજ વેરાયા
હવે અહીં શેઠની ડરથી બધી કંપી રહી કાયા ૧૦૪

રહયો નોકર હતો પેલો લઇને શેઠને ચાલ્યો
જુદો એક હોલ ઉઘાડી મહી તો શેઠને ઘાલ્યો ૧૦૫
ગયા સહુ ઠામ પોતાને નટુશા કેદમાં નાંખી
ન ખાવા કે પીવા કેરી કશી હરકાર ના રાખી ૧૦૬
ભુખે દુખે વિતાવી છે નટુશાએ બધી રજની
અહિ એ સાંભરી પેલી અટુલી એકલી સજની ૧૦૭
સવારે સુર્ય તો ઉગ્યો અહીં પ્રકાશ પણ આવ્યો
નટુશા તે રહયો જોઈ નીકળવા તે નહી ફાવ્યો ૧૦૮
ઘડી દીન એ ચઢયો જ્યારે તહાં સરદાર તો આવ્યો
નીરખતાં નોકરે આવી સરસ સોફો બીછાવ્યો છે ૧૦૯
અનુચર એક હુકમથી ચપળતાથી ગયો ચાલી
ઘડીમાં આવીયો પાછો લઈ એક સુદરી ઝાલી ૧૧૦
અહાહા રૂપ તેનુ શું ભભુકી તે રહ્યું તેજે
શશીથી સુંદરી ચડતી નીહાળી આજ એ તેજે ૧૧૧
વરસ તે સોળની એતો ખીલેલી એ કળી સમસી
રહી છે દુખમાં તોએ રહી અમી ધારતો વરસી ૧૧૨
પ્રવરશા હોઠ છે રાતા ભ્રમર શું કાળુ લાંછન છે
ગુલાબી ગાલમાં ખાડા પડયા દુખે કહ્યું તન છે ૧૧૩
છતાં સૌંદર્યમાં ખામી જરા ના આવતી જોતાં
સુઝાયાં નેત્ર છે કુણાં અરે બાળા તણાં રોતાં ૧૧૪
હતો સરદાર જ્યાં બેઠો તહાં બાળા કીધી ઉભી
હતો જમદુત જેવો જ્યાં બીચારી બાળા ત્યાં ઉભી ૧૧૫

વધારી દેહ સરદારે થયો જાડો અતિશય તે
વળી કાળો હતો એવો ખરો કાજળ તણો કટકો ૧૧૬
વસે જેમ મેઘમાં વિજળી દીસે એ સુંદરી તેવી
અસુરો હાથ આવી છે ખરે સાક્ષાત એ દેવી ૧૧૭
વદ્યો સરદાર ત્યાં વાણી થશો કે મ્હારાં રાણી
મુકીને આંબળો મનનો ભરી આશા વદો વાણી ૧૧૮
સ્વીકારી લે ગણી તારો અમારો દાવ આવ્યો છે,
પરણુવા તાહરી સાથે તને તો આંહિ લાવ્યો છું. ૧૧૯
વદી નારી તહાં વાણી અતિશય ક્રોધ લાવીને
પ્રપંચી કાંઈ ના વળશે મને તો આંહી લાવીને. ૧૨૦
દુખેથી દેહ આ પાડુ છતાં તારૂં નહિ ચાલે,
પ્રભુ તુંજ કૃત્યનો બદલો જરૂર તુને હવે આલે ૧૨૧
મુને દુખે રીબાવો છો પ્રભુ એ ના શકે સાંખી
અહી એકાંત ના જાણો પ્રભુ આંહિ રહયો ઝાંખી ૧૨૨
સુણી સરદાર તો બોલ્યો પ્રભુ તારો નહી આંહી
નહિ માને બલીદાને હોમાસે કુંડની માંહી ૧૨૩
અમો નવરાત્રીનો ઉત્સવ જઈને મંદીરે કરશું
તહાં સો જીવના ભોગો જઈને દેવીને દઇશું ૧૨૪
ઉગરવું હોય જો તારે કહ્યું તું માનજે મારૂં
નહિ તો જાનથી મરતાં જીવન એળે જશે તારૂં ૧૨૫
સુણી વાણી બધી એની વિચારે સુંદરી મનમાં
અહિ કોઈ નથી મારૂં મરણુ છે આખરે મનમાં ૧૨૬

કપટ જોઉં કરી તેમાં ફળે જો કામ ત્યાં મારૂં
નહિ તો હાથથી મરવું ખરૂ છે વૃત એ મારૂં ૧૨૭
વિચારીને વદે વાણી સુણો સરદાર ઓ શાણા
અતિ આગ્રહ તમારો છે સ્વીકારૂ હું તમો શાણા ૧૨૮
મુને ત્રણ માસનું વૃત છે પછી તમ સાથ હું પરણું
પુરી આશક તમો પર છું તમારા ગુણ શા વરણું ૧૨૯
બધી દો કુંચીઓ સોંપી છુટી મુકો મને આંહી
ખુશીથી ખાઈને તત્પર થવું ત્રણ માસની માંહી ૧૩૦
ફુલ્યો સરદાર વાણીથી ભુલ્યો તે ભાન વાણીથી
હતો જે વજ્રથી ભુંડો વધુ પીગળ્યો એ પાણીથી ૧૩૧
દીધી કુંચીઓ બધી સોંપી છુટી એ સુંદરી મુકી
બતાવ્યા છે છુપા રસ્તા વળી મીલકત બધી સુધી ૧૩૨
હવે આ સુંદરી ખાતી છુપી એ બાતમી રાખે
છટકવા ખોળતી બારી ઘણી હીંમત હજુ દાખે ૧૩૩
છતાં ના લાગ તો ફાવે કદાપી તેહ પકડાયે
અરે એ બીકથી પાછી ચઢીને તે પડી જાએ ૧૩૪
રહ્યા ત્રણ માસમાં થોડા દીનો બાકી વળી આડા
હવે મરવા તણી આશા ધરી રહી શોકથી બાળા ૧૩૫
નીરાશાથી હતી બેઠી અરે એક દીન તે બાળા
નદુશાએ કરી શાને બોલાવી પાસ તે બાળા ૧૩૬
તહાં બાળા ગઈ પાસે ઉઘાડી ઓરડી દીધી
પુછીને વાત પ્રેમથી બધી ઓળખ કરી લીધી ૧૩૭

નટુશા બહાર આવીને સજી સાડી લીધી અંગે
સજાવ્યાં વસ્ત્ર પોતાનાં અરે એ સુંદરી અંગે ૧૩૮
હતી સરદારની આજે પરણવાની અરે અવધી
ઉમંગે તેહ આવ્યો છે મલાજે સુંદરી બેઠી ૧૩૯
ઝીણા સ્વરથી વળી બોલી નટુશા સુંદરી રૂપે
પુરૂં વ્રત આજ કરવું છે. ભરો કાષ્ટો પુરાં કુંડે ૧૪૦
કહ્યું તે સર્વ કીધું છે મહી એ સુંદરી હોમે
અહિં સરદાર તો ઝુરે મદન વ્યાપ્યો પુરો રોમે ૧૪૧
વિરહના તાનમાં ગાતો, મને તો મોહના માતો
સુણો વાંચક તમે મારા હતો એ શું હવે ગાતો ૧૪૨

સરદાર— — ગાયન —

વ્હાલાં વહેલાં આવોરે; દયા દીલમાં લાવોરે—
કાપ પડયો કાળજે હોજી
નયન કટારી મારીરે કર્યો મુને આજારીરે;
કાપ પડયો કાળજે હોજી

સાખી—સજ્જનનો એ ધર્મ છે; દે યાચકને દાન;
કાયા કર અર્પણ મને, થાશે તુજ કલ્યાણ,
ડંકો મૃત્યુનો વાગેરે, સરાપ મારો લાગેરે;
ચીર્યું તે મારૂં ચીતડું હોજી
ઝુરી ઝુરી હું મરતોરે મદન તાપથી બળતોરે.
ચીર્યું તે મારૂં ચીતડું હોજી

સાખી—પ્યારી પીંગળા માહરી, હું તારો હયપાળ
સદેવંત હું તો બન્યો સાવળીંગા તું નાર

લયલા—કહ્યું મુજ માનોરે, મજનુ બન્યો દિવાનોરે
કાપ પડયો કાળજે હોજી
ફરહાદ ઝુરૂં હું તારોરે શીરીન બની ઉગારોરે
કાપ પડયો કાળજે હોજી
સાખી—રંભા કહું કે ઉર્વશી, મુખ પુર્ણીમા ચંદ્ર
તેવું રૂપ છે માહરૂં સ્વર્ગ તણો હું ઇંદ્ર.
ઝુલે બંકાવલી મારીરે ટળવળાવો ન ખાલીરે,
કાપ પડયો કાળજે હોજી
ભેટો ભાવથી વ્હાલીરે, પાઓ પ્રેમની પ્યાલીરે
કાપ પડયો કાળજે હોજી
પુરૂં ગાયન થયું તેનું પણે પણ હોમ પુરો છે
પુરો પ્રજળ્યો હવે અગ્ની તહાં સરદાર બોલાવ્યો ૧૪૩
પ્રથમ પુજા કરી તેની નટુશા સુંદરી વેશે
કહે સરદારને હાવે કરૂ પ્રદક્ષણા ભાવે ૧૪૪
કહીને પાછળે ફરતાં કટી સરદારની ઝાલી
ઉપાડી કુંડમાં નાંખ્યો લીધો હુતાસને ઝાલી ૧૪૫
ઘડીમાં ખાક તો કીધો નટુશા સાચવી ઉભો
બધા ઉચાટને ત્યાગી નટુશા નિર્ભયે ઉભો ૧૪૬
પ્રીય પાઠકો હાવે અહિં આરામ તો લ્યોને
કહીશું ભાગ છઠ્ઠામાં અહિં આરામ તો લ્યોને ૧૪૭
કહે કઠલાલ કર એવું અધુરી જે રહી આંહી
અતિ રસ પુર્ણ છઠ્ઠામાં, કહીશું તે વળી ત્યાંહી ૧૪૮

મુંબઈની શેઠાણી

ભાગ ૬—૭—૮

(ગઝલ)

અહિં ગુલઝારને પંજે વિનોદા તો ફસાઈ છે
જનાધમ નાગણી નારી ખરેખર એ કસાઈ છે.
હજારો કુળવધુઓની અહિં લજ્જા લુંટાયે છે.
સતિ કે શંખણી નારી બધી અહીંઆં ફસાયે છે,
મહા કમજાત એ કુલટા ગણે ના પાપ તેમાં તો,
તથાપી તે ગણી ધંધો, ગણે રોજી એ જેમાં તો
સતીત્વે છે સુરિ શ્યામા વિનોદા એજ આવી છે.
હવે હિણુ ભાગ્યથી તેને ભુલાવી તેહ ભાવી છે,
સુંઘાડી કંઈ હવા તેને ઉંઘાડી તો હિંધી તેને
તજાવ્યું ભાન વિનોદા, હવે ના શુદ્ધિ છે તેને
વિતાવ્યો કાળ કંઈ એવો, બધુંએ શુન્ય ભાસે છે.
વિનોદાને અરે અહિંઆં હવે તો જીવ શ્વાસે છે.
અસર ઓછી હવા કેરી, ધીમે ધીમે થવા માંડી
નયન ઉઘડ્યાં ધીમે રહીને, ધબકવા નાડી તો માંડી

ઉભી ગુલઝાર તો ભાવે, વીજનથી વાયરો નાખે,
બીહારી પણ ઉભો પાસે, મુખે ના કોઇ તે ભાખે.
વિનોદાને વળી શાંતિ, હતી ભયભીત પણ કાંતિ,
ઉઘાડી આંખ તે જુવે, હૃદયમાં તે ધરી ભ્રાંતિ.

દીઠી ગુલઝારને બેઠી, વિનોદા ધીર તો લાવી,
વદી બેની અહો મારી, દશા શી રીત થઈ આવી.
જરા પાણી પછી પીધું, વળી ખાવા કંઇ દીધું,
ઉઠાડીને પથારીથી જરી મુખે થકી કીધું.

વદી ગુલઝાર મોઢેથી, અહો બેની ? અહો બેની !
થયું શું તુજને આતો, ખબર પડતી નથી તેની.
અમારા હોશ તો ઉડયા, દશા તારી નીહાળીને,
થઇ મુઝવણ ઘણી ભારે, તુને બેભાન ભાળીને.

હવે ના શોચશો બેની, પ્રભુએ સારૂ કીધું છે,
કરીને પુર્ણ ઉપકારો, તુને જીવન દીધું છે.
પતિ કુછંદમાં દેખી, તુને આ રોષ આવ્યો તો,
ભુંડી આતો સખી તારી, તુને સંદેશ કહાવ્યો તો.

ક્ષમા ઓ બેન તું કરજે, દીલે કંઇ ધ્યાન તું ધરજે,
વિચારીને ડગો ભરજે, પતિ પર ના ફીટી મરજે.
દુઃખે તુજ દિલ શોષાતું પતિ તુંજ દીલ દોષાતું.
રમે જારી ખુલી બારી, સખી મારી ખુશીથી તું.

હવે તું જ પ્રેમ મેં ટાળ્યો, બતાવીને નજરથી તો;
મુને તું દુઃખની જ્વાળા, જીગર માંહે પ્રજાળતી તો.

મધુરી દેહ આ તારી, ખીલી વાડી સમી સારી;
ફરી હાથે સખી મારી, સુકાવે તું વિના માળી.

વિનોદા—

વિનોદા ત્યાં વદી વાણી, સખી તું શું અહીં બોલે;
બધીએ વાત છે ખોટી, ખુરૂ અંતર અહીં ખોલે.

પતી મારો રમે જારી, થશે તે જાતને ભારી;
મુને કાંઇ સખી મારી, નથી થાતી એ બિચારી.

પતિના દોષ ના જોવા સતીને શાસ્ત્ર એ કહે છે,
થવું પતિભકિતમાં રાજી, સતીને શાસ્ત્ર એ કહે છે.

પતિના દોષ જોવાથી, વને વાગોળ તે થાતી;
પછીથી નર્કમાં તેતો, યમોથી તેજ નંખાતી.

પતિના કર્મ તો જોવાં, સતીનો ધર્મ ના એવો;
પતિ આજ્ઞા શીરે ધરવી, સતીનો ધર્મ છે એવો;

અરે તેથી સખી મારી, નથી લેવા નથી દેવા,
પતિને કંઈ ના કહીએ, કરીશું એ પતી સેવા.

ભલે તું બાઇ તે કરજે, પરંતુ આંહી સાંભળજે;
ખરૂં લાગે દીલે ધરજે, બીજું એ સર્વ પરહરજે,

કરી તેં શાસ્ત્રની વાતો, બધી એ મેં સુણી છે તો;
બધાં પોથાં ખરાં થોથાં, અનુભવથી ગણ્યાં મેં તો.

જીવન છે આપણું જો તું વળી મધમાખીને ગમતું.
ભરાએ વિધવિધ જાતી ચુસે છે એજ મધમાખી

હજારો પુષ્પને સેવે, વિવિધ રસની થઇ ભોગી;
મઝા એ માણતી હઇએ વળી રસ વીધ આરોગી.

સખી તો આપણે શાને મુંઝાઈ તો હવે મરવું,
પુરૂષો જે કરે તે તો, સ્ત્રીઓએ પુઠે સંચરવું.

નથી કો શાસ્ત્રમાં ભાખ્યું, નરોએ એવું આચરવું.
તથાપી તે કરે એવું, સ્ત્રીઓએ કેમ ના કરવું,

વિચારી જો હવે જાતે થશે તું શ્રેય તે વાતે;
અવર નર એક ખોળી લે દુખીના તું હવે થાતી.

જવા દે વાત એ તારી; નઠારી એ મને લાગે;
વિચારો તાહરા માટે, બધા ઉંચે હવે ભાગે.

તને કુળવાન મેં ધારી કીધી ત્યારે હતી યારી
જણાતાં નેમ આ તારી, તુને નીચ જાત મેં ધારી

હવે બસ નામ ના લેતિ, મુને ના કાંપ તું દેતી
મુને હાવે ગૃહે મારા, મુકી તું આવને દારા
પતિ શોધે મુને મારા. થશે બેહાલ તે તારા.

સખી શાણી તજો આશા, હવે એ ઘેર જાવાની;
રમો અહિં રંગમાં રોજે, થઇ તે એજ થાવાની.

ઉડાવો બાહાર યૌવનની મીલાવું યાર મન માન્યો.
બધું આ તો તમારૂં છે, જરા અંતર મહી માનો.

અરે કુલટા દગો દીધો, પુરો કેડો ખરો લીધો.
ફસાવી તેં પુરી દીધી, પુરો કેડો ખરો લીધો.

અરે રંડા કરે ફાવ્યું નહિ એ અર્થ સરનારો.
તથાપી તેહમાં નક્કી જશે આ જીવડો તારો

સતી શાણું ધિરજ રાખો, જશે ના જીવતો મારો;
મીલાવું યાર તો સારો ગણો એ પ્રેમથી પ્યારો

વદે ગુલજાર જ્યાં એવું, ચુડીવાળો તહાં આવ્યો;
કશું ના જાણુતો તે તો અચીંતો એજ ત્યાં આવ્યો

વિનોદાને નિહાળે છે, ખુશિ થઈ એજ ભાળે છે;
અહા ગુલજાર આ મારી, સરસ કો ભક્ષ પાળે છે.

હશે મુજ માટ એ લાવી, અહાહા ! સુંદરી સારી;
ખરી રંભા સમી નારી, નહી જીવન ભરે ભાખી.

કહે ગુલજારને તે તો, સલુણી સુંદરી આ તો,
ભલી મુજ માટ એ લાવી, ખરેખર પ્રાણ તલસાતો

મુને ખુશી થઇ દેને, બનું હું રંગમાં રાતો;
અરે આ પ્રાણ અચકાતો, પડું થંડો થયો તાતો.

વદી ગુલજાર એ સુણી, અહો ! ભડવા તણા ભાઈ;
જરા વિચાર ના કરતો, બણુચક શું બકે આંહી.
કપાળે કર લગાવી જો, નકર્મે તુજ એ નારી;
હશે ઉસ્તાદ આલમનો, રમે આની સહે જારી,
ગીરી પર પદ્મ જો ખીલે, રવી પ્રાચી કદી ભુલે,
અહાહા ! તોજ તું આની, સહે વિલાસમાં ઝુલે.
વદી ગુલજાર તો એવું, કરીને સાદ બોલાવ્યો,
બનીને ફાંકડા વેશે, બીહારી તર્ત ત્યાં આવ્યો.
ઉઠી ગુલજાર ત્યાં રીશે, બીહારીને લઈ સાથે;
ચુડીવાળો ઉભો છે જ્યાં, પડયો તેને જઈ બાથે.
અતિષે માર તો માર્યો, ચુડીવાળો પુકારે છે;
હતો આ મહેલ એકાંતે, ન કોઈ આંહી આવે છે.
પછી તેને લઈ ત્યાંથી કર્યો, સ્વાધીન પોલીસને,
વધુ શિક્ષા કરે જેથી, દીધી છે લાંચ પોલીસને
ગયાં ગુલજાર બીહારી, વિનોદા એકલી બેઠી;
હવે વાંચક તમે મારા, જરા તો આંહી આવાને,
વિનોદા ઘેર શું થાતું, જરા તે જોઇ જાવોને.

વિનોદાની શોધ

પતિ જે છે વિનોદાનો, રૂડા એ ચંદ્રને નામે
ગયો ગુલજારના ઘરથી, હતો આવ્યો કુડા કામે.

રમી જારી ગૃહે જાતાં; ઘણો પ્રસ્તાવ આવે છે;
કર્યું નીચ કર્મ આ જેથી, વિચારો કંઇક આવે છે,
અહા રંભા સમી નારી, પતિની ભકિત કરનારી,
તજી તેને ગૃહિ કુલટા; મતિ આ શી થઇ મારી,
કરી એ મેં ગુનેગારી, સતી જો જાણશે મારી.
પુરી કમબખ્તી થાનારી ગતી ત્યાં શી થશે મારી.
પ્રભુ દરબારમાં જઇને, જવાબો શા હવે દેવા.
જુઠાણું ના નભે જરીએ, જવાબો શા હવે દેવા.
અરે હું ઘેર જાઇને, બધીએ વાત ગાઇને,
પછી માફી વિનોદાની, લઉં હું પાય લાગીને
સતી માફી મને દેશે, પ્રભુ પણ તોજ તે દેશે,
થયું તે ના થવાનું છે, કહેવાનું કંઈ કહેશે.
ગયો વિચારતો એવું. અરે એ ચંદ્ર નીજ ધામે
દીઠાં એ દ્વાર દીધેલાં, પ્રવેશે તે જહાં સામે.
કર્યા ટહુકા ઘણા તેણે, છતાં ના બોલતું કોઈ
વિમાસે ચંદ્ર ત્યાં ઉભો, વિષય ઘટના બધી જોઈ
વિનોદા કયાં ગઈ હાયે, પુછી પાડોશીને જોયું,
ખબર ત્યાંથી મળી એવી, સુણો જેવું અમે જોયું,
હતી આવી અહિં બાઇ, વિનોદા તે સહે ગઈ જે,
હતી ગુલજારને નામે, સહે તે બાઇને ગઇ છે.

ખબર બીજી નથી અમને ભલે ને શોધવા જાઓ,
સીધાવો ત્યાં તમે ભાઈ, નહિ ખોટી હવે થાઓ.

સુણી પાડોશીની વાણી, થયો છે ચંદ્ર વિસ્મય તો,
અરે હાયે થયું આ શું, રહયો છે ત્યાં મહાભય તો.
જહાંથી આવું છું હું તો, ગઈ છે ત્યાં વિનોદા શું !
સતિત્વે એ હતિ સુરી, ગઈ એ ત્યાં વિનોદા શું !
પડે કાજળ તણી કોઠી છતાં ના ડાઘ લાગે શું !
ઉઘાડી અપ્સરા ફરતી છતાં ના કામ જાગે શું !
વિકટ વનમાં સીંહો પાસે જતાં ના પ્રાણ ત્યાગે શું !
મહા સંગ્રામમાં જાતાં અરે ના કેમ વાગે શું !
પડે પાવક તણી જવાળા અરે ના કેમ દાઝે શું !
પડે દરીઆ વિષે કુદી મગર ના કેમ ખાઝે શું !
છુટયું દાણી ગૃહે ગાડું અરે ના દાણ માગે શું !
કસાઇને ઘેર ગઇ ધેનુ, અરે ના પ્રાણ ત્યાગે શું !

અરેરે હાય એ રીતે ગઇ ગુલજારના ઘરમાં,
વિનોદા તે હવે હાયે પડી ગુલજારના કરમાં.
વિભળ એ શું થઇ હોશે ભુલી એ તો ગઈ શાથી,
પડી મુજ કર્મની શંકા ગઇ તે આ ઘડી શાથી.
વીચારો કંઇ કરે મનમાં જતો રસ્તે મહા શોકે,
જવાબો ના કંઇ દેતો પુછયું રસ્તે ઘણા લોકે.

દીઠો ચંદ્ર તહાં સામે, સીપાઇ એક આવે છે;
નીકટમાં આવીઓ તેવે, ખબર તે કંઈક લાવે છે

બોલાવી ચંદ્રને પાસે, કહ્યું જઈ કાનમાં તેણે;
કહી વીગત બધી વરણી, દીધી છે બાતમી તેણે

ક્રોધાતુર ચંદ્રનો ચહેરો, થયો આ વાત સુણીને,
ગયું સર્વાંગ તો કંપી, અરે આ વાત સુણીને.

વધારીને ગતી ચંદ્રે, ગૃહે ગુલજારને ત્યાં તો;
જવા માંડયું હવે તેણે, વસી ગુલજાર છે જ્યાં તો,

જઈને ગેટમાં પહેલાં, સુણાવી વાત તો દીધી;
વળી પોલીસ તો ત્યાંથી, વિશેષે સાથમાં લીધી.

ગૃહે ગુલજારને પહોંચ્યા, સીપાઇનો રચ્યો ઘેરો.
ભરી બંદુક તલવારે, સીપાઇનો રચ્યો ઘેરો.

વળી આજ્ઞા દીધી એવી, નીકળતા બહાર તે જનને;
કરીને કેદ તો લેવો, ખરેખર જીવતો તેને,

લઇ ફોજદારને સાથે, પ્રવેશ્યો ચંદ્ર તો માંહે;
સુનુ ઘર તેહને ભાસ્યું, બધું નિર્જન હતું ત્યારે.

અજાયબ તે થયા જોઇ, ગઇ ગુલજાર ક્યાં નાસી;
વિનોદાની ગતી શી છે, નિસાસા નાંખતાં ધારી.
અરે એવે સમે ત્યાં તો, સિપાઈ દોડતો આવ્યો;

વળી વાતો નથી લાવ્યો, ખરી એ બાતમી લાવ્યો.
વદે સિપાઈ સાહેબને, નકામા શું રહ્યા જોઇ;
અહિં મોટર વિષે બેસી, ગયાં છે ત્રણ જણાં કોઇ.
ગયા રસ્તે સરીતાને, નથી ઘરમાં હવે કોઈ.

પકડવાં હોય તો તેને, રહો નહી આંહી તો જોઇ.
સુણી સાહેબ તો ચાલ્યા, સહે તો ચંદ્રને લઈને;
લીધી મોટર કરી ભાડે, વિનોદા વ્હાર કરવાને.
ત્વરાથી દોડતી મોટર, નદી ઉપર હવે આવી;

નહિ ત્યાં કોઇને દીઠું, ચકરીઓ ચંદ્રને આવી.
દિલાસો આપતાં બોલ્યા. હવે સાહેબ ચંદ્રને
ધીરજ રાખો તમે ભાઇ, વિનોદા સોંપશું તમને.
કહિ અધિકારી એ ઉતર્યો, નહિ તીરે નીહાળે છે;

અહીંઆં ચંદ્ર તો છાનો. અરેરે જીવ બાળે છે.
મતી કયાં આ સુજી મુજને, ગયો કુકર્મ કરવાને;
ગયો ભુલી અરે હું તો, પ્રભુના નામે ડરવાને.
મને બદલો દિધો તેનો, પ્રભુ એ ગણી ગુનો;

અરેરે હાય શું થાએ, વિનોદા વીણ હું સુનો,
હતી કોમળ અરે કાયા, નીકળતી બહાર ના કો દિ;
હશે કયાં એ સતી નારી, વિમાશે રાહ એ જોતી.

નહિ તીરે નીહાળે છે; વળી સાહેબ તે પોતે,
અતિ આઘે જતી નૌકા, પડી દ્રષ્ટે જરી જો તે.

મનુષ્યો ત્રણ બેઠા છે, ત્વરાથી હાંકતો હોડી,
નીખીમાં તે જતી વ્હેતી, સમીરે સાથે તે દોડી.

વને હરણાં કુદી જાતાં, નીખીમાં હોડલી તેવી,
થતી અદ્રશ્ય તે ધીરે, નીખીમાં હોડલી તેવી.

અમલદારે નીહાળી ને. નીખીમાં જે જતી હોડી,
મનુષ્યો માંહિ બેઠેલા, નિહાળ્યાં તે જતાં દોડી

વિનોદાને સુવાડી છે, બિહારિના અરે ખોળે,
ચરણ ઝાલી હતિ બેઠી, વળી ગુલજાર પણ કોરે

વિનોદાને નથી હાવે, જરાએ ભાન ભીતરનું,
વ્યવસ્થીત વસ્ત્ર ના એકે, સ્મરે એ નામ શ્રીધરનુ

ભુલી છે ભાન એ ભામા અરેરે જળ અને સ્થળનું
સબંધીથી પડી છુટી નિહાળે કોઈના વળનું

હતી મન મોહમાં માતી જતી ગુલજાર ગમતમાં
બીહારી પણ બનેલો છે તણાતો તોર મંમતમાં

તરંગો તે કરે વિધના, ગઈ બાજી હવે જીતી
બીહારિને અતિ ઉપજે વિનોદા પર અરે પ્રીતિ.

ચણે ફીલ્લા હવાઈ તે, વળી ધરણી ઢળાવે તે,
ભુલીને ભાન પણ એથી, અરે હોડી ચલાવે છે.
તરંગોમાં ચઢે ઉંચે, તરંગોમાં પડે નીચે;
બીહારીની અરે અહીંઆં; દશા તો આજ એવી છે.

થયા તીરે અવાજો ત્યાં બીહારી સ્વપ્નથી જાગ્યો,
વિચારે એ વિમાશે છે, વળી ભણકાર તો લાગ્યો.
વિચારે છે જહાં એવું, તહાં ગોળી છુટી આવી;
બીહારીનું હૃદય વીંધ્યું, ખુટાવ્યું તેહનું ભાવી.

વળી ગોળી તણા જોરે, ઉછળીયો હોડલીમાંથી;
વિનોદા નામ એ રટતો. પડયો નીધી વિષે ત્યાંથી.
બીજી ગોળી વળી આવી અડી ગુલજારના અંગે
ઢળી તે તો પડી હોડી વિષક ઘાયલ થતા અંગે

નીરાધારી થઇ હોડી રહી સ્થીર નીરમાં તે તો
અવર હોડી કીનારેથી મુકાવી કયારની છે તો
વિનોદાની હતી હોડી તીરે એ રીતથી આવ્યા
કરી ઉપચાર કે કંઇએ વિનોદા ભાનમાં લાવ્યા

વિનોદા ચંદ્રને દેખી અતિ હર્ષે પડી બાઝી
પતિના પ્રેમને પામી દુખો ભુલી થઇ સાજી
હતી ગુલજાર ઘાયલ ને પડી તે હાય પોકારે

ઉપાડી તેહને ત્યાંથી મુકી જઇને દવાખાને
નથી તન મન તેને તો પુરી રીતે હવાઈ છે

હજુએ પ્રાણુ ના જાતો ખરી એ તો નવાઈ છે
ખરી કમભાગ્ય એ ભામા કુકર્મોની રહી ખામી

ભરાયો કુંભના પાપે મરણુ તેથી ન તે પામી
ખરેખર જગતના નાથે ઘડયો ધારો ખુબીનો એ

કુકર્મી કર્મ કુડાએ છતાં ફાવે અરે તો એ
ઉપાધી એક ના આવે કુડા પંથે વધુ ફાવે

નહિ દીનતા નહિ હાને જરા ના રહેમ તે લાવી
હશે કો ધીર કર્મી તો હશે ધક્કા કંઇ ખાતો

અધર્મી તેહને ધારી લગાવે લ્હેરમાં લાતો
હશે ધર્મી તણુા પંથે હજારો કંટકો વેર્યા

દુખી દીનો ગુજારે તે પ્રીતિ સંજોગથી ઘેર્યા
પ્રભુ પણુ ના જરા ઝાંખે ભુંડા જનતા તણી આંખે

ચઢે પુરો જહા પાજી તહાં તું અંત લાવે છે
વળી ધર્મી તણી તું તો કસોટી કારમી કરતો

અરે અંજામ આખર તે સદા જય નીતિનો થાયે
અરે એ ન્યાયથી આજે ભુંડી ગુલજાર જીવે છે.

ભરાયો કુંભ ના પાપે તહાં સુખીજ જીવે છે.
કુકર્મો કંઇ રહ્યાં બાકી જીવી પુરાં કરે તે તો;

પછી ગુના તણી શિક્ષા, પ્રભુનો ન્યાય એ છે તો.
હવા હેતાં હિનો કંઇએ થઇ ગુલજાર તો સાજી;

મળ્યા પૃથ્વી પદાર્થોથી થઇ ગુલજાર તો સાજી.
બીચે પાઠક અહીં આવો, ચુડીવાળો ગયો ક્યાં છે;

દશા તેની થઇ શું યે, સુખે કે દુખમાં ત્યાંયે.
થયો સ્વાધિન પોલીસને, તહાં પણ સ્વાદ ચાખ્યો છે;

જડી હાથે પછી બેડી તુરંગે તેહ નાખ્યો છે.
પુરો પસ્તાય છે અહીંઆં, જીવનનું ભાન તો થાતું;

દુઃખોમાં શ્રીહરી રહે તો, છતાં ના કોઈ સાંભળતું.
અરે એ ન્યાય દુનિઆનાં, પ્રભુ દુઃખમાંહિ સંભારે;

થશે જો સુખમાં માતો, નયન પ્યારી તણું ભાળે.
અરે એ ન્યાયથી આજે, ચુડીવાળો ઘણું શોચે;

સ્મરી જે વૈભવો સરવે, ચુડીવાળો ઘણું શોચે,
અરે એ જેલમાં એવે, ઓચીંતો આવીઓ જેલર.

અતિ બીભત્સ તે બોલે, હમાટી રાખ તો જેલર;
પ્રહારો કંઇ કીધા તેને ચુડીવાળો વિમાસે છે.

રડે છે માન મુકીને પુકારી હાય ત્રાસે છે.
કગરતો દીન વદનેથી મુને ન મારશો બાપુ ?
ઉગારો જો કદી આજે અરે બદલો કંઇ આપુ
સુણી બદલા તણી વાતો અધીકારી વિચારે છે

નહી આમાં કંઇ પામું કહો શો સ્વાર્થ મારે છે
બચાવું હું કંઇ આને ખરેખર કંઈક તે આપે
અમલદારી ગયા કેડે કહોને કોણ શું આપે
મળે જો દાવામાં માગ્યો ચુકે તે મુરખો જાણો

સમય વર્તી ન કો જાણે જનમીયો જાણવો પાણો
મળે જો વીસનો મહીનો થતું ના આપણું પુરૂં
ચુકાવું કેશ ના આવો કહો શાથી કરૂં પુરૂ
વિચારી એમ અંતરમાં વદયો જેલર મુખે વાણી

કહે શું આપશો મુજને પ્રથમ તે આપને આણી
ચુડીવાળો વદયો વળતિ સુણો સાહેબ ઓ મારા
રકમ સારી દઉ લાંચે ઉપર લાવી દઉ દાસ
નથી તૈયાર તે પાસે છુટીને લાવી આપું હું

ભરોસે જો રહો બાપુ કહું છું સત્ય આજે હું
બીજા કેસો ઘણા લાવી રળાવું દામ હું ઝાઝા
સમજજો વાત એ સાણા ચુકે નહી આપની માઝા

ચુડીવાળે બીછાવી છે, અરે એ જાળ આશાની;
ફસ્યા સાહેબ આશામાં, ખરૂં કેદી તણું માની.
બરાબર ગોઠડી બાંધી, ચુડીવાળો મુંકયો છોડી,
છુટે પીંજર થકી પંખી. ગયો તે એમ છે છોડી.
ગયો તે તો ગયો નક્કી, ફરી પાછો ફર્યો ના એ;
છુટયો જે મોત પંજાથી, કહોને કોણ ત્યાં આવે.
ચુડીવાળો દઇ તાળી, ગયો સાહેબ જેલરની;
વીકાસી મુખ એ બેઠા, મળી કોડી ન જેલરને,
ચુડીવાળો ગયો ત્યાંથી, પ્રીયા ગુલજારની શોધે.
ખબર તેની નથી કાંઇ, મળે પત્તો નહિ શોધે;
દીનો જોતાં ઘણા વીત્યા, ખબર ત્યારે મળી એવી;
પડી ગુલજાર બીમારી, દવાખાને ગયો ત્યાંથી,
મળી છે શોધ ત્યાં આવી, દવાખાને ગયો ત્યાંથી
ઉમરકો અંતરે આવ્યો, દિઠી દુરે થકો જ્યાંથી.
અહો માશુક ઓ મારી, દશા આ શી થઇ તારી;
વિચારી જો દીલે ધારી, મુને કાઢયો હતો મારી.
અરે એથી દશા આવી, અરેરે આજ છે આવી;
પ્રિયા ના દુખ રહેવાયે, રડયો ત્યાં અશ્રુઓ લાવી,
અહિં ગુલજાર છે દુખે, વિસારી વાત ના ગમતી,
શરીરનું ભાન ના તેને હતી વૃત્તિ સહુ ભમતી,

ચુડીવાળા તણું બોલ્યું, ગમ્યું ના તેહને કાંઇ;
જરાના ઇચ્છતી તેને, હતું ના તેહમા કાંઇ,

હતો પઇસે ટકે ખાલી, નમાલી દેહ તેની છે,
ભટકતો ભુંડ એ ભાંસે, ઉતરતી નેમ તેની છે;

વળી ગુલજાર થઈ રાજા, હરામી હાય કયાં આવ્યો
હજુ બાકી રહ્યું કાંઇ, વળી લેવા ભલે આવ્યો

અહિંથી મુંખડુ તારૂ, અતિ કાળું લઇ તું જા?
હવે બસ? ના તને ઇચ્છું હરામી હાય તું તો જા

નહિ જો તું કદી જાશે, પુરાઇ જેલમાં જાશે;
હવે ના નામ મારૂ લે, ફજેતી પુરી તું થાશે,

ચુડીવાળો સુણી વાણી અતીશે રોશમાં આવ્યો;
વદે ગુલજાર શું આવું, કરીને શોધ હું આવ્યો,

હતી આશા મને ભારે, ઘટે ના આવું અત્યારે;
કર્યો ખાલી મને શાથી, પ્રથમ આવું હતું ત્યારે.

ફરી તું બોલ વિચારી, ગતી શું થાય છે મારી,
અહીં પરદેશમાં આજે, સહે છે કોણ પણ તારી.

સુણી ગુલજાર થઈ ક્રોધે, બણુચક બાયલા જાતું
હરામી હું કહું છું કે, સહે મુજ બોલને ના તું

ચુડીવાળો વદ્યો ક્રોધે, દગો દારા કીધો આ તો
વચન તારાં સુણી આજે, સળગતો ક્રોધ છે મારો

ભીખારી તેં કર્યો મુજને, ઉપરથી લાત મારે છે.
હરામી ના હજમ થાશે અહાહા! એ શું ધારે છે;
અરે રંડા કહું છેલ્લો. ઉતારી અંતરે લેજે.
કરી અપમાન આ મારૂ, સુખે તું તો હવે રેહજે.
રખડતી હું કરૂં તુજને, નકામી નાયકા નારી;
લુંટાતું જગતમાં આજે, અહો લજ્જા અરે તારી.
ચુડીવાળો કહી એવું; પછાડી પાદ ભુમીમાં
ગયો ક્રોધે થઇ રાતો, ભરી ડગલાં અરે ધીમાં,
કટાક્ષો કારમાં નાંખી, અહિં ગુલજાર ઉભી છે,
મને તે મોહ માને છે, કરીને પાર દુખી તે.
છટકવાને હવે તેતો, ખરેખર બ્હાનું ખોળે છે,
હતો વિચાર જાવાને, રહેવા ઠામ ખોળે છે.
અરે એકદી દવાખાને, હતો માલીક નાટકનો,
થવાથી દર્દ તે આવ્યો, દવા લેવા થઇ દાનો.
પુરો ફેશન મહીં ફાલ્યો, સુકોમળ અંગ તેનું છે,
ખરી કંદર્પની મુર્તિ, વદન મોહક જેનું છે.
અરે એ જોઈને આજે, થઇ ગુલજાર તો ગાંડી,
સ્વભાવે હાવ ભાવીને, ગઈ સામે કરી દોડી.
સલુણા કો સ્થળો રહો છો, મુને લ્યો સાથમાં પ્યારા.
ફસાઇ આંહિ હું તો છું; છોડાવો આજ ઓ પ્યારા.

મેનેજર કંપની કેરા, દયા દીલે વસી તેથી,
જણાવ્યુ નામ ને ઠામ, પુછીને આવવા જેથી.
સુણી ગુલજાર થઇ ખુશી, જવા નિશ્ચય તહાં કીધો.
સમી સંધ્યા સમે તેણે જવાનો વાયદો કીધો.

થઈ સંધ્યા જહાં તે તો, છુપી તે તો ગઇ નાસી,
કહ્યું મેનેજરે ત્યાં તો, ગઈ નાસી અરે ત્રાસી.

ખુસી મેનેજરે થઈને, તહાં ગુલજારને રાખી,
દીધી તાલીમ એકટરની; અતિશે માનમાં રાખી.

મળે સુવાસ જો હીમે. ગુલાબો અર્ક પર ખીલે
અમલ અમૃત રૂપે મીલે, પછી બાકી રહ્યું કો'શું ?

કહાંપી કેશ કાળાને, કલર કાળો ચઢાવ્યો જો,
અહા! કાળાશમાં તેથી, પછી બાકી રહ્યું કો'શું!

સુરા સુચી ગણે શાસ્રો; કનક મુખ કુચનાં હોયે,
સરસ જો સ્વાદમાં વારી, પછી બાકી રહ્યું કો'શું?

મળે નીસરણી મર્કટને. રૂપેરી રંગ કોયલ જે,
છુટયું દાણી ગૃહે ગાડુ, પછી બાકી રહ્યું કો'શું

હતી ગુલજાર સુળેથી, છકેલી ને ભમેલી એ,
શીખી નાટક તણાં નખરાં, પછી બાકી રહ્યું કો' શું.

હતી યૌવન ભરી ભામા, વિલાસી પણ બની વહેલી,
હતી સૌંદર્યમાં સારી; છકાવે છેલને છેલી.

ભજાવે ખેલને સારા, છકી તે જાય જોનારા;
ઉતરતી અપ્સરા પોતે, અનુમાને એ જોનારા
ભરાયે છે ચીકારે તે, અરે હાઉસ નાટકનો,
થતી ગીર્દી મહા ભારે, ફર્યો છે દીન નાટકનો,
ન કોઈ ખેલને ઇચ્છે, ન કોઈ સીનને ઇચ્છે,
ન કોઇ રાગને ઇચ્છે, ફક્ત ગુલજારને ઇચ્છે,
કરે નાજુક નખરાં એ, કટાક્ષો કંઇ કરે કાતીલ,
વળી કોકીલ સુરથી એ, હલાવે પ્રેક્ષકોનાં દીલ.
અહિં ગુલજારની ચઢતી પ્રતિદીને થતી રહેતી,
હુલાઈ અંતરે તેથી; અહરનીશ તોરમાં રહેતી
અરે દીન એક નાટકમાં રહેવા આવીયો કોઈ
મળ્યો માલીકને તેતો, લીધો રાખી બધું જોઇ.
મળી માહિતગારી જ્યાં, દિનો થોડા ગુજાર્યા છે,
તરંગો કંઇક ચાલે છે, વિચારો કંઇક ધાર્યા છે,
અહા દીન એક નાટકમાં, થયો છે ખેલ જ્યાં પુરો,
થઈ છે વાહ વાહ સારી, મીઠા ગુલજારના સુરો
હજુ કોકીલ કંઠીના, સુરોના ભાસ થાતાતા.
હજુએ સુરના પડઘા, થીએટર માંહી થાતાતા,
વહી નિશા હતી અરધી નીરાતે એકટરો બેઠા.
પીવા પયનો હતો ધારો, ધરી આશા સહુ બેઠા.

સ્હેલો જે નવો નરતે; સહુને આપતો પય તે;
રહી ગુલજાર તો બાકી, દીધું સહુને રૂડી રિતે,
પીવા ગુલજારને માટે, ભર્યો છે ગ્લાસ તો પુરો
પડીકી માંહી નાંખી છે દવા કેરો હતો ચુરો.
પીવા ગુલજારને આપ્યું, દગાથી દુધ તો એવું,
ભરોસે તે પીધું તેણે, હતું જેવું પીધું તેવું,
દગો દુનીઆ મહી બુરો, દગાથી દૈત દંડાએ
દગાથી દેવને શિક્ષા, અહાહા ? સ્હેલથી થાએ.
કહો ત્યાં શું ગજું તેનું, અહા ! ગુલજાર નારીનું;
દગાનુ પાત્ર પણ પુરી, કરે કુકર્મ જારીનું.
પીધો તે ગ્લાસ ખુશીથી, પડી નીંદ્રા વિષે તે તોઃ
અનેરાં સુખનાં સ્વપ્નાં, નિશાએ આવતાં છે તો,
સવારે તે ઉઠી જ્યારે. રૂંધાયો કંઠ છે ત્યારે.
કરી ઉચ્ચાર ના શકતી, મુખેથી ના જરી વદતી.
અતિ શ્રમથી વદે જ્યારે, થતો સ્વર તો અતિ ભારે
ન બોલ્યું કોઇનું ગમતું. નજરથી જાતી ગુલજારે.
ભરૂસે તે રહ્યાં સહુકો, અતિ ગાવા થકી આતો;
હશે આ કંઠ તો બેઠો, કરે એવી વીવીધ વાતો,
દવા કંઇએ કરી ઝાઝી, સુધરવા કંઠ ગુલજારે,
નહિ ટાંકી જરા લાગી, વિમાશી દુખને ધારે.

બધાંને થઈ પુરિ ખાત્રી, બગાડી બાજી ગુલજારે;
હવે નહિ કામની આ તો, વળી માલીક એ ધારે,

નકામું ખર્ચ આનું છે, રજા તેને હવે દેવી;
બીજી લઇશું વળી રાખી, રજા આને હવે દેવી.

અહિ માલીક વિચારે, સવારે કાઢશું અહિંથી;
નવીન નર જે હતો તે તો, વિચારે છે હવે તહિંથી.

હવે ગુલજારને કાઢી છતાં એ તો જશે નાશી;
ગયો છે કંઠ પણ તો એ, રૂપાળી છે હજુ ખાસી.
કમાણી કંઇક તે કરશે, હજુ એ પેટને ભરશે;
કર્યો ભટકેલ છે મુજને, હજુ ના ભુખથી મરશે.

વિચારી એમ તે સુતો, વીતી રાત્રી પુરી અર્ધી;
ઉઠયો સાવધ થયો તે તો, ગયો ગુલજારની પાસે

હતું તે પાસમાં ચપ્પુ, ગયો ગુલજારની પાસે
હતાં નીંદ્રા મહિં સર્વે, ગયો ગુલજારની પાસે;

જીગરથી જાળવી તેણે, હણી ગુલજાર નાસિકા;
પલાયન તે પછી કીધું, હણી ગુલજાર નાસીકા

ઉઠી ગુલજાર ગભરાતી, ચીસો કંઈ કારમી પાડે;
સુણી ઉઠયાં અરે તેથી, ઉભો ગુલજાર જ્યાં પાડે.

થયો હા? હો? ઘણો ત્યાં તો, બતાવ્યું નાક ગુલજારે;
હરામી ત્રાસને પામ્યો, વિચારો સહુ જુદા ધારે,

નીહાળી આવીયો કોઇ, અરે ચોરી તણા કામે;
વળી કો એમ ધારે છે, હશે કો જારીના કામે.

કરી હાંહો પડયા ઠંડા, લીધી જડતી બધાની જ્યાં;
મળ્યો ના જે નવીન નર તે ખબર તેની પડી ના ત્યાં.

થયો નિશ્ચય બધાઓને, ગયો એ કર્મ આ કરીને;
દગાબાજી હશે તે તો રહ્યો એ હામ ધારીને.

વીરા વાંચક સુણો મારા, હતો એ નવીન નર તે;
ચુડીવાળો હતો પોતે, ખરી સાધી ગયો પળ તે.

દગો તેને દીધો પુરો, દિધો બદલો અરે તેનો;
દગો ના છે સગો કોનો, કર્યો જો ના કરી દેખો.

ચુડીવાળો ગયો ત્યાંથી, દગો ધુલજારને દઇને;
હૃદયનો ક્રૂર એ પાપી, ગયો એ પાપને લઇને.

ગયો રાત્રી વિષે ચાલી વિકટ જ્યાં વન ખીલ્યું તું,
હતા નિર્જન બધા રસ્તા, અનુપમ વન ખીલ્યું તું.

તહાં શાન્તિ ધરી બેઠો, ચુડીવાળો જઇ પોતે
અનુપમ ઇશ્વરી લીલા ચુડીવાળો ઠર્યો જાતે.

થયો પસ્તાવ પાપોનો, પ્રપંચી દીલ તો પીગળ્યું
પુરો પસ્તાય છે પોતે પ્રપંચી દીલ તો પીગળ્યું.

ક્ષમા માગે પ્રભુ પાસે, વિચારી પાપ કર્મોને;
અરે આ શું કર્યું આજે, વિચારી નીજ ધર્મોને;

કરેલા કૃત્યનો બદલો કદિ નિષ્ફળ નથી જાતો;
ગળે એક દીન તે આવી ખરો કુદરત તણો ધારો

કરેલાં કૃત્ય જે કુડા, હરીના નામથી જાશે;
ભલે માને મુરખ એવું, પરંતુ તે છતાં થાશે.

પુરો પસ્તાય છે આજે, ચુડીવાળો ભલે તોયે;
કરેલાં કૃત્ય જે કુડાં, ભોગવવા તે પડે આજે

વીચારો કંઇ કરી ઝાઝા, ચુડીવાળો ગયો ત્યાંથી
કરૂં હું નોકરી હાવે, પુરો પૈસો મળે જયાંથી.

મજુરી ખોળતો તે તો, રખડતો તે બધાં બંદર;
મળે તેને પુછી જોતા ગયો ચાલી જહાં બંદર

ગયો તે પુછતાં જયા તો હતી ઓફીસ ખોલેલી;
મજુરીની કરી આશા, નથી કોઈ અરે બેલી.

મળી ઓફીસથી આશા, જવા પરદેશમાં તેને;
હરખમાં હા ભણી તેણે, અકારો દેશ છે જેને

કરાવી સહી લીધી તેની, પછીથી પાસ આપ્યો છે,
વધા સાહેબને ભાઇ, ખરેખર ચાન્સ આપ્યો છે.

રૂડા ત્યાં નોકરી કરજે, સુખેથી પેટ ત્યાં ભરજે;
ફીજી ટાપુ જતી સ્ટીમર, અરે તું ત્યાંહી ઉતરજે.

ફસાવી એ રીતે તેને ચઢાવ્યો સ્ટીમરે તેને;
કર્યો ગીરમટ મજુરીનો, કરારે સહી કરાવીને.

વીરા વાંચક તમે મારા બધા ગીરમીટ તણા ધારા
અકારા એ નઠારાં છે બધાએ જાણતા સારા,
ચુડીવાળો ગયો ત્યાં છે પુરા બેહાલ થવાને
દુખો અત્યંત સ્હેવાને બધો બદલો એ લેવાને
થશે ત્યાં ખેર માટીએ મરે તે શ્વાનના મોતે,
વીરા વાંચક હવે તેને નહિ જોશો કદી જાતે
વિચારી દુખ ગીરમીટનાં હજુએ અશ્રૂઓ આવે;
ચુડીવાળો કુડા કરમે પડયો ત્યાં જઈ ભુંડા ભાવે.

ગુલજારની ગતી

જુઓ ગુલજારની અહિંઆ ગતિ કેવી થઇ હાવે,
વીરા વાંચક તહાં ચાલો થયું નિર્માણ સું ભાલે
હતી એ સુંદરી સારી લલીત એ અંગની લલના
ભરેલા ભાવ અંતરમાં સુકોમળ ઘાટ છે તનના.
સદા સ્થિતી નથી કોની ચીરંજીવ એક રહેવાની.
ચઢે તે તો પડે નકકી કહેવત એજ કહેવાની.
ટહુકતી એક દી બુલબુલ થયો તે કંઠ બે સુરો
હતી જે ગુલપરી ગુલે થયો બેડોળ તે ચહેરો
સુશોભીત સ્હેજ જે કરતી અલુના એ બગાડે છે,
જમાવે પ્રેક્ષકો ઝાઝા અધુના તે બગાડે છે.
અહો ? કીરતાર તારી શી ? કળા આ જગતમાં જામી;
કળાઈ જાયના કોથી શકે પામર નહિ પામી.

થયા બે ત્રણુ દિનો ત્યાંતો રજા ગુલજારને દીધી
ન માન્યું તેહનું જરીએ ખુશામત બહુ કરી લીધી
સુકોમળ દેહ તેની તો નકામી તે થઇ આજે
મરી મટતા દઇ લાખો ગ્રહે ના કોડીને કાજે,

કકળતી કંપનીમાંથી પોકારી હાય તે નીકળી,
નીરખવા નિકળ્યા લોકો કરે છે તે મળી ટીખળી
રઝળતી શહેરમાં ફરતિ ક્ષુધાથી ભીખ માગે છે,
વળી તુચ્છકારતા લોકો ન કોઇ ભીખ આપે છે.
છતર સોના તણાં ઢળતાં ગરિબી આવીને મળતાં,
ન કોઈ પાણી પણુ પાયે ગરીબી હાલ એવો છે.

હતો હરીશ્ચંદ્ર જે રાજા મુકાવી તેહની માઝા
પડયાં અન્નજળ તણાં સાંસાં ગરીબી હાલ એવો છે

હતા પાંડવ પુરા પાંચે જરા તાવ્યા ઉની આંચે
થયા દુખી મહા પાંચે ગરીબી હાલ એવો છે.

સતી સીતા મહા શાણી દુઃખી છે તેહની કહાણી
મળ્યાં વનમાં નહિ પાણી ગરીબી હાલ એવો છે.

સબંધી સર્વ છોડી દે પીતા માતા કહાડી દે,
તજે પરણેત પણુ પત્ની ગરીબી હાલ એવો છે

તજે મીત્રો હશે પ્યારા તજે હાજી કેહનારા;
તજે હરદમ જે ખાનારા ગરીબી હાલ એવો છે.

છતા પાસા પડે ઉંધા, ગણે ગંડુ હશે બુધા
ચઢાવે ચોરીના મુદ્દા ગરીબી હાલ એવો છે,
અહી ગુલઝારની આવી દશા કીધી બુરે ભાવી;
અમીરી તે અધીરી થૈ ગરિબી હાલ છે આવી,
પુરા પકવાનને મળતી સુગંધીત જે પીણા પીતિ
સુંકા ટુકડા તણા સાંસા, પ્રભુ શુંએ ખરી રીતી
થતા ઉપવાસ તણા ચારે, મળે દી એક અન્ન ત્યારે;
ટકાવે દેહ એ રીતે, મરણ બહેતર મને ધારે,
રખડતી રાનમાં ફરતિ. ફળે નિર્વાહ તે કરતી;
થઈ બેહાલ તે પોતે સહન દુખો કંઇ કરતી.
સુવાળી સેજ તો ખુંચે સુવે પત્થર પરે તે તો;
સુવાળા વસ્રને સેવે અધના ચીંથરે તે તો
કરેલા કર્મનો બદલે આકાળે આવી મળવાનો
ભલો હો રાજવી રાણો; થશે ભાવી નહિ મીથ્યા.
તો કૌરવ પતી પુરો, પીડાકારી મહા સુરો;
રણે ભાગી ગયો ચુરો, થશે ભાવી નહી મીથ્યા.
હતો રાવણ મહારંગી, બધા દેવો કીધા સંગી;
છતાં રણમાં પડયો જંગી થશે ભાવી નહી મીથ્યા;
હજારો પાપના પુંજે, થશે ભાવી નહિ મીથ્યા;
હજારો પુન્યના પુંજે થશે ભાવી નહિ હીથ્યા,
થઈ બેહાલ ગુલઝારી રખડતી રાનમાં રોજે
દુખોના ડુંગરા દેખે મળે આરામના ખોજે.

વીરા વાંચક હવે ચાલો રખડતી રાનમાં મુકી;
ભલેને ભોગવે દુખો નીતિનો પંથ તે ચુકી.
નટુશા શેઠની આજે ગતી શિ થઇ હશે તેની;
તહાં વાંચક તમે ચાલો ખરી કહાણી સુણો તેની.
સુખી જે ચાંચીયા કેરો અરે હોમ્યો હુતાશનમાં
કરી બહાદુરી એ હામે નટુશાએ ધરી તનમાં,
કીધો છે ખાખ બાળીને ધરીને સુંદરી વેષે,
પછી ત્યાંથી ગયો ચાલી ઉભી સ્ત્રી નર તણા વેષે;
પછી પુછયું નટુશાએ કહો બાળા રહો ક્યાં તો;
જડે રસ્તો અરે જેથી જવું છે આપડે ત્યાં તો
વદી એ સુંદરી સુણી શ્રીપુરે ગામ મારૂ છે.
વણીકની નાતની હુ તો લલીતા નામ મારૂ છે.
નગરના શેઠની તનયા હતી હું લાડકી લાડી;
થઇ આ દશા શી મારી ગઈ ગુજરી હશે માડી.
ધીરજ આપી નટુશાએ અહો બાળા ધરો શાન્તી;
વિપતી ગુજરી આજે અભય છે આપની કાન્તી,
રખડતાં રાનમાં તે તો મજલ પર તે મજલ કરતાં,
જતાં તે તો હતાં ચાલ્યાં નીતિની વાતતે કરતાં
સુખોની પાછળે દુખો દુખોની પાછળે સુખો;
નિરંતર આવતાં ચાલી કૃતિ એ કુદ્રતી એવી,
સવારે જ્યાં પડે છાયા રવિ સાંજે તહાં તપતો,
નિરંતર એ બને એવું કૃતિ એ કુદ્રતિ એવી.

સરે વર્ષા થકી ભરશે વળી ગ્રીષ્મે સુકાશે તે
વળી પાછાં ભરી દેશે કૃતિ એ કુદ્રતી એવી.
ધરે પદવી ઘણી મોટી મળે ના ટુકડો રોટી,
ચલાશે એક દી મોટી મળે ના ટુકડો રોટી,
નટુશા ને લલીતા એ સીમાડે શ્રીપુરે આવ્યાં,
નિહાળી ગામની સીમા અતિ હર્ષાશ્રૂઓ આવ્યાં.
જગાશા શેઠને જઇને ખબર આપી ખરીખાંતે,
હરખથી આવી આવેલાં મળ્યાં પુત્રી પીતા ત્યાં તે.
લલીતાને મળી માતા વળી તેને હવે શાતા,
વીના ખોળે મળી પુત્રી નટુશાના ગુણો ગાતા
પડેલાં દુઃખ તેને જે પીતા માતા પુછે છે તે;
પડેલું દુખ જે તુજને સવિસ્તર એજ તું કહેજે.
લલીતાએ કહ્યું માંટી વીતેલી વાત વર્ણીને
નટુશાનો થયો ભેટો કહિ કૃતાંત કર્ણી તે.
સુણો પિતા અહો મારા, હતી હું આપની પાસે,
જતી હું બાગમાં ફરવા, ખરી સ્વેચ્છા થકી આસે;
હતી હું લાડકી લાડી, મુને ના રોકતું કોઈ.
તમે ઠપકો કદી દેતા ઘડીમાં હું પડું રોઇ,
અરે એ રીતથી રોજે બગીચામાં જતી હું તો,
કદિ સાહેલીઓ સાથે કદી હું એકલી છું તો,
બની અકડેડ બધે ફરતી નહિ દુનીયા તણી પરવા.

કશો વ્યવહાર ન જાણું અમે બસ એકલું ફરવા,
નવીન સાહેલીઓ રોજે મળીને આવતી રમવા;
નવીન કંઈ લાવતિ ખાવા મને તે સાથમાં ગમવા.
હમેશાં આવતી એકજ નીયમીત એકલી ગાવા,
હંમેશાં લાવતી ખાવા હંમેશાં સાથમાં ગાવા,
બીજી સહુ આવતી સાથે અરે પણ એ નહિ રોજે
કદી આવે કદી ના'વે, અરે એ આવતી મોજે
હતી જે આવતી રોજે સહે તે ગોઠડી બાંધી
સજડથી સ્નેહની સાંકળ અરે તે સાથમાં સાધી
અરે એક દીન એ બોલી સખી મારી ઘણા સ્નેહે,
અરે બેની અરે બેની કર્યાં ના પુન્ય આ દેહે,
કર્યાં ના દેવનાં દર્શન કથાઓ ના સુણી કાને,
જીવન આ જાય છે મીથ્યા છુટો આ પાપથી શાને
પછીથી મેં કહ્યું તેને, કરી તેં વાત આ સારી.
કૃપા તું કંઇ કરી આજે બતાવે પુન્યની બારી.
જુવાનીમાં હીન જો આજે પડે સંસ્કાર જો સારા;
પછી વૃદ્ધાઈમાં મારા દીનો જાશે ઘણા સારા.
જુવાની કાલ જાવાની દીવાનિ તો કરૂ શાને;
સખી સાચું વદી તું તો કહેલું મન એ માને.
સખી રસ્તો બતાવે તો અતિ આભાર હું માનું,
સુગમ રસ્તે ચઢાવું તો શખી સાચી ખરી માનું.

સુણીને આ કથન મારૂં સખી તે તો વદી ત્યારે૯
બતાવું આજ હું એની ખરી ઇચ્છા થઈ જ્યારેઃ
ખરેખર ધર્મ એ મારો સુધારૂં આજ જન્મારો;
બીગાડુ હું નહિ તારૂં ભરોસો રાખજે મારો.
અહીંથી માઈલને છેટે વસે કો મહાત્મા મોટા,
ઘણા લોકો તહાં જાતા પધાર્યા મહાત્મા મોટાં,
કરી દર્શન ઘણા લોકો દુખોથી મુક્ત થાયે છે,
સુણીને જ્ઞાનની વાણી મુક્તીને પાપ જાયે છે.
થતી જો હોય ઇચ્છા તો કથા એ સુણવા જઈએ;
બધુંયે પાપ ધોવાયે પુરાં પાવન તહાં થઇએ.
સુણી વાણી નટુશાએ ફરી વચ્ચે વદી ઉઠયો,
લલીતા ના કર્યું સારૂં ખરેખર દીન ત્યાં રૂઠયો.
સ્રીઓને શું કહ્યું શાસ્ત્રે જરા વાંચી વિચાર્યું ના,
સ્રીઓના ધર્મ શા શા છે જરાએ કાંઈ ધાર્યું ના.
પતી ગૃહ એજ મંદીરને બીજા ખાલી બધાં ખાખાં,
ખરેખર માનવું એવું સ્રીઓનો ધર્મ એ તો છે.
પતી જે એકલો પોતે ખરેખર દેવ નારીનો,
નિરંતર જાણવું એવું સ્રીઓનો ધર્મ એ તો છે.
પછી દેવો બીજા નાના પીતા માતા સાસુ સસરો,
કરો સેવા ખરી ખાંતે સ્રીઓનો ધર્મ એ તો છે.
પતિ મુખનાં બધાં વચનો ગણે હરિ મુખની ગાથા,

બીજી વાણી તણી બાધા સ્રીઓનો ધર્મ એ તો છે.
મુકી જે મંદીરે મુર્તિ સ્રીઓનો પત્થરો એ તો,
લખ્યું એ શાસ્રમાં છે તો સ્રીઓને ધર્મ એ તો છે.
અવર સાધુ અને સંતો બધાએ પુતળા જેવા,
સ્રીઓને માનીને લેવા સ્રીઓનો ધર્મ એ તો છે.
અહા કળીયુગમાં આજે ખરા સાધુ છતાં કયાં છે,
મુનિન્દ્રોનાં હતા યુગો વસ્યા લંપટ બધાએ ત્યાં,
દશા ભારત તણી બુરી બનાવી એજ બેઠા છે.
ભમાવી ભોળી દુનીયાને ડુબાવી એજ બેઠા છે.
વીરાંગી એ ખરા રાગી અરે બેરાગી બાવાઓ,
જવાના નર્કમાં એ તો અધુંન યોગીઓ એવા.
કરી લાંબી જટાઓને થઈ મસ્તાન તે ફરતા,
કશું કલ્યાણ ના કરતા અધુના યોગીઓ એવા.
દમન કાયા તણું કરતા અધુના યોગીયો એવા
ઘટે શું એમને એવું અધુના યોગીઓ એવા.
અરે શું શુળો પર સુતા ઉંધા શીરે ઉંધા પડતા
બધું એ દ્રવ્યના કાજે અધુના યોગીઓ એવા,
તળાવે જ્યાં સ્ત્રીઓ ધોતી તહાં યોગી જતા નાવા
પડે લંગોટ છોડીને અધુના યોગીઓ એવા.
ગણાયે બાળ બ્રહ્મચારી છતાં બે રામકી રાખે,
ભમાવા તે બન્યા ખાખી અધુના યોગીઓ એવા.

દવા વંધ્યા ગુટીકાની, કરે કો વીર્ય વર્ધકની;
કરે વશીકર્ણના દોરા, અધુના યોગીઓ એવા.
અરે એ ભ્રષ્ટ યોગીની જરૂરીઆતો કહો શી છે,
નહિ યોગી ખરા ભોગી અધુના યોગીઓ એવા

થયા માબાપના ખોટા તજી સુત નાર લંગોટા,
પ્રભુથી પણ રહ્યા છેટા અધુના યોગીઓ એવા.
લલીતા છે બધુ આવું છતાં ના કેમ જાણ્યું તેં,
લલીતા તે વદી વળતી બધુ જાણ્યું હવેથી મેં.

નટુશાની કુશળ બુદ્ધિ જગાશાએ બધી જાણી,
ખુશી તે પર થયા ઝાઝું વદ્યા તે તો પછી વાણી
લલીતા તે પછી શું શું થયું તે તો કહે આજે
સવિસ્તર વર્ણવી પુત્રી કહે તે તો બધુ આજે.

સુણો પિતા અરે મારી ગયાં યોગી તણી પાસે
હતી સાથે સખી મારી ગયાં ત્યાં જ્ઞાનની આસે,
હતું એ સ્થાન તો મેલે જહાં યોગી તપે તાપે
તહાં ધારી લીધુ મેં તો છુરિ નકકી કરે પાપે.

પ્રણામો જઇ કર્યા મેં તો વળી સાનીધ્યમાં બેઠી,
અવર ચિંતા બધી ત્યાગી ખરે શાંતિ બધે દીઠી
નિરખતા ના જરા અમને ખરા ધ્યાનસ્થ યોગી છે
હતાં નેત્રો બધાં ઢાંકયાં મહાત્મા એજ યોગી છે

ઘડી બેઠાં અમે ત્યાં તો ખુલ્યાં ચક્ષુ પછી ત્યારે;
કર્યાં કંઈ ક્રોધનાં ચીન્હો નીહાળ્યાં છે અમે જ્યારે.
વધા તે ક્રોધથી વાણી અહો સ્ત્રીઓ તમે ક્યાથી
કર્યું તપ ભંગ તેં મારૂ તમે આવ્યાં અરે ક્યાંથી.

સીખાવી આંહીથી જાવો નહિ જોઇએ અહિં નારી,
ન હ વસ્તી અમો પ્યારી અમો જંગલ તણા ચારી.
કર્યું કુંદન અને કાંતા બધુએ ત્યાગ પહેલેથી,
હવે અહલખ જગાવાને વસ્યા વનમાંહી મહેલેથી.

સુણી યોગી વચન એવાં વદી હું નમ્ર વાણીથી;
પ્રભુજી ના વદો આવું વદી હું નમ્ર વાણીથી.
અમો સંસારના રાગી તમો સાચાજ વીરાગી,
બધી માયા તમે ત્યાગી અમે માયા લીધી માગી

તમે સંસાર છોડયો છે પ્રભુનો પ્રેમ પીવાને;
અમે રસબસ થયાં તેમાં મદિરા દુખ પીવાને.
હવે તારો પ્રભુ તારો ઉગારો આજ આરેથી,
હઠાવો પાપના બાધો અમે આવ્યાં વીચારેથી.

અમોને જ્ઞાન આપોને અમોને શિષ્ય સ્થાપોને,
હઠાવો સર્વ પાપોને અમારાં કષ્ટ કાપોને.
સુણી આ નમ્ર વાણીને પીગળતુ મન યોગીનું;
વધાં સ્મીત હાસ્યથી યોગી દયાળુ દિલ યોગીનું.

અહો બાળા તમારી છે અરે ઈચ્છા જહાં એવી,
હમેશાં આવજો આંહી કથા કંઇ જ્ઞાનની કહેવી.
અમો ત્યાંથી પછી ઉઠ્યાં રજા યોગી તણી લઇને
બીજે દીને જવા ત્યાં તો કર્યો છે વાયદો કહીને

અમે એ રીતથી ત્યાંતો બીજે દીને ગયાં પ્રીતે
હતા મહારાજ ત્યાં બેઠા ધરીને ધ્યાન તે ચિતે
નમીને તેમને ભાવે અમે સાનીધ્યમાં બેઠાં,
નિહાળી યોગીની કાંતિ અતિ ડરમાં અમે બેઠાં.

હતા યોગી રૂપે કાળ, ભીષણ સુરતી થઇ આજે
નતુ ત્યાં ધ્યાન કે ધુણી વળી માંળા હતી પાસે
ભુકાની બાંધીને ઉભો કસીને છે કમર બાંધી;
ઉભો વિક્રાળ જેવો તે વીકારી સુરતા સાંધી

અમે ભયભીત ત્યાં થતાં થથરતું અંગ છે સરવે,
ડરેથી હાથ જોડીને વદી હું ત્યાં વળી હળવે.
પ્રભુ શુ આમ છો આજે કર્યો છે વેશ આ કેવો
કહો કારણુ કહો આનુ વિકારી વેશ આ કેવો

કપટ યોગી વદ્યો વાણી વિચારી બોલજે બાળા;
નહિ યોગી ખરો ભોગી સુણી લે શબ્દ તું મારા.
કપટ બાજી બધી આજે બીછાવી તાહરા માટે;
મુને તારો ગણી લેજે મરૂ હું તાહરા માટે,

સુણી યોગી તણી વાણી અવાચક હું થઇ ત્યાં તો
ઉઠાવી મુજને લીધી, થઈ બેભાન હું ત્યાં તો.
ગઇ રાત્રી વીતિ મારી પુરી બેભાન સ્થિતીમાં;
સવારે હું નીહાળુ છું, નજર મારી શું ભાળું છું

નહિ આશ્રમ યોગીનો, નહિં એ ગામના રસ્તા,
મહા દુખે પડ્યા આવી, થયો છે દેહ આ સસ્તો
મુને જ્યાં રાખી મુકીતી, હતુ એ ભાંયરૂ ભારે
ચણેલી કોટડી તેમાં, રહેવુ તેહમાં મારે

નરાધમ આવતો રોજે, વળી ધમકાવતો મુને,
લગનની માગણી કરતો, વળી બીવરાવતો મુને
હતી હિંમત મને આવી, નવું કૌવત મને આવ્યુ
અતિ આવેશમાં હું તો વદુ ધારી મને ફાવ્યું,

અતિ એ રીસથી બળતો ન ખાવા રોજ આપે તે
ફસાણી હું પુરા ફંદે અકકરમી હાથ પાપે તે.
કંઈ દીનો વિત્યા એવા, નરાધમ ના કરે મુકતી
હજારો લાવતા એવા, કરી નરનારીને જુકિત

કંઈનાં ખુન તે કરતો કંઇને છોડી તે દેતો;
નથી કોઈ થકી ડરતો, લુંટી સરવે અરે લેતો
હશે કીસ્મત મહા બળીયુ, પ્રભુની મહેર પણ સારી;
અણીએ આવી ઉગારી નદુશાની એ બલીહારી.

નરાધમને કરી યુક્તી નટુશાને કીધો પુરો,
સ્વધામે સેજ પહોંચાડયો ખરે બદલો મળે બુરો.
અમે બંને છુપી રીતે છુટયાં નાસી અરે ત્યાંથી
અધુના આવીયા આંહી છુટયા નાસી અરે ત્યાંથી

પીતાએ કર્મની કથની કહેતા જાઉં છું કંપી
નહી સ્વેચ્છા થકી ફરવું હવેથી હું ગઇ ઝંપી
પીતાજી જીવતી આવી નટુશા એ પરતાપે.
પડયાં છે એ મને દુખો અરે પરભવ તણા પાપે

દુખી છે કર્મની કહાણી નટુશાની અરે એવી
જીવન છે એમનું દુખી ગતી મારા અરે જેવી
જગાશાએ પછી પુછી નટુશાની પુરી કહાણી
જીગર જવાળા બળી તેથી રડયા તે અશ્રુ આણીને

લહે છે ત્યાં જગાશા તો નટુશા આપને કહું છું
ગુમાસ્તી અહિં કરો મારી ખરેખર સત્ય એ કહું છું
રસોડે આપણે ખાવું પછી દુકાનમાં જાવું;
ધરી ધીરજ ધરી ધંધો પ્રમાણીક આપણે થાવું.

નટુશા ઇચ્છતો એવું હતી માઠી દશા જેથી.
ગયું ઘર ને ગઇ નારી નટુશા તો રહ્યો તેથી,
પ્રમાણીકતા ધરી અંતર બધાંએ કાર્ય તો કરતો,
વિકટ વખતે ધરી શાંતિ નીતિને પંથ સંચરતો.

નટુશાની દશા હાવે બધી પલટાઇ છે આજે;
છતાં પાસા પડે સવે કદી ઉંધા છતા નાખે.
કમાણી પણ વધી પુરી; ત્રીજોરી તળવળી રહે છે.
જગાશા ના કંઈ કહેતા, હુકમમાં શેઠ પણ રહે છે.

ખબરદારી બધી નીરખી, નટુશાની જગાશાએ;
મુનિમ મોટો બનાવ્યો છે, અરે એ હિર્ષ આશાએ.
લલિતા શેઠની પુત્રી તણું અહિંઆં થતું શું છે;
થઇ તે સોળ વર્ષોની, ખીલ્યું યોવન તેનું છે.

ફકત સંતાનમાં એકજ, ખરેખર એકલી પુત્રી,
હતો નહિ પુત્ર તો એકે, નહી પીત્રાઈ કે ગોત્રી,
હતો લક્ષાપતી પોતે જગાશા શેઠીઓ પુરો,
થતી વારસ હતી પુત્રી, હતો એ હક વળી પુરો.

અરે એ શેઠને હાવે થતી ચિંતા ઘણી અંતર,
થઇ પુત્રી તણી ઉંમર, ખટકતું મનની અંદર.
લગન પુત્રી તણું કરવા. તલપતું શેઠનું અંતર.
હવે ના બેસી રહેવાએ, પુરી થઇ પુત્રી ઉંમર.

મુરતિઓ જો મળે સારો, લગન પુત્રી તણું કરવું,
બધે ખોળી બહુ થાકયો હવે શું હાયરે કરવું.
હતા એ શેઠ વિચારે લલીતા આંહી શું ધારે,
મદન મુને અતી મારે ચઢાવે જીવ ઉકાળે.

રસીક વર તે મળે મુજને, કૃપા કીરતારની હોવે;
બધે ખોળી હવે થાકયા, પીતાને ના જડયો કોઈ.
હતું અંતર લલીતાનું, નટુશા તર્ફ તો ઢળતું,
બચાવી તે હતી જ્યારે, થયું તે દીનથી મળતું,

ન કોઇ શર્મ ત્યાગીને, હજુયે વાત ના લીધી,
અતી લજ્યા તણી કહાયે, દબાવી ઉર્મીઓ દીધી.
નટુશા પણ હતો રૂડો, સુકોમળ અંગ તેનું છે,
હતો મુંબઈ તણો વાસી, સુકોમળ અંગ તેનું છે,

કંઇ દીનથી લલીતાને ઉંડા આવેશ આવે છે.
મદન મારે અરે તેને, નિશાએ તે સતાવે છે.
અરે એ ઇચ્છતી પોતે, નટુશાને અતિ પ્રીતે;
ખરેખર આજ આવ્યો છે, ભરેલો ભાવ તે ચિત્તે

અચાનક એ સમે આવ્યો, નટુશા કંઈક તે કામે.
લલીતાને ગમ્યું એ તો, અતિ આતુર છે કામે.
લલીતાને અરે હોલે, નટુશા આવીયો જ્યાંહી,
તજી લજ્જા ખરે પોતે, લલીતા તો વદી ત્યાંહી.

અહોહો શેઠીઆ સારા, તમોને ઇચ્છતી હું તો,
ખરા જીગર થકી ચાહી, નીરખતી વાત તો હું તો.
પીતા માતા બધે ખોળે, મુરતીઓ માહરા માટે,
ચહું છું આપને હું તો, કીધા મેં શીરને સાટે.

ન જાણે બાપ મારા એ પધાર્યા ઘેર ગંગા તો
કહો શું સ્નાન ના કરવું પધાર્યાં ઘેર ગંગા તો.
તીલક લક્ષ્મી કરે આવી કહો ધીક્કારવી તેને,
જવું લેલાટ ધોવાને ગમે એ તે કહો કે જે !

સ્વીકારો વાત આ મારી નટુશા દીલમાં ધારી,
ઉગારી છે તમે તારી દિધી ત્યાં દેહ આ મારી
નટુશા વાણી શુણીને વદયો શાંતિ ધરી ચિત્તે,
વદો આ શું તમો બાળા વદો ના ધર્મની રીતે

વીવાહીક કર્મ ના તમથી કદાપી કામ તો થાએ;
કરો જો ધારીને મનનું ઈજ્જત માબાપની જાએ.
હું તો નિર્માલ્ય હાલતમાં તમો છો શેઠની બાળા
તમારા ને અમારા ના મળે સંજોગ તો સારા.

ભરેલા ભાગ્યનો પુરો હશે સરજયો પુરે કોઇ
તમારી માટ એ નરને પીતાજી લાવશે જોઇ
કદાપી કાગની કોટે હીરો ટગાય તોયે શું ?
ન શોભે એ નકી જાણે દીઠું છે એહ કોયે શું ?

ગુલાબી ફુલના ઢગલા વિષે નાખ્યા હશે લ્હાળા
કદી શોભે નહી એવું વિચારીને વદો બાળા.
લલીતા તે સુણી બોલી વિચારી હું વદી છું તો,
તમે મારા હવે છોતો તમોને હું વરી છું તો.

રજા પિતા તણી માગુ તમારી પણ અરે માગુ
તમારા વિણુ આ જગમાં નરો બીજા બધા ત્યાગુ
અચાનક એ સમે ત્યાં તો પરીચીત શબ્દો છે
લલીતા ઓ લલીતા ઓ કહીને સાદ પાડયો છે

હતી માતા લલીતાની નીરખતી તે હતી દુરે
અનીતી આ બધી જોઇ કર્યો તે સાદ રહી દુરે
લલીતા ત્યાં ગઈ દોડી અહો માતા કહો શું છે,
નહી બેટા કશું યે છે હજુ ગાંડી રહી તુ છે.

પિતા તુજ લગનને માટે બધી તૈયારીઓ કરતા
મુરતીઓ ના મળે રૂડા અતી ચિન્તા ચીતે ધરતા
સબુરી રાખજે બેની અમારો ધર્મ સાચવજે,
સહુ વાનાં થશે સારાં પ્રભુ એ જોગ મેળવશે,

લલીતા સાંભળી બોલી અહો માતા બધુ સમજુ,
નહિ કુળ ધર્મને ત્યાગુ અહો માતા બધુ સમજુ.
પિતા મુજ ખોળતા ફરતા મુરતીઓ જગતમાં જોતા
મુને ના તે કંઈ કહેતા સલાહ મારી નથી લેતા,

નથી આશા મને માડી પરણુવાની લગારે તો,
ભલે પીતા મરે ખોળી નકામો એ હમારે તો.
ભલી પુત્રી થઇ ભોળી અમસ્તી આમ શુ બોલે
તુંને પરણાવવા અમને અનુપમ લ્હાવ અણુતોલે,

રૂડો વર લાવશુ શોધી કરીને ધામ ધુમેથી,
તુંને પરણાવહું એની પુરાએ કોડ અમ જેથી.
કહો તુ કેમ એ બોલી પરણવું ના ગમે શાથી.
ખરી જે હોય તે બીના છુપાવી રાખતી શાને

લલીતા ત્યાં વદી વળતી સુણો માતા કહું ત્યારે;
કહું અંતર બધું ખોલી સુણો માતા પુછયું જ્યારે.
પકાવ્યો પાક ખેતરમાં જીવન સાટે વળી રક્ષી,
દીસે ઉદારતા રાખી કહો ના કેમ દો બક્ષી.

કરી મંથન પ્રભુ એ તો નિધિનું લક્ષ્મી અવતારી
ગ્રહી પોતે લીધી તેજે બીજાને કેમ ના આપી.
અહો માતા રીતે એતે એવી સ્થિતિ મારી થઈ આજે;
વદું શું હું વધું મુખથી અટકતી જીભડી લાજે

સુણી માતા લલીતાની વદી આ બેન ના સમજી,
ખુલાસો કરે હવે પુરો વદી આ બેન ના સમજી
લલીતા ત્યાગીને લજ્જા કહે માતા સુણો તો તો
અત્યારે હોત હું સ્વર્ગે નહુશા હોત ના તો તો

બચાવી છે મુને તેણે અરેરે જીવના સાટે
અરે એ દાનનો બદલો વળે કેવી રીતે માટે
કરી મેં જીંદગી તેને હશે અરપણ બધી તેણે
થઈ હું તેહની નારી સુખી હું તો કરૂ તેને

ન પરણું કોઈ બીજાને, અવર છે ભ્રાતના જેવા.
નટુશા એક છે પોતે, ખરેખર એ પતિ હેવા.
વિચારી માત એ માટે, કરો મુજ લગ્ન એ સાથે,
વળી છે કોમ આપણુની, કરો મુજ લગ્ન એ માટે

સુણી શેઠાણીએ વાણી વીગત જઇ શેઠને કીધી,
હતી પણ શેઠને મરજી, સુણી એ વાતને લીધી.
ખુશીથી એક મળી છે, લલીતાની બધી વાતો,
નટુશાને લીધું પુછી, કરી નકી બધી વાતો.

કર્યો વિવાહ ત્યાં નકી લલીતા લગ્ન કરવાને,
કર્યો અવસર અતી મોટો લલીતા લગ્ન કરવાને,
લલીતા ને નટુશા એ, લગ્નથી તેહ જોડાયાં,
ખરા જીગર થકી રહેતાં, અરે એ સ્નેહ જોડાયાં

અતિ ઉમંગથી હાવે, નટુશા કામ તો કરતો,
રળી લાવી ઘણો પૈસો, ત્રિજોરી માંહિ તે ભરતો,
જગાશા શેઠનું હાવે ઠર્યું અંતર બધું જોઈ,
અવસ્થા પણ થઇ પુરી, નથી વારસ પછી કોઈ.

દત્તક લેવા તણી ઇચ્છા જગાશા શેઠને થઈ છે,
જમાઇ જે નટુશા છે, નજર તે પર અરે ગઈ છે.
વીચારો એ થતાં પુરા, દત્તક લીધો નટુશાને,
બધોએ વારસો દીધો, દત્તક લેઈ નટુશાને.

શીલક સોંપી ત્રિજોરીની, બતાવી ગુપ્ત બાબતો
વણુજ વેપારને બીજી કરી વહેવારની વાતો;
નટુશા પણુ હવે પુરો, બધો બોજો ઉપાડે છે,
ગુમાસ્તા નોકરે સઉની, ખુબીથી ખોડ કાઢે છે.

અરે કીસ્મત અરે કિસ્મત, અહાહા તું જતું દોરી;
ઘડીમાં રાજવી સ્થાપે, ઘડીમાં અન્નની ચોરી.
અરે કીસ્મત અરે કીસ્મત, ન કોઈ તુજને જાણે;
કદી હારી જીતાવે તું, જીતેલી હારમાં તાણે.

ખરો સિદ્ધાંત એ બાંધ્યે બુરે અંજામ છે બુરૂ,
ખરે અંજામ છે સારૂ, કરે એ કીસ્મતે પુરૂ,
ગયો વેપારને અર્થે, નટુશા બહાર પરદેશે,
સુરત બંદર મહી આવ્યો, નગર એ શેઠના વેશે.

હતા નોકર અને ચાકર, ગુમાસ્તા સાથમાં ફરતા,
હતી વિકટોરીઆ ગાડી, બજારે તેહમાં ફરતા.
જતા એક દિન તે પાળા, ભીખારણુ છે મળી સામે,
ઉભી રસ્તા વચ્ચે આડી, અરે એ શેઠની સામી.

વદી તે આર્ત વાણીથી, અરે ઓ શેઠીઆ રૂડા,
મુને એક દોઢીયું આપો અરેરે હાલ છે ભુંડા.
ભુખી દિન ચારની હું તો નસીબે આકરી હાલત,
મુને એક દોઢીયું આપો બગાડી મેં અરે દાનત.

થયા આ હાલ છે મારા ગયુ કીસ્મત મને દોરી,
હવે ના દુઃખમા જીવું મરૂ હું વિષને ઘોળી.

દશા આવી થઇ મારી, અરે એ કર્મ કુડાંએ,
હતી હું વૈભવે પુરી, ગયું એ કર્મ ભુંડાએ.

નહુશા સાંભળી વાણી ઉભો કંઈ ભેદ જાણીને
અરે નારી કહે તારી, બધીએ વાતને વરણી.

દશા તુ કેમ આ પામી રખડતી કેમ આ હાલે,
દરદ તારૂં મીટાવું હું પુરી જો બાતમી આલે.

ભીખારણ તે વદી સુણી સુણોને શેઠીઆ સારા,
હવે મરવું મને વહાલુ કહું છું હાલ આ મારા

સ્રા'

(ગાયન)

(રાગ શુ કહું કથનિ મારી)

કહું શું કરમનિ કહાણી આજ કહું શું કરમની કહાણી
મમજીવન આ ધુળધાણી આજ કહું શું કરમની કહાણી,

મુબઇ નગરી વાસ અમારો દંપતિ દીન ગુજારે
ફસી ફેસનના ખોટા ફંદે હું તો ચઢી ગઇ ચાળે આજ

નાથ નકુશા નટવર નામે મીથ્યા મતી કરિ માઠી
ઘાત કર્યો મેં ત્યાગી ઘરને લંપટ સંગે નાઠી. આજ

મોજે મેં માણી મહેલ મહેલાતે ગાડી ઘોડા દોડાવ્યાં
બની મડમ હું સાહેબ રાણી પાણી ભલાનાં ઉતાર્યાં આજ

આફત વેઠી કંઇક ઇસ્કમાં કંઇકના કાશળ કાઢયાં,
યાર છબીલો સંગ ન છોડયો સુખનાં છત્તર ઢાળ્યાં આજ

નાથ નગીનો સ્વપ્ને ન આવે યારમાં તાર મીલાવ્યો,
હેશા રટણ હું કરતી મોજે યાર થયો અભાવ્યો આજ

મોડી દુકાનો વેશ્યાગૃહની લાલચે કંઇ નર પાડયા;
સતિ સ્રીઓના સત ચુકાવ્યા યારને માર પડાવ્યા આજ

પાપ તણો કુંભ પુણ્ થયો મુજ પ્રભુએ બદલો આપ્યો
દગો થયો મુજ દેહ પરે હા પુરણ મળીયાં પાપો આજ

કંઠ રૂંધાઈ આજ ગયો છે નાસીકા છેદન થયું છે,
તે દીનની આ હાલત મારી રૂપ અકાળે થયું છે આજ

ભીક્ષા માગુ ઘરઘર ભટકી કોઈ ન પાત્રમાં આપે;
નાક કટી કહી જગમાં મુજને સહુ જનો સંતાપે આજ

અચાનક બોલતાં અટકી ભીખારણ શબ્દ એ છેલ્લા,
પડી ભુમી ઢળી તે તો સહે છે શેઠ ઉભેલા

લીધી પડતી અરે ઝીલી નદુશાએ અરે હાથે
અહો તું પ્રેમદા મારી થએલું લગન મુજ સાથે

ભીખારણ સાંભળી શબ્દો અહો વાલા અહિં ક્યાંથી
સ્વીકારો જો મલ્યા તો તો ઉગારો દુખ આમાંથી

નદુશા તે સુણી બોલ્યા હવે વટલાઈ છું તું તો,
હવે ના સ્વીકારૂં હું તો ફરી પરણ્યો હવે હું તો.

સુખી છે જીંદગી મારી તુને હું સાથમાં લેઉં,
ભરણ પોષણ કરૂં ભાવે તુને અનદાન હું દેઉં,

[illegible] ઠર ભજન ભાવે તજીને મોહ સંસારે,
અનુભવ તાહરા ગાઈ જનોને કાંઈ સુધારે.

થઇ શેઠાણીને મરજી નદુશા સાથ જાવાને,
થઇ મરજી તજી દુનીઆ વીરાંગી આજ થાવાને.

ગઈ તે શેઠની સાથે જીવન શાંતિ ભરે ગાળ્યું;
ફરી દુનીઆ તણી સેવા વચન એ શેઠનું પાળ્યું.
અરે ઓ પાઠકો મારા કથા આ સ્ટોપ થાયે છે,
બુરાનું તો બુરૂ થાએ ભલાનું સારૂ થાએ છે.
કહે કઠલાલ કર એવું સજન હયો સારને ગ્રાહી;
અવર જનને સુંપી દીધું બુંડાઈ ભાગનો ગ્રાહી.

સમાપ્ત.

એમ. વાડીલાલની કં. અમદાવાદ.